પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329
arham publications RAJKOT
RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY
# અબતક
સાંધ્ય દૈનિક
મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા
શહેર આવૃત્તિ પાનાઃ ૧૪
તા. ૧૦-૨-૨૦૨૬, મંગળવાર
વર્ષઃ ૧૪, અંકઃ ૨૮૪
Price Rs.:4 ABATAK-RAJKOT ☎ 0281-2461234, 2460999 ✆ 94266 72303 ✉ abataknews@gmail.com @abtakmedia

**સુવિચાર**

જે સ્વાદ ઉપર સંયમ રાખી શકે એનું સ્વાસ્થ્ય સારું અને જે શબ્દ ઉપર સંયમ રાખી શકે તેના સંબંધ સારા.

**કોમ્યુનિટી હોલના બુકીંગ હવે ૬ મહિના અગાઉ કરાવી શકાશે**

(વાંચો છેલ્લા પાને)

### ચૂંટણી વર્ષમાં કોર્પોરેશનના ભાજપના શાસકો દ્વારા

# ૯૫ કરોડનો કરબોજ ફગાવાયોઃ નવી ૨૩ યોજનાઓ જાહેર

## મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરાએ રજૂ કરેલા વર્ષ-૨૦૨૬/૨૦૨૭ના રૂ.૩૫૯૫.૭૦ કરોડના ડ્રાફ્ટ બજેટમાં રૂ.૯.૨૦ કરોડનો વધારો કરી રૂ.૩૬૦૪.૯૦ કરોડનું અંદાજપત્ર મંજૂર કરતી સ્ટેન્ડિંગ કમિટી



**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગર પાલિકાનું વર્ષ-૨૦૨૬/૨૦૨૭ના રૂ.૩૫૯૫.૭૦ કરોડનું ડ્રાફ્ટ બજેટ મ્યુનિ. કમિશનર તુષાર સુમેરા દ્વારા ગત સપ્તાહે સ્ટેન્ડિંગ કમિટી સમક્ષ દરખાસ્ત સ્વરૂપે રજૂ કરવામાં આવ્યું હતું. જેમાં પાણીવેરા અને ડોર ટુ ડોર ગાર્બેજ કલેક્શન ચાર્જમાં વધારો સૂચવી શહેરીજનો પર ૯૫ કરોડનો કરબોજ લાદવાની દરખાસ્ત કરવામાં આવી હતી. કોર્પોરેશનની ચૂંટણી નજીક આવી રહી હોય ભાજપના શાસકોએ શહેરીજનો પર નવો એકપણ રૂપિયાનો


14 Dt. 4-2-2026, Wednesday ABATAK EVENING - RAJKOT અબતક

**શાસકો એકપણ રૂપિયાનો કરબોજ નહી સ્વીકારે તેની ગેરેન્ટીઃ વ્યાજમાફી યોજના પણ આવશે**

**ચૂંટણીના આડે માત્ર ત્રણ મહિનાનો સમય બાકી હોય મ્યુનિ.કમિશનરે ડ્રાફ્ટ બજેટમાં સૂચવેલો ૯૫ કરોડનો કરબોજ એક ઝાટકે ફગાવી દેવાશેઃ અનેક યોજનાઓનો ઉમેરો કરી સ્ટેન્ડિંગ કમિટી આવતા સપ્તાહે બજેટને આપશે બહાલી**

**પ્રામાણિક કરદાતાઓને વેરામાં વળતર અપાશેઃ ડિજિટલ પેમેન્ટ કરનારને વધુ એક ૧% ડિસ્કાઉન્ટ મળશે**

## ‘અબતક’નો અહેવાલ અક્ષરસઃ સચોટ

મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરાએ ગત ૪-ફેબ્રુઆરીના રોજ જ્યારે સ્ટેન્ડિંગ કમિટી સમક્ષ વર્ષ-૨૦૨૬/૨૦૨૭નું રૂ.૩૫૯૫.૭૦ કરોડનું ડ્રાફ્ટ બજેટ રજૂ કર્યું અને તેમા પાણીવેરા અને ડોર ટુ ડોર ગાર્બેજ કલેક્શન ચાર્જમાં વધારો કરી રૂ.૯૫ કરોડનો કરબોજ ઝીંકવાની દરખાસ્ત કરી ત્યારે જ ‘અબતક’ દૈનિકે એવી સચોટ આગાહી કરી દીધી હતી કે ચૂંટણી વર્ષમાં ભાજપના શાસકો દ્વારા એકપણ રૂપિયાનો કરબોજ સ્વીકારવામાં આવશે નહિં. આટલું જ નહિં બાકીદારો માટે વ્યાજમાફી યોજના પણ લાવવામાં આવશે. આજે સ્ટેન્ડિંગે મંજૂર કરેલા અંદાજપત્રમાં કરબોજની દરખાસ્તને ફગાવી દેવામાં આવી છે. જ્યારે બાકીવેરા પર ચડત વ્યાજમાં વ્યાજમાફીની યોજના પણ લાવવામાં આવી છે. ‘અબતક’નો અહેવાલ અક્ષરસઃ સચોટ સાબિત થયો છે.

કરબોજ મંજૂર કર્યો નથી. ૯૫ કરોડનો કરબોજ ફગાવી દેવામાં આવ્યો છે. સાથોસાથ બજેટના કદમાં રૂ.૯.૨૦ કરોડના વધારા સાથે આજે સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન જયમીનભાઈ ઠાકર દ્વારા રૂ.૩૬૦૪.૯૦ કરોડના અંદાજપત્રને બહાલી આપવામાં આવી છે. બજેટમાં ૪૭.૦૫ કરોડની નવી ૨૩ યોજનાનો ઉમેરો કરવામાં આવ્યો છે. આ ઉપરાંત ચડત મિલકત અને પાણીવેરામાં વ્યાજમાફી યોજના પણ જાહેર કરવામાં આવી છે.

સ્ટેન્ડિંગ કમિટી દ્વારા મંજૂર કરવામાં આવેલા વર્ષ-૨૦૨૬/૨૦૨૭ના રૂ.૩૬૦૪.૯૦ કરોડ બાદ પત્રકાર પરિષદને સંબોધતા સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન જયમીનભાઈ ઠાકરે જણાવ્યું હતું કે મહાપાલિકામાં નવી ચૂંટાયેલી પાંખે ૧૨ માર્ચ, ૨૦૨૧ના રોજ સત્તા સંભાળી હતી. ત્યારબાદ આજ સુધીમાં છઠ્ઠી વખત ભાજપના શાસકોને કોર્પોરેશનના આર્થિક લેખા-જોખા રજૂ કરવાનો અવસર મળ્યો છે. રાજકીય ઈચ્છાશક્તિ અને સૌનો સાથ મળે ત્યારે કેવા વિકાસલક્ષી પરિણામો મળે તેનું સર્વશ્રેષ્ઠ ઉદાહરણ આપણું રંગીલું રાજકોટ છે. ‘જહાં ચાહ હૈ વહાં રાહ હૈ’ તેમ શહેર વિકાસ પથ પર સતત આગળ વધતું રહે તેના માટે સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. વિશ્વના સૌથી ઝડપી વિકાસ પામી રહેલા શહેરોમાં રાજકોટ સ્થાન ધરાવે છે. ત્યારે લોકોને સુખાકારીમાં સતત વધારો થાય તેને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. શહેરનો વ્યાપ અને વસતી સતત વધી રહી છે ત્યારે લોકોને તમામ પ્રકારની સુવિધા પૂરી પાડવામાં મહાપાલિકા મહદંઅંશે સફળ રહ્યું છે.

(અનુ. આઠમા પાને)

## રાજકોટની વિકાસગાથામાં અવનવા પ્રકરણો આલેખવા, નાગરિકોમાં રાજકોટ પ્રત્યે ગૌરવ અને સન્માનની લાગણી પ્રબળ બનાવવાના આશય સાથે અંદાજપત્ર મંજૂર કરાયું છેઃ સ્ટે.ચેરમેન જયમીન ઠાકર

# બાકી વેરા પર ચડત રૂ.૧૦,૦૦૦ સુધીનું વ્યાજ માફઃ કાલથી યોજનાનો આરંભ


તસવીરઃ શૈલેષ વાડોલીયા

## સ્ટેન્ડિંગ કમિટી દ્વારા બજેટમાં વ્યાજમાફી યોજનાની કરાય જાહેરાતઃ ૩૧ માર્ચ સુધી બાકીદારોનું પાણીવેરા પરનું રૂ.૫૦૦૦ અને મિલકત વેરા પરનું રૂ.૫૦૦૦ સુધીનું વ્યાજ કરાશે માફઃ વધારાની ૨૫ કરોડ રૂપિયાની આવક થવાનો અંદાજ

**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકાના નવા નાણાકીય વર્ષના અંદાજપત્રમાં સ્ટેન્ડિંગ કમિટી દ્વારા બાકીવેરા પર ચડત વ્યાજમાં ૧૦,૦૦૦ સુધીના વ્યાજમાફી યોજનાની જાહેરાત કરવામાં આવી છે. આ યોજનાનો આવતીકાલથી જ આરંભ થઈ જશે અને ૩૧મી માર્ચ સુધી વ્યાજમાફ કરવામાં આવશે. ખરેખર જે બાકીદારો આર્થિક તંગીના કારણે વેરો ભરી શક્યા નથી તેઓને લાભ આપવા માટે આ યોજના જાહેર કરાય છે. યોજના અંતર્ગત ૫૦ દિવસમાં કોર્પોરેશનને વધારાની ૨૫ કરોડ રૂપિયા સુધીની આવક થવાનો અંદાજ છે.

આ અંગે વધુ માહિતી આપતા ચેરમેન જયમીન ઠાકરે જણાવ્યું હતું કે કોર્પોરેશન વિસ્તારમાં મિલકતધારકોએ ભરવાના બાકી રહેલા ટેક્સમાં ચડત વ્યાજમાં રાહત આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જેમાં રહેણાંક અને બિન રહેણાંક હેતુની મિલકતમાં સામાન્ય કરના ચડત વ્યાજપર ૫૦૦૦ સુધીની રકમનું વ્યાજ માફ કરવામાં આવશે. જ્યારે પાણીવેરાની બાકી રકમ પર



પણ ચડત વ્યાજમાં ૫૦૦૦ સુધીનું વ્યાજ માફ કરાશે. ટૂંકમાં ૧૦,૦૦૦ સુધીનું વ્યાજ માફ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ યોજનાનો લાભ વધુ લોકો લઈ શકે તે માટે આવતીકાલથી યોજના શરૂ થઈ જશે અને આગામી ૩૧ ઓગસ્ટ સુધી યોજના અમલમાં રહેશે. વ્યાજમાફી યોજના અંતર્ગત કોર્પોરેશનને ૫૦ દિવસમાં વધારાની ૨૫ કરોડની આવક થવાનો અંદાજ છે. દોઢ લાખથી વધુ આસામીઓ એવા છે કે જેઓ પાસે બાકી વેરા પેટે રૂ.૫૦,૦૦૦થી વધુની રકમ નીકળે છે. આર્થિક ભીંસના કારણે જે-તે સમયે વેરો ન ભરી શકનાર શહેરીજનો પર વ્યાજનો બોજ ન પડે તે માટે વેરાના વ્યાજ પર ૧૦,૦૦૦ સુધીની માફી આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જેના કારણે કોર્પોરેશનની તીજોરી પર રૂ.૮ કરોડનો બોજ પડશે.

### બજેટમાં સ્ટેન્ડિંગ કમિટીએ ઉમેરેલી નવી યોજનાઓ

- રેસકોર્ષ સંકુલ બ્યુટિફિકેશન સાથે નવિનીકરણ કરવાનું કામ.
- રાજકોટ મહાનગરપાલિકાના હયાત તથા નવા સમાવિષ્ટ થતા વિસ્તારોમાં નવા બ્રિજની જરૂરીયાત અંગે પાયલોટ સ્ટડી.
- વોર્ડ નં.૧૫માં મોહનભાઈ સરવૈયા કોમ્યુનીટી હોલ રીનોવેશન.
- વોટર ડીસ્ટ્રીબ્યુશન રીયલ ટાઈમ મોનીટરીંગ માટે SCADA System.
- તમામ પબ્લિક ટોયલેટ અપગ્રેડ કરવા.
- સીનીયર સીટીજનના નામ થી વૃક્ષારોપણ.
- PMeBus Sewa અંતર્ગત ૧૦૦ ઈલે. બસ માટે ચાર્જીંગ સ્ટેશન તથા માળખાકીય સુવિધા ઉભી કરવાની કામગીરી. (રાજકોટ રાજપથ લિમિટેડ દ્વારા)
- નાના મવા બ્રિજ નીચે ગેમઝોન સાથે કાફેટેરીયા (પી.પી.પી. ધોરણે).
- નવી સેન્ટ્રલ ઝોન ઓફિસ બિલ્ડીંગ (પી.પી.પી. ધોરણે).
- ‘નમોવન’નું નિર્માણ (પી.પી.પી. ધોરણે).
- વોર્ડ નં. ૧૨માં નવો સ્વીમીંગ પુલ (પી.પી.પી. ધોરણે).
- વેસ્ટ ઝોનમાં નવું શોપિંગ સેન્ટર (પી.પી.પી. ધોરણે).
- વેસ્ટ ઝોનમાં મોર્ડન ફૂડ ઝોન (પી.પી.પી. ધોરણે).
- લેટેસ્ટ ટેકનોલોજી સાથે ૬૦ એલ.ઈ.ડી. બોર્ડ (પી.પી.પી. ધોરણે)

## કરણપરામાં સેન્ટ્રલ ઝોનની નવી ઓફિસ બનાવાશે

### હયાત કચેરીમાં પદાધિકારીઓ અને અધિકારીઓ જ બેસશેઃ પબ્લીક ડીલીંગ નવી ઓફિસથી થશે

વર્ષ-૨૦૨૬/૨૦૨૭ના બજેટમાં ૨૩ નવી યોજનાઓ જાહેર કરવામાં આવી છે. જેમાં પીપીપીના ધોરણે શહેરના કરણપરા વિસ્તારમાં નવી સેન્ટ્રલ ઝોન ઓફિસ બિલ્ડીંગ બનાવવાની ઘોષણા પણ સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન જયમીનભાઈ ઠાકર દ્વારા કરવામાં આવી છે. આ કચેરીનું નિર્માણ કામ પૂર્ણ થયા બાદ હયાત જૂની કચેરીમાં પદાધિકારીઓ અને અધિકારીઓ જ બેસશે. જ્યારે તમામ પબ્લીક ડિલીંગ નવી કચેરી ખાતેથી કરવામાં આવશે. શહેરના વિસ્તારમાં સતત વધારો થઈ રહ્યો છે ત્યારે લોકોને કોર્પોરેશનની મુખ્ય કચેરી સુધી ધક્કા ન ખાવા પડે તે માટે હાલ ત્રણ ઝોન કચેરી કાર્યરત છે. જ્યારે સાઉથ ઝોન કચેરી બનાવવાની કામગીરી પ્રગતિ હેઠળ છે. હાલ ઢેબર રોડ પર બસ સ્ટેન્ડ પાછળ સેન્ટ્રલ ઝોન ઓફિસનું સેવાનું વિકેન્દ્રીકરણ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. કરણપરા વિસ્તારમાં પ્રભાદેવી નારાયણી લાયબ્રેરીવાળા કેમ્પસમાં આશરે ૪,૨૫૦ ચોરસવાર પ્લોટમાં નવી સેન્ટ્રલ ઝોન ઓફિસ બનાવવાનું આયોજન છે. જેમાં ૭૫,૦૦૦૦ ચોરસ ફૂટમાં બાંધકામ કરવામાં આવશે. પાંચ માળનું બિલ્ડીંગ બનશે. જેમાં પાર્કિંગની સુવિધા, વિવિધ વિભાગો માટે ઓફિસ, ટોયલેટ, સિડીરૂમ, ફાયર સિસ્ટમ અને સીસીટીવી કેમેરાથી સજ્જ ઓફિસ હશે.

## બિલ્ડરોને શાસકોની વેલેન્ટાઈન ગિફ્ટઃ ફ્લાવર બેડમાં હપ્તા સિસ્ટમ

### ૫૦ લાખથી વધુની રેગ્યુલાઈઝેશન ફી ચાર હપ્તામાં એક વર્ષ સુધીમાં ભરી શકશે

કોર્પોરેશનના ભાજપના શાસકો દ્વારા રાજકોટના બિલ્ડરોને વેલેન્ટાઈન ડેની એડવાન્સ ગીફ્ટ આપી દેવામાં આવી છે. ફ્લાવર બેડમાં હપ્તા સિસ્ટમની ઘોષણા આજે સ્ટેન્ડિંગ કમિટી દ્વારા મંજૂર કરવામાં આવેલા બજેટમાં કરવામાં આવી છે. કોર્પોરેશન વિસ્તારમાં ફ્લાવર બેડ માટે ઘણા સમયથી અરજીઓ આવી રહી છે. જેમાં બીયુ પરમીશનની પ્રક્રિયા પણ વેગવંતી બનાવવામાં આવી છે. શહેરીજનોને સરકારની આ નીતિનો મહત્તમ અને ઝડપી લાભ મળે તે માટે બીયુ પરમીશન રેગ્યુલાઈઝેશન ફીમાં હપ્તા પદ્ધતિ અમલમાં મુકવામાં આવી છે. આ યોજના અંતર્ગત ૫૦ લાખથી ઓછી રકમની રેગ્યુલાઈઝેશન ફી એકસાથે ભરપાઈ કરવાની રહેશે. જ્યારે ૫૦ લાખ કે તેથી વધુની રકમ એક વર્ષની સમય મર્યાદામાં ચાર ત્રિ-માસિક હપ્તામાં ભરવાની રહેશે. જેનાથી કોર્પોરેશનની આવકમાં પણ વધારો થશે.

એકવાર શેઠ બ્રધર્સ ની ડીટોક્સ ગ્રીન-ટી પીઓ બીજી બધી ગ્રીન-ટી ભુલી જશો.

સ્વાદ અને સ્વાસ્થ્યના સંગમ સમાન ‘પ્રતિકાર’ ડીટોક્ષ ગ્રીન-ટી




આદુ, હળદર, અશ્વગંધા, ગળો, સરગવાના પાન, કાળામરી, એલચી, તુલસી વિગેરેના ઔષધીય ગુણ યુક્ત સ્વાસ્થવર્ધક ‘પ્રતિકાર’ ડીટોક્ષ ગ્રીન-ટી ચહેરાની ત્વચામાં ચમક લાવવામાં, કોલેસ્ટ્રોલ તથા હૃદય માટે ગુણકારી છે. સીઝનલ શરદીમા રાહત આપે છે સવાર સાંજ નિયમીત સેવન વજન નિયંત્રીત કરવામાં મદદ રૂપ છે ટેસ્ટમાં તો એવી બેસ્ટ કે તેનો સ્વાદ દાઢે રહી જશે.

### આ વર્ષની થીમ ''વિશ્વના કઠોળ: નમ્રતાથી શ્રેષ્ઠતા સુધી''

# નાનકડા દાણામાં ''પોષણ''નો ખજાનો: આજે વિશ્વ કઠોળ દિવસ

## કઠોળ વનસ્પતિ આધારિત પ્રોટીનનો ઉત્તમ સ્રોત છે, તે સ્નાયુઓના નિર્માણ, પેશીઓની પુન:પ્રાપ્તિ અને શરીરના યોગ્ય કાર્ય માટે જરૂરી છે: તેમાં ફાઈબર ભરપૂર માત્રામાં હોય છે, જે પાચનતંત્રને સ્વસ્થ રાખે છે: તે પેટને લાંબા સમય સુધી ભરેલું રાખે છે, જે વજન ઘટાડવામાં પણ મદદ કરે છે

**નોલેજ કોર્નર**



**ડો.અરૂણ દવે**
**મો.૯૮૨૫૦૭૮૦૦૦**

કઠોળના મહત્વ વિશે જાગૃતિ લાવવા માટે દર વર્ષે ૧૦ ફેબ્રુઆરીએ વિશ્વ કઠોળ દિવસ ઉજવવામાં આવે છે. તે કઠોળના પોષણ મૂલ્ય, ખાદ્ય સુરક્ષા અને પર્યાવરણીય લાભો પર પણ ભાર મૂકે છે. સંયુક્ત રાષ્ટ્ર અનુસાર, આ દિવસ વૈવિધ્યકરણ માટે ટકાઉ વિકલ્પોની ભૂમિકાને પ્રકાશિત કરવાની તક પૂરી પાડે છે. કઠોળ, જેને સામાન્ય રીતે કઠોળ તરીકે ઓળખવામાં આવે છે, તે ખોરાક માટે ઉગાડવામાં આવતા કઠોળના છોડના ખાદ્ય બીજ છે. તેમજ વિવિધ પ્રકારોમાં, સૂકા કઠોળ, મસૂર અને વટાણા સૌથી વધુ લોકપ્રિય છે. તે ભૂમધ્ય સમુદ્રથી લઈને ભારતીય દાળ સુધીની વિવિધ વાનગીઓમાં એક સામાન્ય ઘટક છે.


કઠોળના આપણી શરીર તંદુરસ્તી માટે ઘણા ફાયદા છે. તે પ્રોટીનનો ખજાનો હોવાથી શાકાહારીઓ માટે સૌથી સારો પ્રોટીન સ્રોત અને સ્નાયુઓ બનાવવા અને મજબૂત કરવામાં મદદરૂપ થાય છે. હૃદય માટે ફાયદાકારક હોવાથી કોલેસ્ટ્રોલ ઘટાડે છે, હાર્ટ ડિસીઝનું જોખમ ઘટાડે છે, અને ફાઈબર અને પોટેશિયમ ભરપૂર હોવાથી બ્લડ પ્રેશર પણ કંટ્રોલમાં રાખે છે. વજન ઘટાડવામાં મદદરૂપની સાથે તેના આહારથી લાંબા સમય સુધી પેટ ભરેલું લાગે છે, તે ધીમે ધીમે પચે છે, તેથી બ્લડ સુગર અચાનક વધતી નથી.તે ઓછી કેલરી વાળા ખોરાકની સાથે વધુ પોષણ આપે છે.

તે પાચનતંત્ર સુધારે છે, ફાઈબર ભરપૂર હોવાથી કબજિયાત દૂર થાય છે, અને આંતરડાઓ સ્વસ્થ રહે છે. ડાયાબિટીઝ ને કાબૂમાં રાખે, બ્લડ સુગર સ્ટેબલ રાખીને ઈન્સ્યુલિન સેન્સિટિવિટી સુધારે છે

તેમાં આયર્ન અને વિટામિન હોવાથી ખાસ કરીને સગર્ભા સ્ત્રીઓ અને બાળકો માટે ખૂબ જરૂરી છે, કઠોળમાં ફોલેટ, આયર્ન, મેગ્નેશિયમ, ઝિંક વગેરે ભરપૂર હોય છે. કેલ્શિયમ અને મેગ્નેશિયમ હોવાથી હાડકાં સ્વસ્થ રહે છે.૨૦૧૬ને આંતરરાષ્ટ્રીય કઠોળ વર્ષ તરીકે માન્યતા આપવામાં આવી હતી.

ચણા કુદરતી રીતે દુષ્કાળ સહનશીલ હોય છે. આ સ્થિતિસ્થાપકતા ચણાને સૂકા અને શુષ્ક પ્રદેશોમાં ઉગાડવા દે છે, જ્યાં ઘણા અન્ય પ્રોટીન પાક સંઘર્ષ કરે છે. આ અનુકૂલનક્ષમતા એક કારણ છે કે તેઓ મધ્ય પૂર્વ, આફ્રિકા, દક્ષિણ એશિયા અને ભૂમધ્ય સમુદ્રના ભોજનમાં દેખાય છે.આપણે ખોરાકમાં મગ, તુવેર, ચણા, મઠ, રાજમાં વિગેરે લઈએ છીએ, આજકાલ તો યુવા વર્ગ પણ ફણગાવેલા કઠોળ ખાવા લાગ્યો છે. ઘણાને ગેસની સમસ્યા થઈ શકે છે, તો ધીમે ધીમે જથ્થો વધારવો

અને સારી રીતે પલાળીને, શેકીને કે બાફીને ખાવાનું રાખવું હિતાવહ છે. મગ પચવામાં સહેલાંની સાથે સ્કિન માટે ખુબજ સારા ગણાય છે. રાજમા એન્ટીઑક્સિડન્ટ્સ હોવાથી શરીર તંદુરસ્તી માટે ખુબ ફાયદાકારક હોય છે.સયુક્ત રાષ્ટ્રના ખાદ્ય અને કૃષિ સંગઠન (FAO) ના નેતૃત્વમાં, કઠોળના પોષક અને પર્યાવરણીય ફાયદાઓ વિશે લોકોને જાગૃત કરવાના ઉદ્દેશ્યથી આજના દિવસે વૈશ્વિક સ્તરે ઉજવણી થાય છે. વિશ્વ કઠોળ દિવસ આપણને યાદ અપાવે છે કે કઠોળ માત્ર ખોરાક નથી, પરંતુ આરોગ્ય અને પર્યાવરણ માટે એક અમૂલ્ય ભેટ છે. ચણા, મગ, તુવેર, રાજમા જેવા કઠોળ પ્રોટીન, ફાઈબર અને જરૂરી પોષક તત્ત્વોથી ભરપૂર હોય છે, જે માનવ શરીરને તંદુરસ્ત રાખવામાં મદદ કરે છે. કઠોળ જમીનમાં નાઈટ્રોજન વધારવામાં સહાય કરે છે, જેથી ખેતી વધુ ટકાઉ બને છે અને પર્યાવરણને પણ લાભ મળે છે. કઠોળ વિશ્વભરના લાખો લોકો માટે સસ્તું અને પૌષ્ટિક આહાર પૂરું પાડે છે. ગરીબી અને ભૂખ સામે લડવામાં કઠોળ એક શક્તિશાળી હથિયાર છે, કારણ કે તે સરળતાથી ઉપલબ્ધ છે અને લાંબા સમય સુધી સાચવી શકાય છે. વિશ્વ કઠોળ દિવસ આપણને પ્રેરણા આપે છે કે આપણે આપણા આહારમાં કઠોળનો સમાવેશ વધીએ અને આરોગ્ય, પર્યાવરણ તથા સમાજ માટે એક સકારાત્મક યોગદાન આપીએ. ગુજરાતમાં કઠોળના ઉત્પાદનમાં નોંધપાત્ર વિકાસ, ખેડૂતોની આવક અને જીવનધોરણમાં આવ્યો સુધારો જોવા મળ્યો છે. પોષણ, ટકાઉ કૃષિ અને પર્યાવરણીય સંરક્ષણ માટે કઠોળના મહત્વને ઓળખવા માટે સમર્પિત એક વૈશ્વિક ઉજવણી છે આ દિવસ ખાદ્ય સુરક્ષા, સ્વસ્થ આહાર, જમીનની ફળદ્રુપતા અને આબોહવા સ્થિતિસ્થાપકતામાં કઠોળ કેવી રીતે ફાળો આપે છે તે દર્શાવે છે. સંયુક્ત રાષ્ટ્રના ટકાઉ વિકાસ ૨૦30 એજન્ડાને પ્રાપ્ત કરવામાં તેમની ભૂમિકાને પ્રોત્સાહન મળે છે.




પોષણ અને સ્વસ્થ આહારને પ્રોત્સાહન આપો સાથે ટકાઉ ખાદ્ય પ્રણાલીઓને પ્રોત્સાહન આપવું જોઈએ. ખેડૂતો અને ગ્રામીણ આજીવિકાને ટેકો આપવાથી ભૂખ અને કુપોષણમાં ઘટાડો થશે. માટીના સ્વાસ્થ્ય અને જૈવ વિવિધતામાં સુધારો કઠોળને લોકો માટી અને ગ્રહ માટે ખોરાક તરીકે મહત્વના ગણે છે.વિશ્વ કઠોળ દિવસની આ વર્ષેની ઉજવણી થીમ ''વિશ્વના કઠોળ: નમ્રતાથી શ્રેષ્ઠતા સુધી'' છે. આ થીમ કઠોળની નોંધપાત્ર સફરને પ્રકાશિત કરે છે. સામાન્ય, પરંપરાગત પાકોથી લઈને વૈશ્વિક સ્તરે માન્યતા પ્રાપ્ત સુપરફૂડ્સ સુધી જે પોષણ, ટકાઉપણું અને ખાદ્ય સુરક્ષાને ટેકો આપે છે, તેની ઉપર ભાર મૂકે છે કે કેવી રીતે સરળ, પોષક તત્વોથી ભરપૂર બીજ જેમ કે મસૂર, ચણા, કઠોળ અને વટાણા સમગ્ર વિશ્વમાં આધુનિક, ટકાઉ આહારના આવશ્યક ઘટકોમાં વિકસિત થયા છે. એક સમયે મૂળભૂત ખોરાક માનવામાં આવતા હતા, હવે રાંધણ નવીનતા, સ્વસ્થ આહાર અને આબોહવા-સ્માર્ટ કૃષિમાં કેવી રીતે કેન્દ્રિય ભૂમિકા ભજવે છે.



સમુદાયો અને સરકારોને માનવ સ્વાસ્થ્ય અને ગ્રહોના સ્વાસ્થ્ય બંનેનું રક્ષણ કરવા માટે કઠોળનું ઉત્પાદન અને વપરાશ વધારવા માટે પ્રોત્સાહિત કરે છે. કઠોળ પ્રોટીન, ફાઇબર, વિટામિન અને ખનિજોથી ભરપૂર હોય છે અને વિશ્વભરના આહારનો આવશ્યક ભાગ છે. કઠોળ એ કઠોળના સૂકા બીજ છે જેનો ઉપયોગ ખોરાક તરીકે થાય છે, જેમ કે દાળ, કઠોળ, ચણા અને વટાણા. આ ખોરાક સસ્તા, પૌષ્ટિક અને વિવિધ સંસ્કૃતિઓમાં વ્યાપકપણે ઉપયોગમાં લેવાય છે. વૈશ્વિક સ્તરે વપરાતા મુખ્ય પ્રકારના કઠોળમાં મસૂર, ચણા, સૂકા કઠોળ, સૂકા વટાણા અને લ્યુપિન. દરેક કઠોળનો પ્રકાર માનવ સ્વાસ્થ્ય અને ટકાઉ ખેતી બંનેને ટેકો આપે છે. કઠોળને પોષક તત્વોથી ભરપૂર ખોરાક માનવામાં આવે છે અને તે અનેક સ્વાસ્થ્ય લાભો આપે છે. કઠોળને બાળકો, વિદ્યાર્થીઓ, પુખ્ત વયના લોકો અને વૃદ્ધો માટે પૌષ્ટિક આહાર ગણાય છે. તેના પર્યાવરણીય ફાયદામાં તે ટકાઉ ખેતીમાં કઠોળ મુખ્ય ભૂમિકા ભજવે છે. ભારત કઠોળના સૌથી મોટા ઉત્પાદકો અને ગ્રાહકોમાંના એક છે. વૈશ્વિક કઠોળના વાવેતરમાં મુખ્ય ફાળો આપણો છે. રાજ્યોમાં ઉગાડવામાં આવતી વિવિધ કઠોળની જાતોનું ઘર આપણો દેશ છે. ભારતીય ખેડૂતોને ઉત્પાદકતા અને આવક સુધારવા માટે પાક પરિભ્રમણ અને કઠોળ સાથે આંતરપાક અપનાવવા પ્રોત્સાહિત કરે છે. કઠોળ યુગોથી અસ્તિત્વમાં છે, તે લગભગ આખી દુનિયામાં ઉગે છે , ઘણું બધું આપે છે અને ખૂબ ઓછું માંગે છે, કઠોળ આપણને ઘણા ફાયદા પૂરા પાડે છે. કઠોળ લાંબા સમય સુધી સંગ્રહિત રહે છે, બહુવિધ પાક પ્રણાલીઓમાં કઠોળ કૃષિ જૈવવિવિધતા, આબોહવા પરિવર્તન સ્થિતિસ્થાપકતા અને ઈકોસિસ્ટમ સેવાઓમાં વધારો કરે છે. કઠોળ વાતાવરણીય નાઈટ્રોજનને જમીનમાં સ્થિર કરે છે, જે જમીનની જૈવવિવિધતા અને ફળદ્રુપતામાં સુધારો કરવામાં ફાળો આપે છે. મેદસ્વિતા સામે લડતમાં કઠોળ મહત્વની ભૂમિકા ભજવે છે,સ્વસ્થ જીવનનો મજબૂત આધાર સાથે પોષણનું પાવર હાઉસ કહેવાય છે.

**કઠોળ હૃદય માટે ફાયદાકારક હોવાથી હાર્ટ ડિસીઝનું જોખમ ઘટાડે અને કોલેસ્ટ્રોલ પણ ઘટાડે છે: તેમાં ફાઈબર અને પોટેશિયમ ભરપૂર હોવાથી બ્લડ પ્રેશર પણ કંટ્રોલમાં રાખે છે: ધીમે ધીમે પચે છે, તેથી બ્લડ સુગર અચાનક વધતું નથી, તે ઓછી કેલરી સાથે વધુ પોષણ આપે છે**

# ઝવેરચંદ મેઘાણીની જન્મભુમિમાં માનસ મેઘાણી રામકથાનું આયોજન

### બગસરાનીમાં પૂ.મોરારિબાપુની રામકથાનો ૭ માર્ચથી આરંભ, નવ દિવસ સુધી ચાલશે



**અબતક, રાજકોટ**

બગસરામાં મેઘાણીજીની સ્મૃતિ વંદના સાથે મોરારિબાપુના વ્યાસાસને રામકથા પ્રેમયજ્ઞ આગામી માસે થશે રામકથા 'માનસ મેઘાણી' ગાન ઈશ્વરિયા સોમવાર તા.૯-૨-૨૦૨૬ બગસરામાં ઝવેરચંદ મેઘાણીજીની સ્મૃતિ વંદના સાથે મોરારિબાપુના વ્યાસાસને રામકથા પ્રેમયજ્ઞ યોજાનાર છે. આગામી માસે રામકથા 'માનસ મેઘાણી' ગાન થશે. રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીના વડવાઓનું વતન એટલે બગસરા, અહીંયા આગામી માસે મોરારિબાપુના વ્યાસાસને રામકથા પ્રેમયજ્ઞ આયોજન થઈ રહ્યું છે. શ્રી મેઘાણીજીની સ્મૃતિ વંદના સાથે રામકથા 'માનસ મેઘાણી' ગાન થશે, જેનો પ્રારંભ શનિવાર તા.૭-૩-૨૦૨૬ના થશે અને પૂર્ણાહુતિ રવિવાર તા.૧૫-૩-૨૦૨૬ના થશે. નિમિત્તમાત્ર મનોરથી હર્ષાબા ગોહિલ (લાઠી - અમેરિકા) દ્વારા અને કથાપ્રેમી કાર્યકર્તાઓના સંકલન સાથે 'ચિત્રકુટ ધામ' બગસરામાં તૈયારીઓ થઈ રહી છે.

# સ્વામી નારાયણ મંદિરે કાલે પુ. અપૂર્વમુનિ દ્વારા બોર્ડના વિદ્યાર્થીઓને માર્ગદર્શન સેમિનાર

### જીત જાયે ગે હમ શિર્ષક હેઠળ પરીક્ષાની તૈયારી માટે પ્રેરણાદાયી વ્યક્તવ અને શુભેચ્છા અપાશે

**અબતક, રાજકોટ**

બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર,કાલાવાડ રોડરાજકોટ દ્વારા પ્રતિ વર્ષ યુવાનો અને વિદ્યાર્થીઓ માટે અનેક પ્રેરણાદાયી પરિવર્તનશીલ કાર્યક્રમોનું આયોજન યોજાતું રહ્યું છે. દરેક વિદ્યાર્થી પોતાના માતા-પિતા અને શિક્ષકોની મહેનતનું ધારેલું પરિણામ લાવી શકે તે માટે ગત વર્ષોની જેમ આ વર્ષે પણ રાજકોટ શહેરના ભવિષ્ય તરફ આગળ વધી રહેલા ધોરણ ૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓની પરીક્ષાલક્ષી સફળતાઓ માટે, તેમના ઉજ્જવળ ભવિષ્ય તથા આગામી પરીક્ષાની શુભેચ્છાઓ પાઠવવા અને પ્રેરણા-પ્રોત્સાહન પૂરું પાડવા માટે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર ખાતે પરીક્ષાર્થી પ્રેરણા સમારોહનું વિશિષ્ટ આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને સમગ્ર વર્ષ દરમ્યાન તેમણે કરેલી મહેનતમાં પ્રાર્થનાને સંમેલિત કરીને સફળતાની રાહ પ્રાપ્ત કરવાનું અનોખું માર્ગદર્શન આપવામાં આવશે. તારીખ ૧૧/૨/૨૦૨૬બુધવારના રોજ કાલાવાડ રોડ સ્થિત બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરમાં પ્રમુખસ્વામી સભાગૃહ ખાતે બપોરે૩:૦૦ વાગ્યાથી સાંજે ૬:૦૦ વાગ્યા સુધી પરીક્ષાર્થી પ્રેરણા સમારોહ યોજાશે જે અંતર્ગત ઠાકોરજીના દર્શન,શ્રીનીલકંઠવર્ણી મહારાજ અભિષેક, વૈદિક



પૂજનવિધિ, રસપ્રદ વિડીયો, પૂ.અપૂર્વમુનિ સ્વામીનું 'જીત જાયેંગે હમ' વિષય પર ધ્યેયલક્ષી જોમસભર-પ્રેરક વકતવ્ય અને વિડીયો દ્વારા ઉપસ્થિત સૌ પરીક્ષાર્થીઓને આગામી બોર્ડની પરીક્ષા માટેનું માર્ગદર્શન અને શુભેચ્છા પાઠવવામાં આવશે.

આ સમારોહમાં રાજકોટનાં ધોરણ ૧૦ અને ૧૨માં અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓને તેમના મિત્રો સહિત પધારવા હાર્દિક નિમંત્રણ છે જેના માટે આપનું રજીસ્ટ્રેશન નીચે આપેલ રજીસ્ટ્રેશન લીંક પર અવશ્ય કરાવીએ.

આ સમારોહ કેવળ બોર્ડમાં અભ્યાસ કરતા છાત્રો માટે જ હોવાથી અન્ય કોઈએ રજીસ્ટ્રેશન કરવું નહી અને અન્ય કોઈને પ્રવેશ મળશે નહી.

# જનકલ્યાણ ટ્રસ્ટના દેહદાન જાગૃતિ અભિયાનમાં ૮૦૬મું ચક્ષુદાન મળ્યું



**અબતક, રાજકોટ**

શબ્બીરભાઈ અબ્બાસભાઈ ત્રવાડીનું અવસાન થતાં તેમના પરિવારની ઈચ્છા અનુસાર તથા જનકલ્યાણ ટ્રસ્ટની પ્રેરણાથી ચક્ષુદાન કરાવેલ છે. તે ખુબ જ અનુકરણીય ઉદાહરણ પુરુ પાડ્યું છે. જન કલ્યાણ ટ્રસ્ટની પ્રેરણાથી અંગદાન, ચક્ષુદાન, સ્કીન ડોનેશન, દેહ દાન જાગૃતિ અભિયાનમાં કુલ ૮૦૬ ચક્ષુદાન મળેલ છે. જાન્યુઆરી ૨૬માં અઢારમું ચક્ષુદાન મળેલ છે. સમગ્ર ગુજરાતમાં ચક્ષુદાન, સ્કીન ડોનેશન, દેહદાનની વધુ માહીતી માટે જનકલ્યાણ ટ્રસ્ટના ચેરમેન ઉમેશભાઈ મહેતા મો. નં. ૯૪૨૮૫ ૦૬૦૧૧ નો સંપર્ક કરવા જણાવ્યું છે.

## કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**તારીખ ૧૦-૦૨-૨૦૨૬ મંગળવાર**
૧૨:૦૦ થી ૦૨:૧૦ ગુજરાતી મુવી (ઉડન છુ)
૦૨:૧૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (જય વસાવડા)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (કાજુ બટર મસાલા)+(ખોયા કાજુ)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદ: આજે નહીં તો ક્યારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ હેલ્થ વેલ્થ (ડો.દેવાંગી ઓઝા)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
૦૫:૦૦ થી ૦૭:૦૦ ગુજરાતી નાટક (જૂઠું બોલો જલસા કરો)
૦૭:૦૦ થી ૦૭:૩૦ સ્ટેન્ડપ કોમેડી
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૧૧-૦૨-૨૦૨૬ બુધવાર**
૦૭:૦૦ થી ૧૦:૦૦ શિવ કથા (પૂ.ગીરીબાપુ)
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ

## અબતક પંચાગ

### તા. ૧૧-૨ -૨૦૨૬ બુધવાર

**વિક્રમ સંવત** ૨૦૮૨ **શાલીવાહન શકિ:** ૧૯૪૭
**ખ્રિસ્તી સંવત** ૨૦૨૬
**તિથી** મહા વદ નોમ મહાશિવરાત્રી મેળાનોપ્રારંભ જૂનાગઢ વિછુડો
**નક્ષત્ર** અનુરાધા
**યોગ** વ્યાઘાત **કરણ:** ગર
**સુર્યોદય** ૭.૨૧ **સુર્યાસ્ત:** ૬.૪૧
**ચંદ્ર રાશી** વૃશ્ચિક
**રાશિ અક્ષર** ન.ય
**દિશાશૂળ** ઉત્તર દશા તરફ
**રાહુકાળ** બપોરે ૧૨ થી ૧.૩૦
**દિવસનાચોઘડીયા** લાભ,અમૃત,કાળ,શુભ,રોગ,ઉદવેગ,ચલ,લાભ
**રાત્રીનાચોઘડીયા** ઉદવેગ,શુભ,અમૃત,ચલ,રોગ,કાળ,લાભ,ઉદવેગ
**અભિજીત મુહૂર્ત** બપોરે ૧૨.૩૯ થી ૧.૨૪

**શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭**

## સૂડોકુ -૫૬

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | | | | | | ૧ | | ૨ |
| | ૭ | | | | ૪ | ૯ | | |
| | ૬ | ૧ | | ૨ | | ૮ | ૪ | |
| | ૯ | | ૫ | | | | | |
| | | | | ૪ | ૧ | | | ૬ |
| | ૫ | | | | ૭ | ૪ | | ૧ |
| ૨ | | | ૬ | | | | | |
| | | | | ૫ | ૨ | | | |
| | | | ૧ | ૭ | ૯ | | | |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોક્સમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

## સૂડોકુ-૫૫ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | ૧ | ૭ | ૬ | ૫ | ૨ | ૮ | ૩ | ૪ |
| ૬ | ૨ | ૩ | ૮ | ૪ | ૭ | ૫ | ૯ | ૧ |
| ૮ | ૫ | ૪ | ૧ | ૩ | ૯ | ૬ | ૭ | ૨ |
| ૪ | ૯ | ૮ | ૩ | ૭ | ૫ | ૧ | ૨ | ૬ |
| ૭ | ૬ | ૨ | ૯ | ૧ | ૮ | ૪ | ૫ | ૩ |
| ૧ | ૩ | ૫ | ૪ | ૨ | ૬ | ૭ | ૮ | ૯ |
| ૨ | ૮ | ૧ | ૭ | ૯ | ૪ | ૩ | ૬ | ૫ |
| ૫ | ૪ | ૬ | ૨ | ૮ | ૩ | ૯ | ૧ | ૭ |
| ૩ | ૭ | ૯ | ૫ | ૬ | ૧ | ૨ | ૪ | ૮ |

## આવતીકાલનું રાશિફળ

**તા.૧૧.૨.૨૦૨૬, બુધવાર, સંવંત ૨૦૮૨, મહા વદ નોમ, અનુરાધા નક્ષત્ર, વ્યાઘાત યોગ, ગર કરણ આજે જન્મેલાંની ચંદ્ર રાશિ વૃશ્ચિક (ન,ય) રહેશે**

**મેષ (અ,લ,ઈ) :** અંગત જીવનમાં સારું રહે,મનોમંથન કરી શકો.વિચારોમાં પરિવર્તન જણાય ,શુભ દિન.

**વૃષભ (બ,વ,ઉ) :** વિવાહયોગ્ય મિત્રો માટે સારી વાત આવી શકે, વિવાહિતને દામ્પત્યજીવનમાં સારું રહે, પરિવાર સાથે આનંદ માણી શકો.

**મિથુન (ક,છ,ઘ) :** ભાગીદારીમાં સારું રહે, જાહેરજીવનમાં આગળ વધી શકો અને તમારું પ્રભુત્વ દર્શાવી શકો, દિવસ શુભ રહે.

**કર્ક (ડ,હ) :** વિદ્યાર્થીવર્ગને અભ્યાસમાં સારું રહે, વિદેશ જવા ઈચ્છતા મિત્રો માટે સારું, સંતાન અંગે સારું રહે, યોગ્ય સમયે યોગ્ય નિર્ણય લઇ શકો.

**સિંહ (મ,ટ) :** નવી વસ્તુની ખરીદી થાય, સુખ સગવડ પ્રાપ્ત થાય, અન્ય મિત્રોને મદદરૂપ બની શકો, દિવસ સંતોષજનક રહે.

**કન્યા (પ,ઠ,ણ) :** ગણતરી પૂર્વક આગળ વધશો તો લાભ થશે, સાહસથી સિદ્ધિ પ્રાપ્ત થાય, રચનાત્મક પ્રવૃત્તિ કરી શકો.

**તુલા (ર,ત) :** આર્થિક બાબતો માં મધ્યમ રહે,આવક જાવક સમજીને કરવા, મનમાં સંતોષ અને રાજીપો રહે, શુભ દિન.

**વૃશ્ચિક (ન,ય) :** તમારા વ્યક્તિત્વનો વિકાસ થાય, નવી પ્રતિભા કેળવી શકો, યશ પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી શકો.

**ધન (ધ,ભ,ફ,ઢ) :** કોઈ બાબતમાં વધુ દલીલ થી દૂર રહેવું, વાદ-વિવાદથી દૂર રહેવું,અંગત મિત્રો સાથે મતભેદ નિવારવા પડે.

**મકર (ખ,જ) :** આકસ્મિત લાભ થાય, મુશ્કેલીમાં આશાનું કિરણ દેખાય, મુસાફરીના યોગ બની રહ્યા છે, દોડધામ રહે.

**કુંભ (ગ,સ,શ) :** વેપારીવર્ગને લાભ થાય, સ્ત્રીવર્ગને મધ્યમ રહે, નોકરિયાતવર્ગને સારું રહે, આગળ વધવાની તક પ્રાપ્ત થાય.

**મીન (દ,ચ,ઝ,થ) :** નસીબ સાથ આપતું જણાય, નવીન તક હાથમાં આવે પરંતુ તેને કાર્યમાં રૂપાંતરિત કરવા મહેનત કરવી જરૂરી બને છે.

# શું શ્વાન પોતાના માલિક પર આવેલી ઘાત લઈ લે છે?



**જ્યોતિષાચાર્ય**
**રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨**

મારા વર્ષોના જ્યોતિષીય અને આકાશિક રેકોર્ડના અનુભવમાં મેં જોયું છે કે શ્વાન પાસે ઘણી અલૌકિક શક્તિઓ હોય છે તે આત્માને જોઈ શકે છે અને પોતે જે ઘરમાં રહેતો હોય ત્યાં નકારાત્મક ઉર્જા હોય તો તે ઓળખી જાય છે અને તેના માલિકને આ નકારાત્મક ઉર્જાથી બચાવવા પ્રયત્ન કરે છે વળી જ્યારે માલિક પર ઘાત આવે છે તો તે ઘાત તે લઈ અને પોતાનું જીવન પૂર્ણ પણ કરી નાખે છે! મારે સેંકડો અનુભવમાં મેં આકાશિક રેકોર્ડમાં આ વસ્તુ પ્રતિપાદિત કરી છે અને જે તે વ્યક્તિએ તેની વાતમાં તે કન્ફર્મ પણ કર્યું છે!! શ્વાન યોનિમાં ઘણી શક્તિઓ રહેલી છે અને તે રહસ્યમય વસ્તુઓ ગુપ્ત વસ્તુઓ શોધી શકે છે તેના માં કેતુનો વાસ છે જે દરેક બાબતને અગાઉ થી જોઈ શકે છે ભૈરવનું વાહન છે અને ઘણી ગૂઢ બાબતો તેનામાં છુપાયેલી છે. આપણે જાણીએ છીએ કે શ્વાન વફાદાર પ્રાણી છે અને તેના માલિક માટે જીવ પણ આપી દે છે અને માટે જ રાજા યુધિષ્ટિર સ્વર્ગના દરવાજે હતા ત્યારે સાથે આવેલા શ્વાનને ત્યાં જ છોડી દેવાનો તેમને ઈન્કાર કરેલો એ જ રીતે આપણા જીવનમાં આવતા આ પ્રાણીની લાગણીને ઓળખવાની જરૂર છે અને તેના માટે આપણે પણ કૃતજ્ઞતા વ્યક્ત કરવી જોઈએ અને તેને આપેલા બલિદાન પછી તેની યાદ અને તેના માટે ધર્મકાર્યથી તેનો મોક્ષ થાય તે પ્રાર્થના પણ કરવી જોઈએ.

# અંતે શ્રીલંકાની ''યાદે'' ઝુકાવ્યું: રવિવારે ભારત સામેનો મેચ રમવા પાક. ''મન'' બનાવ્યું



## ભારત–પાકિસ્તાનના મેચમાં બાંગ્લાદેશની અપીલ, શ્રીલંકાના રાષ્ટ્રપતિની વાતચીત અને આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદની ભૂમિકા મહત્વપૂર્ણ: પાકિસ્તાનની ભારત વિરૂદ્ધ મેચ રમવા માટેની ત્રણેય માંગ આઈસીસીએ ફગાવી

### આઈસીસીને રાજી રાખવા પાકિસ્તાનને ભારત સામે મેચ રમવા આજીજી કરતું બાંગ્લાદેશ બોર્ડ

સમગ્ર મામલામાં બાંગ્લાદેશે મુખ્ય ભૂમિકા ભજવી હતી. સુરક્ષા કારણોસર ભારતમાં રમવાનો ઈનકાર કર્યા બાદ બાંગ્લાદેશને ટુર્નામેન્ટમાંથી ખસી જવાની ફરજ પડી હતી. બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડના પ્રમુખ અમીનુલ ઈસ્લામે પાકિસ્તાનને ભારત-પાકિસ્તાન મેચનો બહિષ્કાર પાછો ખેંચવાની અપીલ કરી હતી. તેમનું માનવું હતું કે આવું પગલું ક્રિકેટના હિતમાં નહીં હોય. બાંગ્લાદેશની અપીલ બાદ, પાકિસ્તાનનું વલણ નરમ પડ્યું. વધુમાં, અમીનુલ ઈસ્લામે બાંગ્લાદેશને ટેકો આપવા બદલ પાકિસ્તાનનો આભાર માન્યો. તેમણે બંને દેશો વચ્ચે ''ક્રિકેટ ભાઈચારો'' ની વાત કરી.



**અબતક, રાજકોટ**

અંતે શ્રીલંકાની ''યાદે'' પાકિસ્તાનને ઝુકાવ્યું છે અને રવિવારે ભારત સામેનો મેચ રમવા પાકિસ્તાને ''મન'' બનાવ્યું છે. ભારત અને પાકિસ્તાન વચ્ચેની આઈસીસી મેન્સ ટી-૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬ની મેચ ૧૫ ફેબ્રુઆરીએ નિર્ધારિત સમય મુજબ રમાશે. પાકિસ્તાન સરકારે સોમવારે પાકિસ્તાન ક્રિકેટ બોર્ડને મેચ રમવા માટે ઔપચારિક મંજૂરી આપી, જેનાથી ઘણા દિવસોથી ચાલી રહેલી ગતિરોધનો અંત આવ્યો. પીસીબી ચેરમેન મોહસીન નકવીએ વડાપ્રધાન શાહબાઝ શરીફને આઈસીસી, બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડ અને અન્ય સભ્ય દેશો સાથે ઉચ્ચ સ્તરીય ચર્ચાઓ અંગે માહિતી આપી હતી. આ પછી સરકારે તમામ પાસાઓ પર વિચાર કર્યા પછી પાકિસ્તાન ટીમને મેદાનમાં ઉતરવાનો નિર્દેશ આપ્યો હતો.

આ સમગ્ર ઘટનાક્રમમાં બાંગ્લાદેશની અપીલ, શ્રીલંકાના રાષ્ટ્રપતિની વાતચીત અને આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદની ભૂમિકા મહત્વપૂર્ણ માનવામાં આવે છે.

પાકિસ્તાને અગાઉ કહ્યું હતું કે તે તેની સરકારની સલાહ પર ભારત સામે મેચ નહીં રમે, જેના કારણે સમગ્ર ટુર્નામેન્ટ પર શંકા ઉભી થઈ હતી. જોકે,આઈસીસીના મક્કમ વલણ બાંગ્લાદેશની અપીલ અને સતત વાટાઘાટોને પગલે પાકિસ્તાને પીછેહઠ કરી હતી. પાકિસ્તાન ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬માં ભારત

સાથે રમવા માટે સંમત થયું છે. નિર્ધારિત સમય મુજબ, મેચ ૧૫ ફેબ્રુઆરીએ કોલંબોમાં રમવાની છે. લાહોરમાં થયેલી બેઠક બાદ પાકિસ્તાને આ નિર્ણય લીધો હતો. આ બેઠકમાં પાકિસ્તાન અને બાંગ્લાદેશે આઈસીસી સમક્ષ ઘણી માંગણીઓ રજૂ કરી હતી, જેમાંથી કેટલીક સ્વીકારવામાં આવી છે.

બાંગ્લાદેશને ૨૦૨૬ ટી૨૦ વર્લ્ડ કપમાંથી બાકાત રાખવામાં આવ્યું હતું. લાહોરની બેઠકમાં એવી માંગ કરવામાં આવી હતી કે બાંગ્લાદેશને વર્લ્ડ કપમાંથી બાકાત રાખવા બદલ વળતર આપવામાં આવે.

(અનુ. આઠમા પાને)

### મૌસી ભી રાજી, બંસતી ભી રાજી, ઈસલિયે...

### ટી૨૦ વર્લ્ડકપ ટુર્નામેન્ટનો બહિષ્કાર કરવા મામલે આઈસીસીએ બાંગ્લાદેશને માફી આપી

ભારતમાં રમાઈ રહેલી ટી૨૦ વર્લ્ડકપ ટુર્નામેન્ટનો બહિષ્કાર કરવા મામલે આઈસીસીએ બાંગ્લાદેશને માફી આપી છે. બાંગ્લાદેશ જીદ કરી રહ્યું હતું કે તેમની ટીમના ખેલાડી મેચ રમવા માટે ભારત નહીં આવે, કારણ કે તેમની સુરક્ષાને ખતરો છે. જે બાદ આઈસીસીએ બાંગલાદેશને બદલે સ્કોટલેન્ડની ટીમને ટુર્નામેન્ટમાં સામેલ કરી. જે બાદથી જ અટકળો લાગી રહી હતી કે આઈસીસી બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડ વિરુદ્ધ કાર્યવાહીની જાહેરાત કરી શકે છે. ઈન્ટરનેશનલ ક્રિકેટ બોર્ડે બાંગ્લાદેશ વિરુદ્ધ કોઈ પણ કાર્યવાહી ન કરવાની જાહેરાત કરી છે. બાંગ્લાદેશ પર કોઈ જ આર્થિક, સ્પોર્ટિંગ કે એડમિનિસ્ટ્રેટિવ દંડ ફટકારવામાં આવશે નહીં. એક્શન તો દૂરની વાત, આઈઆઈસીએ બાંગ્લાદેશને મોટી ભેટ પણ આપી દીધી છે. ૨૦૨૮થી ૨૦૩૧ની વચ્ચે બાંગ્લાદેશમાં આઈસીસીની એક મોટી ટુર્નામેન્ટ યોજાશે.

### આકાશી ખેતી હવે રોજીરોટીની સાથે આત્મનિર્ભર પણ બનાવી દેશે

# આગામી દસકામાં ચંદ્ર પર આત્મનિર્ભર શહેર બનાવવાનો એલનનો મનસૂબો



**અબતક, રાજકોટ**

બ્રહ્માંડના રહસ્યો ઉકેલવા અને માનવ સભ્યતાને પૃથ્વીની બહાર વસાવવા માટે હંમેશા તત્પર રહેતા સ્પેસ-એક્સના સ્થાપક એલન મસ્કે એક નવો અને આશ્ચર્યજનક વળાંક લીધો છે. અત્યાર સુધી મંગળ ગ્રહને પોતાની પ્રાથમિકતા ગણાવતા મસ્કે હવે ચંદ્ર પર 'સેલ્ફ-ગ્રોઈંગ સિટી' એટલે કે આત્મનિર્ભર શહેર વસાવવાની જાહેરાત કરી છે. આ પ્રોજેક્ટ માત્ર રહેઠાણ પૂરતો સીમિત નથી, પરંતુ ત્યાં આકાશી ખેતી અને સંસાધનોના ઉપયોગ દ્વારા માનવીને સંપૂર્ણપણે આત્મનિર્ભર બનાવવાની દિશામાં એક મોટું કદમ છે.

એલન મસ્કે જણાવ્યું છે કે,સ્પેસ-એક્સ હવે મંગળ કરતા ચંદ્ર પર શહેર વસાવવાને વધુ પ્રાથમિકતા આપી રહ્યું છે. મસ્ક મુજબ,આગામી ૧૦ વર્ષથી પણ ઓછા સમયમાં ચંદ્ર પર એક આત્મનિર્ભર શહેરનું નિર્માણ થઈ શકે છે. જોકે, મંગળ પર જવાનો પ્લાન રદ નથી થયો, પરંતુ સભ્યતાના સુરક્ષિત ભવિષ્ય માટે ચંદ્ર પર વહેલા પહોંચવું વધુ વ્યવહારુ અને ઝડપી છે.મસ્કે સ્વીકાર્યું છે કે મંગળ પર પહોંચવા કરતા ચંદ્ર પર વસવાટ ઉભો કરવો સમયની દ્રષ્ટિએ વધુ ઝડપી છે. માર્ચ ૨૦૨૭ સુધીમાં સ્પેસ-એક્સ ચંદ્ર પર માનવરહિત લેન્ડિંગ કરવાનો લક્ષ્યાંક ધરાવે છે.

તાજેતરમાં ઢ્અઈ સાથેના જોડાણ બાદ, મસ્ક અવકાશમાં 'સ્પેસ-બેઝડ ડેટા સેન્ટર્સ' સ્થાપવા માંગે છે. પૃથ્વી કરતા અવકાશમાં ડેટા સેન્ટર્સને ઠંડા રાખવા અને ઉર્જા મેળવવી વધુ કાર્યક્ષમ બની શકે છે.

સ્પેસ-એક્સ હવે માત્ર નાસાના પ્રોજેક્ટ્સ પર નિર્ભર નથી. મસ્કના જણાવ્યા મુજબ, કંપનીની કુલ આવકમાં નાસાનો હિસ્સો ૫% થી પણ ઓછો છે, જ્યારે સિંહફાળો સ્ટારલિંક દ્વારા મળે છે. કંપની આ વર્ષના અંતમાં ૫૦ અબજ ડોલરનો પબ્લિક ઓફરિંગ આઈપીઓ લાવવાની યોજના બનાવી રહી છે, જે ઈતિહાસનો સૌથી મોટો આઈપીઓ બની શકે છે.

### ગુજરાતમાં ડિજિટલ ક્રાંતિ: સ્ટારલિંક સાથે સેટેલાઈટ ઈન્ટરનેટ જોડી દેવા સરકારે ઈચ્છા દર્શાવી



વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 'ડિજિટલ ઈન્ડિયા'ના સંકલ્પને સાકાર કરવા તરફ ગુજરાત સરકારે એક મોટું કદમ ઉઠાવ્યું છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં ગુજરાત સરકાર અને એલન મસ્કની સ્પેસેક્સની સબસિડિયરી 'સ્ટારલિંક' વચ્ચે સહયોગના લેટર ઓફ ઈન્ટેન્ટ (LoI) સંપન્ન થયા છે.

આ ભાગીદારીથી નર્મદા અને દાહોદ જેવા એસ્પિરેશનલ જિલ્લાઓ સહિત સમગ્ર ગુજરાતમાં ઈ-ગવર્નન્સ અને ડિજિટલ સેવાઓ વધુ વ્યાપક અને ઝડપી બનશે.

#### સ્ટારલિંક સાથે જોડાવાના ફાયદા

**અંતરિયાળ વિસ્તારોમાં કનેક્ટિવિટી:** આ કરાર હેઠળ રાજ્યના એવા અંતરિયાળ અને આદિવાસી વિસ્તારો જ્યાં ટેલિકોમ નેટવર્કની સમસ્યા છે, ત્યાં હાઈ-સ્પીડ સેટેલાઈટ ઈન્ટરનેટ પહોંચાડવામાં આવશે.

**ડિઝાસ્ટર મેનેજમેન્ટ:** આપત્તિ વ્યવસ્થાપન નિયંત્રણ કક્ષ, પોલીસ આઉટપોસ્ટ્સ અને વન્યજીવ અભયારણ્યોને સીમલેસ નેટવર્કથી સાંકળી લેવાશે.

**શિક્ષણ અને આરોગ્ય પર ભાર:** સરકારી શાળાઓમાં સ્માર્ટ કનેક્ટિવિટી અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં ટેલિ-મેડિસિન સેવાઓ ઝડપી બનાવાશે.

**જોઈન્ટ વર્કિંગ ગ્રુપ:** આ પ્રોજેક્ટના અસરકારક અમલીકરણ માટે રાજ્ય સરકાર અને સ્ટારલિંકના પ્રતિનિધિઓનું એક 'જોઈન્ટ વર્કિંગ ગ્રુપ' બનાવવામાં આવશે.

**ઔદ્યોગિક વિકાસ:** GIDC ઈન્ડસ્ટ્રીયલ પાર્ક્સ, હાઈવે સેફ્ટી, અને પોર્ટ કનેક્ટિવિટીને પણ આ યોજના અંતર્ગત મજબૂત કરવામાં આવશે.

# ટચુકડા સેશેલ્સ દેશ સાથેની સંધિ હિંદ મહાસાગર ભારતનું આધિપત્ય સાબિત કરી દેશે

### બંને નેતાઓએ દરિયાનું રક્ષણ કરવા અને એકબીજાને ટેકો આપવા માટે સાથે મળીને કામ કરવાનો નિર્ણય લીધો

**અબતક, રાજકોટ**

ભારતે તેના જૂના સાથી સેશેલ્સને મદદ માટે હાથ લંબાવ્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને સેશેલ્સના રાષ્ટ્રપતિ પેટ્રિક હર્મિની વચ્ચેની બેઠક બાદ ભારતે ૧૭૫ મિલિયન ડોલર નાણાકીય સહાય કરવાની જાહેરાત કરી છે. આ નાણાંનો ઉપયોગ સેશેલ્સમાં ઘરો બનાવવા, રસ્તાઓ સુધારવા અને સુરક્ષા વધારવા માટે કરવામાં આવશે. આ બેઠકમાં બંને દેશો વચ્ચે અનેક મહત્વપૂર્ણ કરારો પણ થયા.

વાતચીત દરમિયાન પીએમ મોદીએ કહ્યું કે ભારત અને સેશેલ્સ વચ્ચેનો સંબંધ ફક્ત સરકારો વચ્ચેનો નથી, પરંતુ હિંદ મહાસાગરના મોજા સદીઓથી આપણા લોકોને જોડે છે. આ વિશ્વાસને કારણે જ રાષ્ટ્રપતિ હર્મિનીએ સેશેલ્સની સ્વતંત્રતાના ૫૦ વર્ષ નિમિત્તે યોજાતા સમારોહમાં પીએમ મોદીને અતિથિ વિશેષ તરીકે આમંત્રણ આપ્યું છે. સેશેલ્સ માટે પર્યટન એ આવકનો મુખ્ય સ્ત્રોત છે અને



ભારતમાંથી મુલાકાતીઓની સંખ્યા સતત વધી રહી છે, જે તેની નોંધપાત્ર આવકમાં ફાળો આપે છે. બંને નેતાઓએ દરિયાનું રક્ષણ કરવા અને એકબીજાને ટેકો આપવા માટે સાથે મળીને કામ કરવાનો નિર્ણય લીધો છે.

ભવિષ્ય તરફ જોતાં બંને દેશોએ નવી ટેકનોલોજી પર સાથે મળીને કામ

કરવાનો પણ નિર્ણય લીધો છે. ભારત સેશેલ્સ સાથે તેના ડિજિટલ સફળતાના અનુભવો શેર કરશે. વધુમાં તેઓ પ્રદૂષણ ઘટાડવા અને સૌર ઉર્જા જેવા ક્ષેત્રોમાં સાથે મળીને કામ કરશે, જેમાં ઈલેક્ટ્રિક વાહનો અને સ્વચ્છ જાહેર પરિવહનનો સમાવેશ થાય છે. બેઠકના અંતે બંને દેશોએ આગામી વર્ષો માટે 'સંયુક્ત દ્રષ્ટિકોણ' રજૂ કર્યો. પીએમ મોદીએ કહ્યું કે આ બેઠક ભારત અને સેશેલ્સ વચ્ચેની મિત્રતાને એક નવા સ્તરે લઈ જશે.

### આલ્યા માલ્યા જમાલ્યાના દિવસો પૂરા

# રૂ.૪૦,૦૦૦ કરોડના કૌભાંડમાં ઈડી દ્વારા સીટની રચના: ટીના અંબાણીને સમન્સ પાઠવ્યું

**અબતક, મુંબઈ**

સમય બળવાન છે, માણસ નહીં.'' એક સમયે કોર્પોરેટ જગતમાં જેમના નામના સિક્કા પડતા હતા, આજે તેમની સામે 'SIT' તપાસ બેસી ગઈ છે. જાહેર જનતા કે બેંકોના નાણાં સાથે ખેલ કરનારા ''આલ્યા માલ્યા'' ના દિવસો હવે ખરેખર પૂરા થયા છે.



સુપ્રીમ કોર્ટના કડક વલણ બાદ હવે ઉદ્યોગપતિ અનિલ અંબાણીઅને ટીના અંબાણીની મુશ્કેલીઓમાં તોતિંગ વધારો થયો છે. ''આલ્યા, માલ્યા અને જમાલ્યા'' જેવી સ્થિતિમાં મુકાયેલા અંબાણી ગ્રુપ સામે હવે કેન્દ્રીય એજન્સીઓએ મોરચો ખોલ્યો છે. રૂ. ૪૦,૦૦૦ કરોડના કથિત મની લોન્ડરિંગના આરોપોની તપાસ માટે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) એ ખાસ તપાસ ટીમ (SIT) ની રચના કરી છે.

આ તપાસનો રેલો હવે અનિલ અંબાણીના ઘર સુધી પહોંચ્યો છે. તેમની પત્ની ટીના અંબાણીને પૂછપરછ માટે સમન્સ પાઠવવામાં આવ્યું હતું, જોકે તેઓ હાજર થયા નહોતા, જેથી તેમને ફરીથી તેડું મોકલવામાં આવ્યું છે તપાસનો મુખ્ય વિષય મેનહટન, ન્યૂયોર્કમાં ખરીદાયેલો રૂ. ૭૦ કરોડનો

(અનુ. આઠમા પાને)

#### શા માટે ગાળિયો કસાયો?

**ગેરકાયદે રોકાણ:** ન્યૂયોર્કના એપાર્ટમેન્ટના નાણાં દુબઈ સ્થિત એક એન્ટિટી દ્વારા પાકિસ્તાન સાથે જોડાયેલા વ્યક્તિ મારફતે ફેરવવામાં આવ્યા હોવાની આશંકા છે.

**ખોટી બેંક ગેરંટી:** રિલાયન્સ પાવર દ્વારા ખોટી બેંક ગેરંટી રજૂ કરવાના કેસમાં પણ SIT તપાસ કરશે.

**ધરપકડનો દોર:** અનિલ અંબાણીના નજીકના સાથી પુનિત ગર્ગની ધરપકડ બાદ હવે વધુ મોટા માથાઓ સામે કાર્યવાહીની શક્યતા છે.

# શંકાસ્પદ નાણાના વ્યવહારોને અટકાવી દેવા બેંકોને સુપ્રીમની તાકીદ

### બેંકો હાથ ઊંચા ન કરી શકે, શંકાસ્પદ મની ટ્રાન્સફર તાત્કાલિક બ્લોક કરવાની જવાબદારી બેંકોની જ રહેશે: સુપ્રીમ

**અબતક, નવી દિલ્હી**

દેશમાં વધી રહેલા ડિજિટલ ફ્રોડ અને સાઈબર ક્રાઈમના કેસો વચ્ચે સુપ્રીમ કોર્ટે એક મહત્વપૂર્ણ અને ગ્રાહક-લક્ષી ચુકાદો આપ્યો છે. કોર્ટે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે કે જ્યારે કોઈ ખાતામાંથી શંકાસ્પદ નાણાકીય વ્યવહાર થાય, ત્યારે તેને અટકાવવાની અને બ્લોક કરવાની પ્રાથમિક જવાબદારી બેંકોની છે. બેંકો માત્ર ટેકનિકલ કારણો આપીને પોતાની જવાબદારીમાંથી છટકી શકે નહીં.

કોર્ટની બેન્ચે વધુમાં અવલોકન કર્યું કે, સામાન્ય રીતે જ્યારે કોઈ ગ્રાહક સાથે ઓનલાઈન છેતરપિંડી થાય છે, ત્યારે બેંકો ગ્રાહકને પોલીસ ફરિયાદ કરવાનું કહીને હાથ ઊંચા કરી દે છે. પરંતુ, સુપ્રીમ



કોર્ટના મતે, નાણાકીય સંસ્થાઓ પાસે એવી સિસ્ટમ હોવી જોઈએ કે જેના દ્વારા શંકાસ્પદ ટ્રાન્ઝેક્શનને રિયલ-ટાઈમમાં ઓળખી શકાય અને પૈસા ગઠિયાઓના હાથમાં પહોંચે તે પહેલાં જ અટકાવી શકાય. ગ્રાહકોના પૈસાની સુરક્ષા એ બેંકોની પ્રાથમિક ફરજ છે.

આધુનિક ટેકનોલોજીના ઉપયોગ અંગે કોર્ટે ટકોર કરતા કહ્યું કે, ડિજિટલ યુગમાં બેંકોએ તેમના આઈટી ઈન્ફ્રાસ્ટ્રક્ચરને વધુ મજબૂત બનાવવું પડશે. માત્ર ડિજિટલ પેમેન્ટની સુવિધા આપવી પૂરતી નથી, પરંતુ તે સુવિધા સુરક્ષિત છે તે સુનિશ્ચિત કરવું પણ એટલું જ જરૂરી છે. જો કોઈ વ્યવહાર ગ્રાહકની સામાન્ય પેટર્નથી અલગ હોય અથવા શંકાસ્પદ લાગે, તો બેંકની ઓટોમેટેડ સિસ્ટમે તેને ફ્લેગ કરીને અટકાવવો જોઈએ.

ઘણીવાર જોવા મળે છે કે સાયબર ફ્રોડનો ભોગ બનેલ વ્યક્તિ પોલીસ અને બેંક વચ્ચે અટવાઈ જાય છે અને ત્યાં સુધીમાં તેના પૈસા અનેક

(અનુ. આઠમા પાને)

### ચિંતા ના કરતા

# કોઈ દેશ ભારતને ક્રૂડ ન આપે તો પણ ૭૪ દિવસ ચાલે તેટલો સ્ટોક કાયમ રહેશે

**અબતક, નવી દિલ્હી**




વૈશ્વિક સ્તરે ભલે ગમે તેવી ભૌગોલિક કે રાજકીય અસ્થિરતા આવે, ભારતની ઉર્જા સુરક્ષા હવે પહેલા કરતા વધુ મજબૂત બની છે. કેન્દ્રીય પેટ્રોલિયમ મંત્રી હરદીપ સિંહ પુરીએ રાજ્યસભામાં એક પ્રશ્નના જવાબમાં જણાવ્યું હતું કે, ભારત પાસે હાલમાં એટલો તેલ ભંડાર ઉપલબ્ધ છે કે જો કોઈ મોટી વૈશ્વિક કટોકટી સર્જાય તો પણ દેશ ૭૪ દિવસ સુધી તેલની જરૂરિયાત પૂરી કરી શકે તેમ છે. મંત્રીએ સ્પષ્ટ કર્યું હતું કે આપણી ભૂગર્ભ ગુફાઓ, રિફાઈનરીઓમાં રહેલો સ્ટોક અને બંદરો પર ફ્લોટિંગ પ્લેટફોર્મ્સ પર રહેલા જથ્થાને મિલાવીને કુલ ૭૪ દિવસનો બેકઅપ આપણી પાસે તૈયાર છે

આંતરરાષ્ટ્રીય ઉર્જા એજન્સીના માપદંડ મુજબ ૯૦ દિવસનો સ્ટોક હોવો જરૂરી છે, જેની સરખામણીએ ભારત અત્યારે ખૂબ જ નજીક છે. હરદીપ સિંહ પુરીએ આત્મવિશ્વાસ સાથે કહ્યું કે, ''ભારત જેવી ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થા માટે સુરક્ષિત તેલ ભંડાર હોવો અત્યંત આવશ્યક છે જેથી કોઈ પણ વૈશ્વિક ઉથલપાથલની અસર સામાન્ય જનતા પર ન પડે. હાલના ૭૪ દિવસના સ્ટોક સાથે હું સુરક્ષિત અનુભવું છું, પરંતુ આગામી સમયમાં આ ક્ષમતા વધારવા માટે સરકાર ચોક્કસપણે વિચાર કરશે.'' હાલમાં આંધ્રપ્રદેશ અને કર્ણાટકમાં આવી વિશાળ ભૂગર્ભ તેલની ગુફાઓ આવેલી છે અને ટૂંક સમયમાં ઓડિશામાં પણ નવો પ્રોજેક્ટ શરૂ થવાની આશા છે. ઉલ્લેખનીય છે કે ભારત વિશ્વનો ત્રીજો સૌથી મોટો ક્રૂડ ઓઈલનો વપરાશકાર અને ચોથો સૌથી મોટો રિફાઈનિંગ ક્ષમતા ધરાવતો દેશ છે, જે દેશની આર્થિક સ્થિરતા માટે આ વ્યૂહાત્મક ભંડારને ખૂબ મહત્વનો બનાવે છે.

### બમ બમ ભોલેના ગગનભેદી નાદ સાથે

# મિનિ કુંભ સમા મહાશિવરાત્રીના મેળાનો કાલથી જૂનાગઢમાં મંગલારંભ



## પ્રથમવાર સાધુ-સહતોના નગર પ્રવેશ સાથે અલૌકિક નગર યાત્રા યોજાશેઃ રવેડીનો રૂટ ૧.૫ કિ.મી.થી વધારી ૨ કિ.મી.નો કરાયોઃ ૨૯૦૦ પોલીસ જવાનોનો ચૂસ્ત બંદોબસ્તઃ સીસીટીવી કેમેરાની બાજ નજર રહેશે

**અબતક, દર્શન જોશી, જૂનાગઢ**

જૂનાગઢમાં ગરવા ગીરનારની ગોદમાં યોજાતા ભજન, ભકિત અને ભોજનના ત્રિવેણી સંગમ સમા મહાશિવરાત્રીના પાંચ દિવસના વિશ્વ પ્રસિધ્ધ મેળાનો આવતીકાલથી મંગલારંભ થઈ રહ્યો છે. મેળાને ભવ્ય અને દિવ્ય બનાવવામાં આવશે આવતીકાલે સાધુ સંતોની ભવ્ય અને અલૌકિક નગરયાત્રા સાથે મેળાનો આરંભ થશે.

મહાશિવરાત્રી મેળાને વધુ યાદગાર અને ભવ્ય બનાવવા માટે આ વર્ષે પ્રથમવાર સાધુ સંતોના નગર પ્રવેશ સાથે અલૌકિક નગરયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. તા. ૧૧ ફેબ્રુઆરીએ સાંજે તમામ સાધુ સંતોના આગમન સમયે તેમનું ભવ્ય સ્વાગત કરવા ભવ્યાતિભવ્ય નગરયાત્રા નીકળશે.

જૂનાગઢમાં યોજાતા 'મીની કુંભ' મહાશિવરાત્રી મેળામાં પધારતા સાધુ સંતો અને શ્રધ્ધાળુઓને આવકારવા વહીવટી તંત્ર સજ્જ છે. શ્રધ્ધાળુઓની આસ્થાને ધ્યાનમાં રાખીને દર વર્ષે રવેડી રૂટ ૧.૫ કિ.મી. નો હોય છે જેમાં ૫૦૦ મીટરનો વધારો કરીને આ વર્ષે ૨ કિ.મી કરવામાં આવ્યો છે, જેથી પવિત્ર નાગા સાધુઓની રવેડીના દર્શનનો મહત્તમ શ્રધ્ધાળુઓને લાભ મળી શકે.




સરકાર દ્વારા આ વર્ષે મેળામાં આવતા લાખો શ્રધ્ધાળુઓ માટે ખાસ વ્યવસ્થાઓ કરવામાં આવશે. દર વર્ષે અંદાજે ૧૬૦૦ પોલીસ જવાનોને ફરજો સોંપવામાં આવે છે જેની સંખ્યા વધારીને આ વર્ષે ૨૯૦૦થી વધુ કરવામાં આવી છે. મેળામાં કોઈપણ અનીચ્છનીય બનાવ ન બને તે હેતુથી સમગ્ર વિસ્તારમાં સીસીટીવી કેમેરા દ્વારા સતત દેખરેખ રાખવામાં આવશે. આ ઉપરાંત પાર્કિંગ, અવર જવરના રસ્તાઓ, રહેવાની સુવિધા માટે ડોર મેટરી જેવી અનેક વ્યવસ્થાઓ કરવામાં આવી છે.

રાજ્ય સરકારના ટૂરિઝમ વિભાગ દ્વારા સમગ્ર રૂટનું ભગવાન ભોલેનાથની થીમ પર સુશોભન કરવામાં આવ્યું છે. જૂનાગઢ શહેરને પણ રોશનીથી શણગાર કરવામાં આવ્યા છે. સમગ્ર રૂટમાં અનેક સેલ્ફી પોઈન્ટ, ઈન્ફોર્મેશન સેન્ટર પણ મુકવામાં આવ્યું છે. આ ઉપરાંત શાહી સ્નાન સમયે મહાશિવરાત્રી મેળાનું લાઈવ સ્ટ્રીમીંગ પણ કરવામાં આવી છે.


આ વર્ષે જૂનાગઢ પોલીસ દ્વારા પ્રથમવાર ૧,૦૦૦ થી વધુ સ્થાનિક યુવાનોને વોલેન્ટિયર તરીકે જોડી મેળાની વ્યવસ્થામાં સામેલ કરવામાં આવશે. ૩૦૦ થી વધુ સામાજિક સંસ્થાઓ દ્વારા ભાવિકો માટે ઉતારા અને ભોજન (પ્રસાદ)ની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. મેળાના રૂટ પર શુધ્ધ પીવાના પાણીની તથા સ્વચ્છ શૌચાલયની વ્યવસ્થા કરવામાં આવી છે.

આ બેઠકમાં મહાશિવરાત્રી મેળા સંદર્ભે તૈયાર કરવામાં આવેલા ગીતનું પણ લોન્ચીંગ કરવામાં આવ્યું હતું.

ભવનાથના આંગણે યોજાતા ભકિત અને શ્રધ્ધાના આ પર્વમાં રાજ્ય સહિત

(અનુ. આઠમા પાને)

# રાજકોટ સહિત સૌરાષ્ટ્રભરમાં જોરદાર ઝાકળવર્ષાઃ આહલાદક વાતાવરણ



તસવીરઃ શૈલેષ વાડોલિયા

## વાતાવરણમાં ઠંડક પ્રસરીઃ વિઝિબિલીટીમાં ઘટાડો, વાહન ચાલકોને હાલાકીઃ રોડ ભીના થઈ ગયા, કાલે પણ ઝાકળ વર્ષાની શકયતા

**અબતક, રાજકોટ**

રાજકોટ સહિત સૌરાષ્ટ્રભરમાં આજે વહેલી સવારે જોરદાર ઝાકળ વર્ષા થવા પામી હતી. વાતાવરણમાં ભારે ઠંડક પ્રસરી જવા પામી હતી. આહલાદક નજારો જોવા મળ્યો હતો. વિઝિબીલીટીમાં ઘટાડો નોંધાયો હતો. વિઝિબિલીટી માત્ર ૫૦ મીટરની રહેવા પામી હતી. જેના કારણે હાઈવે પર વાહન ચાલકોએ ભારે હાડમારીનો સામનો કરવોપડયો હતો. આવતીકાલે પણ ઝાકળ વર્ષાની સંભાવના વ્યકત કરવામાં આવી છે.

શિયાળાની સિઝન હવે વિદાય લેવા ભણી આગળ વધી રહી છે. ઉનાળાનું ધીમી ગતિએ આગમન થઈ રહ્યું છે. છેલ્લા એકાદ સપ્તાહથી વહેલી સવારે અને રાત્રીના સમયે ગુલાબી ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે. જયારે બપોરે ઉનાળા જેવા આકરા તડકા પડે છે. દરમિયાન

(અનુ. આઠમા પાને)

# લોકો પાયલટની સર્તકતાએ ૧૦ સિંહોના ટોળાને ટ્રેનની ચપેટમાં આવતા બચાવ્યું

## અચાનક સિંહનું ટોળુ રેલવે ટ્રેક પર આવી ગયુઃ ઈમરજન્સી બ્રેક લગાવી ટ્રેનને રોકી દેવાય

**અબતક, રાજકોટ**

લોકો પાયલોટની સર્તકતાના કારણે ૧૦ સિંહોના ટોળાને ટ્રેનની ચપેટમાં આવતા બચાવી લેવામાં આવ્યા હતા.

ભાવનગર રેલવે મંડળ દ્વારા સિંહો તથા અન્ય વન્યજીવોની સુરક્ષા માટે સતત અસરકારક પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. મંડળના નિર્દેશ અનુસાર ટ્રેનોનું સંચાલન કરતા લોકો પાયલટો નિર્ધારિત ગતિનું પાલન કરતાં વિશેષ સતર્કતા સાથે પોતાની ફરજ નિભાવી રહ્યા છે. લોકો પાયલટોની સતર્કતા તથા વન વિભાગના ફોરેસ્ટ ટ્રેકરો સાથેના સારો સમન્વયના પરિણામે ગયા નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન કુલ ૧૫૯ સિંહોના પ્રાણ બચાવવામાં સફળતા મળી હતી. જયારે વર્તમાન નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં અત્યાર સુધીમાં ૧૦૧ સિંહોને સુરક્ષિત રીતે બચાવવામાં આવ્યા છે.



ભાવનગર મંડળના વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક અતુલ કુમાર ત્રિપાઠીએ માહિતી આપતાં જણાવ્યું હતું કે ગઈકાલે સોમવારે લોકો પાયલટ રામાવતાર મીના, મુખ્યાલય-જૂનાગઢ તથા સહાયક લોકો પાયલટ સોનુ શર્મા, મુખ્યાલય-જૂનાગઢે સાસણગીર-કાંસિયાનેશ સેકશનમાં કિલોમીટર નં.૧૧૭/૦૩ થી ૧૧૭/૦૧ વચ્ચે અચાનક રેલવે ટ્રેક પર ૧૦ સિંહોના ઝૂંડને જોયો. ત્યારબાદ તેમણે ટ્રેન નંબર ૫૨૯૫૫ વેરાવળ-જૂનાગઢ પેસેન્જર ટ્રેનને તરત જ ઈમરજન્સી બ્રેક લગાવી સુરક્ષિત રીતે રોકી દીધી.લોકો પાયલટ દ્વારા ટ્રેન મેનેજર (ગાર્ડ) સંજય દિક્ષિત, મુખ્યાલય-જૂનાગઢને તાત્કાલિક જાણ કરવામાં આવી. વન વિભાગના ફોરેસ્ટ ટ્રેકર જે. જી. પરમાર ટ્રેનમાં હાજર હતા. તેમના દ્વારા તમામ સિંહોને સુરક્ષિત રીતે રેલવે ટ્રેક પરથી હટાવવામાં આવ્યા. પરિસ્થિતિ સામાન્ય જણાતા લોકો પાયલટને ટ્રેન આગળ ચલાવવાની મંજૂરી આપવામાં આવી, ત્યારબાદ ટ્રેનને સાવધાનીપૂર્વક ગંતવ્ય તરફ રવાના કરવામાં આવી.

આ ઘટનાની માહિતી મળતાં લોકો પાયલટોએ કરેલા આ સરાહનીય અને સંવેદનશીલ કાર્ય બદલ મંડળ રેલ પ્રબંધક દિનેશ વર્મા, અપર મંડળ રેલ પ્રબંધક હિમાંશુ શર્મા તથા અન્ય અધિકારીઓ દ્વારા પ્રશંસા વ્યક્ત કરવામાં આવી.



### ખોખળદળ નજીકથી થયેલા અપહરણ પ્રકરણમાં નવો વળાંક

# હત્યાની કોશિશના ગુનામાં સાથે જેલ હવાલે થયેલા મિત્રો જ યુવકને ઉઠાવી ગયા'તા

## કણકોટના યુવકનું અપહરણ કરી ઝીંઝુડાના જંગલમાં લઈ ગયાં'તા : આરોપીઓએ ત્યાંથી ૧૦ લાખની ખંડણી માંગી'તી : રકમ લેવાં બે સ્વીફ્ટ કારમાં મેટોડા આવ્યાં'તા:

### જૂના મિત્રો વચ્ચે મનદુ:ખ થયાં બાદ મુખ્ય સૂત્રધાર સંજય ઉર્ફે દાંતી સહીતની ટોળકીએ કાવતરું ઘડ્યું'તું

### પોલિસને જોતા જ યુવકને છરીનો ઘા ઝીંકી નીચે ઉતારી દઈ નાસી ગયા'તા : એલસીબી ઝોન-૧ અને આજીડેમ પોલીસે મુખ્ય સૂત્રધાર સહીત ત્રણને દબોચી કાર કબ્જે કરી

### કાલાવડમાં હત્યાના પ્રયાસના ગુનામાં ઝડપાતા મુકેશે ખર્ચની રકમ ભોગવવાનો વાયદો આપ્યો'તો

પોલિસ સૂત્રોમાંથી પ્રાપ્ત વિગત અનુસાર છ માસ પહેલાં કાલાવડ પંથકમાં એક હત્યાના પ્રયાસનો બનાવ સામે આવ્યો હતો. જેમાં હાલ અપહરણ થયેલ યુવક અને આરોપીઓ સંડોવાયેલા હોવાનું પણ સામે આવ્યું હતું. જે હત્યાનો પ્રયાસનો બનાવ થયો હતો. જે ઘટનામાં અપહ્યત અને અપહરણકર્તાઓ સાથે જેલહવાલે થયાં હતા. બાદ જામીન સહીતનો ખર્ચ મુકેશે આપવાનો વાયદો કર્યો હતો પરંતુ ત્યારબાદ મુકેશે ખર્ચની રકમ નહીં આપતાં સંજય અને કાલી સહિતના શખ્સોએ અપહરણ કરી ખંડણીની માંગ કરી હતી.



### એલસીબી ઝોન-૧ પીએસઆઈ સહીતની ટીમ સતત ૪૮ કલાક સુધી પાછળ રહી : જંગલમાં ડેરા તાણ્યા

પોલિસ સૂત્રોમાંથી પ્રાપ્ત વિગત અનુસાર ખોખળદળ નજીકથી કણકોટના યુવકનું અપહરણ થઈ જતાં ડીસીપી હેતલ પટેલ દ્વારા તાત્કાલિક અપહ્યતને મુક્ત કરાવી ગુનાનો ભેદ ઉકેલવા સૂચના અપાઈ હતી. જે સૂચનાને પગલે આજીડેમ પોલિસ અને એલસીબી ઝોન-૧ ટીમો દોડતી થઈ હતી. એલસીબી ઝોન-૧ પીએસઆઈ એમ કે મોવલીયા અને આજીડેમ પોલિસની ટીમ સતત ૪૮ કલાક સુધી અપહરણકર્તાઓની પાછળ રહી હતી. દરમિયાન અપહરણકર્તાઓ જંગલમાં છુપાયા હોવાની માહિતી મળતા પોલીસે જંગલમાં ડેરા તાણ્યા હતા. જે બાદ પોલિસ પાછળ હોવાનું જાણવા મળતા જ અપહરણકર્તાઓ ત્યાંથી નીકળી ખંડણી લેવા મેટોડા પહોંચ્યા હતા અને ઝડપાઈ ગયા હતા.

**અબતક, રાજકોટ**

રાજકોટના ખોખડદળ નજીકથી થયેલ કણકોટના યુવાનના અપહરણ પ્રકરણમાં નવો વળાંક આવ્યો છે. અગાઉ હત્યાની કોશિશના ગુનામાં સાથે જેલહવાલે થથયેલા જૂનાગઢ મિત્રો આણી ટોળકીએ જ યુવકનું અપહરણ કરી રૂ. ૧૦ લાખની ખંડણી માંગી હતી. અપહ્યતને ઉઠાવી સુરેન્દ્રનગરના ઝીંઝુડાના જંગલમાં લઈ ગયાં હતાં ત્યાંથી ખંડણી માંગી અને તે રકમ લેવાં બે સ્વીફ્ટ કારમાં મેટોડા આવ્યાં હતા. ત્યારે પોલીસ પણ ત્યાં હોવાની ભણક આરોપીઓને આવી જતાં યુવકને છરીનો ઘા ઝીંકી આરોપીઓ નાસી છૂટ્યા હતાં. હાલ યુવકને સારવારમાં ખસેડી પોલિસે મુખ્ય સૂત્રધારને દબોચી લીધો છે જયારે બે શખ્સોની શોધખોળ શરૂ કરવામાં આવી છે.

બનાવ અંગે કણકોટ કોળીવાસ એન્જિનીયરીંગ કોલેજ પાસે રહેતાં પૂજાબેન મુકેશભાઇ ઉધરેજા (ઉ.વ.૨૬)ની ફરિયાદ પરથી આજીડેમ પોલીસે અજાણ્યા શખસો સામે ગુનો નોંધ્યો છે. ફરિયાદી પૂજાબેન ઉધરેજાએ જણાવ્યું હતું કે, તા. ૦૭ ના રોજ બપોરે તેમના પતિ મુકેશભાઈ અને તેમના મિત્રો અરૂણભાઈ રાઠોડ, વિજયભાઈ ઉકેળીયા તથા વિજય મહતો પોતાની સ્વિફટ કાર જીજે-૩૬-આર-૭૯૪૮ લઈને શાપર ગયા હતા. સાંજે ચાર વાગ્યે મુકેશભાઈએ પત્નિને ફોન કરીને કહ્યુ હતુ કે આજે રસોઈ બનાવતી નહીં, આપણે બહાર જમવા જઈશું. જો કે સાડા સાત વાગ્યા બાદ મુકેશભાઈનો ફોન બંધ આવવા લાગતા પરિવાર ચિંતામાં મુકાયો હતો.

મુકેશભાઈના મિત્ર અરૂણ ઉર્ફે ગીડીએ પરિવારને આપેલી માહિતી મુજબ તેઓ શાપરથી પરત ફરતા હતા ત્યારે ખોખડદળ મેલડી માતાના મંદિરે દર્શન કરવા જઈ રહ્યા હતા. આ સમયે સાંજના પોણા સાત વાગ્યાના અરસામાં એક સિલ્વર કલરની કારે તેમની ગાડી આંતરી હતી. કારમાંથી નીચે ઉતરેલા એક શખસે ઈશારાથી ગાડી ઉભી રખાવી હતી. ત્યારબાદ બીજી કારમાંથી અન્ય ત્રણ માણસો નીચે ઉતર્યા હતા. આરોપીઓએ ગાડીમાં સવાર મુકેશભાઈ અને તેના મિત્રોને નીચે ઉતારવા દબાણ કર્યું હતું.

દરમિયાન મુકેશભાઈ નીચે ન ઉતરતા એક શખ્સે છરી બતાવી ગાળો આપી તેમને ખેંચીને બહાર કાઢયા હતા અને ઢીકાપાટુનો માર માર્યો હતો. મુકેશભાઈના મિત્રો તેમને છોડાવવા વચ્ચે પડતા આરોપીઓએ છરી બતાવી જાનથી મારી નાખવાની ધમકી આપી પથ્થરમારો કર્યો હતો, જેના કારણે મિત્રો થોડે દૂર જતા રહ્યા હતા. તકનો લાભ લઈ ચારેય અજાણ્યા શખસો મુકેશભાઈને તેમની જ સ્વિફટ કારમાં બળજબરીથી બેસાડી, બંને કાર લઈ અંધારામાં ફરાર થઈ ગયા હતા.

બનાવ સામે આવતાં ડીસીપી હેતલ પટેલના માર્ગદર્શન હેઠળ આજીડેમ પોલીસ મથકના પીઆઇ એ. બી. જાડેજા અને એલસીબી ઝોન-૧ પીએસઆઈ એમ કે મોવલિયાની રાહબરીમાં સીસીટીવી ફૂટેજ ચકાસવા અને આરોપીને શોધી અપહ્યતને મુક્ત કરાવવા તપાસ શરૂ કરી હતી.

જે અંગે પોલીસ સુત્રોમાંથી મળતી વિગત મુજબ, પોલીસને આરોપીઓ યુવકનું અપહરણ કરી ચોટીલા તરફ ગયાનું સામે આવતાં પોલીસની ટીમ ચોટીલા અને બાદમાં નજીકમાં આવેલ ઝીંઝુડાના જંગલમાં તપાસ આદરી હતી. જો કે, સાતીર આરોપીઓને પોલીસ પાછળ હોવાની ગંધ આવતાં તેઓએ ત્યાંથી જ અપહ્યત યુવકના પરિવારને ફોન કરી રૂ.૧૦ લાખની ખંડણી માંગી હતી. જેથી યુવકના પરિવારે હા પાડતાં મેટોડા જીઆઈડીસી નજીક ખંડણી લેવાનું નક્કી થયું હતું.જે બાદ તે બાબબતની પોલીસને પણ જાણ થતાં એક ટીમ મેટોડા જીઆઈડીસી નજીક વોચમાં ગોઠવાઈ હતી, તે દરમિયાન ખંડણી લેવાં આવેલ આરોપીઓને પોલીસ પાછળ હોવાની જાણ થતાં યુવકને છરીનો ઘા ઝીંકી ત્યાં જ ઘા કરી બે કારમાં નાસી છૂટ્યા હતાં. જો કે, તેની પાછળ જ રહેલ પોલીસને માધાપર ચોકડી નજીકથી ગેંગનો મુખ્ય સૂત્રધાર સંજય ઉર્ફે દાન્તિ ચતુરભાઈ સોલંકી(રહે. પીપળીયા, રાજકોટ)ને સકંજામાં લઈ કાર પણ કબ્જે કરી હતી. બાદમાં પોલિસે અપહરણના ગુનામાં વિજય ઉર્ફે લટાળો અને સુરેશ કેશુ ઉકેડિયાને ઝડપી લીધા હતા. જયારે રવિ ઉર્ફે કાલી, વિજય ઉર્ફે વિક્કી અને સાગર નામના શખ્સની શોધખોળ શરૂ કરી હતી. હાલ ઘવાયેલ યુવકને સારવારમાં ખસેડી અન્ય આરોપીઓને પકડવા તજવીજ હાથ ધરાઈ રહી છે.પોલિસ સૂત્રોમાંથી પ્રાપ્ત વિગત અનુસાર છ માસ પૂર્વે કાલાવડમાં નોંધાયેલ હત્યાની કોશિશના ગુનામાં અપહ્યત અને અપહરણકર્તા સંજય ઉર્ફે દાન્તિ, રવિ ઉર્ફે કાલી સહીતના સાથે જેલહવાલે થયાં હતા જે મામલે મનદુ:ખ થતાં મુકેશનું અપહરણ કરાયું હતું.

# વેપારી પાસે સીંગતેલના 30 ડબ્બા મંગાવી બારોબાર વેંચી નાખનાર ગુણવંતે ગુનો નોંધાતા ઝેર પીધું

## અશ્વિન મોલીયાનું નામ ધારણ કરી સીંગતેલના ડબ્બા નવાગામમાં ઉતરાવી લીધા : પેમેન્ટ આજીડેમ ચોકડીએથી લઈ જવાનું કહી ફોન સ્વીચ ઓફ કરી નાખ્યો'તો

### રૂ. ૮૭ હજારની ઠગાઈની ફરિયાદ નોંધાયાની જાણ થતાં ઘરે જ આપઘાતનો પ્રયાસ કર્યો : સારવાર હેઠળ

**અબતક, રાજકોટ**

મવડીના વેપારી પાસેથી માંડાડુંગરના ગુણવંત મેરએ પોતાનું નામ બદલી ૮૭ હજારના તેલના ડબ્બાઓ મંગાવી પૈસા ન આપી છેતરપીંડી આચરી હોવાની ફરિયાદ નોંધાવતા કુવાડવા રોડ પોલીસે ગુનો નોંધ્યો છે. ઉલ્લેખનિય છે કે, આરોપી સામે ફરિયાદ નોંધાતા ઝેરી દવા પી લેતા સારવાર અર્થે ખસેડાયો છે.

બનાવ અંગે મવડી પાળ રોડ સેલેનીયમ હાઈટસ ૩૦૧ રામધણ ગૌશાળા પાસે રહેતા અને જૂનાગઢની કનૈયા મીની ઓઈલ મીલનું તેલ સપ્લાયરનો વેપાર કરતા પ્રદીપકુમાર છીત્તસ્વામી પાનસેરીયાએ કુવાડવા રોડ પોલીસમાં આજીડેમના માંડાડુંગર પાસે રહેતા ગુણવંત ભુપત મેર સામે નોંધાવેલ ફરિયાદમાં જણાવ્યું હતું કે ગઈ તા.૨/૧૧/૨૫ ના તેને અશ્વિન મોલીયા નામના વ્યકિતએ ફોન કરી સીંગતેલના ૫૦ ડબ્બા મહિકા ગામે તેની દુકાન રાજખોડલ જનરલ સ્ટોરમાં મોકલવાના હોવાની વાત કરી હતી.

એક ડબ્બાની કિ.રૂ.૨૯૦૦ નકકી કરેલ જે પૈસા રૂબરૂ આપશે તેમ જણાવ્યું હતું.જેથી વેપારીએ તેનો ટેમ્પો ભરી ડ્રાઈવર હિમાંશુ સાંદેસરાને ૫૦ ડબ્બા સાથે મોકલ્યો હતો. બાદ ડ્રાઈવર હિમાંશુને શખ્સે ફોન કરી જણાવ્યું કે, તેલના ડબ્બા મહિકા ઉતારવાના નથી, પરંતુ મારે કેટરર્સનું કામ રૂડા ટ્રાન્સપોર્ટનગર શિવમ રોડ લાઈન્સની સામે ખટારાના પાર્કીંગ પાસે નવાગામમાં મોકલવાના છે ત્યાં 30 ડબ્બા ઉતારી આપજો તેમ વાત કરેલ હોવાનું ડ્રાઈવરે તેઓને જણાવેલ હતું.જેથી 30 ડબ્બા નવાગામમાં ઉતારી ૨૦ ડબ્બા આજીડેમ ચોકડી પાસે ઉતારવાના છે. ત્યાં ડીલીવરી બાદ પેમેન્ટ કરી આપશે તેમ જણાવેલ જેથી ડ્રાઈવર આજીડેમ ચોકડી પાસે પહોંચી જતા શખ્સે બેંકમાંથી પૈસા ઉપાડી તમને પેમેન્ટ આપી દેવાનું કહી ફોન બંધ કરી દીધો હતો.જેથી મહિકા ગામમાં જઈ તપાસ કરતા આવી કોઈ દુકાન ન હોવાનું જાણવા મળેલ જેથી નવાગામમાં ડબ્બા ઉતાર્યા બાદ ત્યાંથી રીક્ષામાં ચડાવનાર શિવા માલીકીયાને પૂછતા આ તેલના ડબ્બા તેના મિત્ર ગુણવંત ભુપત મેર હોવાનું જાણવા મળેલ આમ આરોપી ગુણવંતે બીજાના નામે તેલના ડબ્બા મંગાવી લઈ રૂ.૮૭ હજાર ન ચુકવી છેતરપીંડી આચરી હોવાનું જણાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

હાલ તેને પણ ઝેરી દવા પી લેતા સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડતા હોસ્પિ.ચોકીના સ્ટાફે નોંધ કરી આજીડેમ પોલીસને જાણ કરતા હેડ કોન્સટેબલ હેમંત ધરજીયા સહિતનો સ્ટાફ દોડી જઈ તપાસ હાથ ધરતા આરોપીએ જણાવ્યું હતું કે તેના પુત્રની લગ્નની તારીખ નજીક હોય અને તેની સામે કેસ નોંધાતા પગલું ભર્યાનું હાલ પ્રાથમિક કારણ જાણવા મળ્યું છે.આરોપી ગુણવંત જેની સામે રાજકોટ, અમદાવાદ, સુરત અને વડોદરામાં છેતરપીંડી, દારૂ સહિતના ૧૨ ગુનાઓ નોંધાઈ ચુકયા છે.

### રાજ્યના ચારેય મહાનગરોમાં ૧૨ ગુના આચરનાર ગુણવંતની પુત્રીના ચાર દી' પછી લગ્ન હતા

ગુણવંત મેર સામે રાજ્યના ચારેય મહાનગરો રાજકોટ, અમદાવાદ, સુરત અને વડોદરામાં અલગ અલગ પ્રકારના ૧૨ ગુના નોંધાયેલ છે. આરોપીને સંતાનમાં બે પુત્રી અને એક પુત્રી છે. જેમાંથી એક પુત્રીના આગામી ૧૪ તારીખે લગ્ન હતાં. જે પહેલા પણ તેને હાથ સાફ કરી લીધો અને બાદમાં ગુનો દાખલ થતાં આપઘાતનો પ્રયાસ કરતાં પુત્રીના લગ્ન ટાંકણે જ પરીવાર ચિંતામાં મુકાયો છે.

# ધરમનગરના મકાનમાંથી રૂ. ૧.૫૩ લાખની મતા ઉઠાવી જનાર તસ્કર ગેંગની બેલડી ઝડપાઈ

## યુનિવર્સીટી પોલિસે રૈયાધારના બે શખ્સોને દબોચી ૭૨ હજારની મતા કબ્જે કરી : મુખ્ય સૂત્રધારની શોધખોળ

**અબતક, રાજકોટ**

ધરમનગર મકાનમાં ત્રાટકી સોનાના ઘરેણાં, રોકડ મળી કુલ રૂ.૧.૫૩ લાખની મતા ઉઠાવી જનાર તસ્કર ત્રિપુટીના બે સાગરીતોને યુનિવર્સીટી પોલિસે ઝડપી લઈ રૂ. ૭૨ હજારનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. જયારે મુખ્ય સૂત્રધારની શોધખોળ શરૂ કરવામાં આવી હતી. સમગ્ર બનાવની વિગતો પર નજર કરવામાં આવે તો રેલનગરમાં ભાડેથી રહેતા ૬૬ વર્ષીય વૃદ્ધ અરવિંદભાઈ દેવરાજભાઈ જેઠવાએ યુનિવર્સીટી પોલિસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, મારે ૧૫૦ ફૂટ રીંગ રોડ ઉપર ધરમનગર શેરી નં.૧૧ના કોર્નર ઉપર બે માળનુ મકાન આવેલ છે. અગાઉ હું તથા મારી પત્ની અમદાવાદ રહેતા હતા. પંદર દિવસ પહેલા અમે સામાન ભરીને રાજકોટ આવતા રહેલ હતા. મે મારો સામાન મારા ધર્મનગર શેરી નં.૧૧ના કોર્નર ઉપર આવેલ મકાનમાં હોલમા રાખેલ હતો જયારે હુ તથા મારી પત્ની મારા દિકરા સાથે રેલનગરમાં સાથે રહેતા હતા.



ગઈ તા.૦૫/૦૨/૨૦૨૬ ના રોજ બપોરના હુ મારા ધરમનગર સ્થિત મકાનમા રીપેરીંગ કામ કરવા કડીયાને લઈને ગયેલ હતો અને કડીયાને રીપેરીંગનુ કામ બતાવી તાળુ મારી મારા ઘરે જતો રહેલ હતો. બીજા દિવસે તા.૦૬/૦૨/૨૦૨૬ના રોજ હુ સવારના આશરે આઠેક વાગ્યે હુ મારા ધરમનગર ખાતે આવેલ મકાન ખાતે ગયેલ ત્યારે કીચનનો દરવાજો ખુલ્લો હતો.જેથી મે તે દરવાજામાંથી અંદર જઈને હોલમાં જોયેલ તો સામાન વેરવિખેર પડેલ હતો. જેથી મને ચોરી થયેલાનુ જણાયેલ પણ મકાનના મેઈન દરવાજાનુ તાળુ તુટેલ ન હતું. બાદ તપાસ કરતા કીચનની બારીનો કાચ તુટેલ હતો. જે બારીમાથી કોઈએ હાથ નાખી કીચનનો અંદરથી દરવાજો ખોલેલ હોય તેવુ જણાયેલ હતું. બાદ ઘરમાં તપાસ કરતા રોકડ, સોનાના ઘરેણાં, સીલિંગ ફેન મળી કુલ રૂ. ૧.૫૩ લાખની ચોરી થઈ ગયાની જાણ થતાં ફરિયાદ નોંધાવી હતી.

બનાવને પગલે ઉચ્ચ અધિકારીઓ દ્વારા તાત્કાલિક ચોરીના ગુનાનો ભેદ ઉકેલવા સૂચના આપવામાં આવી હતી. જે સૂચના અનુસંધાને યુનિવર્સિટી પોલિસ મથકના પીઆઈ એચ એન પટેલના માર્ગદર્શન હેઠળ ડી-સ્ટાફ પીએસઆઈ વી જી ડોડીયાની ટીમ પેટ્રોલિંગમાં હતી. સીસીટીવી ફૂટેજના આધારે તપાસ હાથ ધરતા ત્રણેક શખ્સોની શંકાસ્પદ હિલચાલ જોવા મળી હતી. જેથી આ શખ્સોની ભાળ મેળવવા પોલિસે તપાસના ચક્રો ગતિમાન કરતા હેડ કોન્સ્ટેબલ પ્રતાપસિંહ મોયા અને કોન્સ્ટેબલ પ્રાદિત્યસિંહ ઝાલાને ખાનગી રહે બાતમી મળી હતી કે, ધરમનગરના બંધ મકાનમાંથી દાગીના સહિતની મતા ઉઠાવી જનાર તસ્કરો હાલ રૈયા ગામથી મેલડી માતાજીના મંદિર પાસે કાચા રસ્તે જીજે-૦૩-બીએકસ-૦૬૫૧ નંબરની રીક્ષા લઈને જઈ રહ્યા છે. જે બાતમીના આધારે યુનિવર્સિટી પોલીસની ટીમે દોડી જઈ બે શખ્સોને ઉઠાવી સઘન પૂછપરછ કરતા તેમણે ચોરીની કબુલાત આપતા મેહુલ પરસોત્તમભાઈ સોલંકી (ઉવ ૨૦ રહે. રૈયાધાર, રાધેશ્યામ ગૌશાળાની સામે, રાજકોટ) અને અતુલ મનસુખભાઈ મકવાણા (ઉવ ૨૦ રહે. રૈયાધાર મચ્છુનગર સામે, રાજકોટ)ની ધરપકડ કરી સોનાનો ઢાળ ચડાવેલ બુટ્ટી, સીલીંગ ફેન, સીએનજી રીક્ષા અને રોકડ મળી કુલ રૂ.૭૨,૦૪૦ નો મુદ્દામાલ કબજે કર્યો હતો.ઝડપાયેલ આરોપીએ કબૂલાત આપી હતી કે, ચોરીની ઘટનાનું આખેઆખું કાવતરું ગોપાલ હીરાભાઈ થારકીયા (રહે. રૈયાધાર રાધેશ્યામ ગૌશાળાની સામે,રાજકોટ)દ ઘડ્યું હતું. તેણે આ બંધ મકાન ટાર્ગેટ કરવાનું કહી તેના બંને મિત્રો મેહુલ અને અતુલને સાથે રાખી મકાનના રસોડાની બારીનો કાચ તોડી પ્રવેશ કરી રૂ.૧.૫૩ લાખની મતા ઉઠાવી ફરાર થઈ ગયા હતા. મુખ્ય સૂત્રધારે ચોરીના મુદ્દામાલ પૈકી ઝડપાયેલા બંને શખ્સોને એક જોડી બુટ્ટી અને સીલીંગ ફેન તેમજ રોકડ રૂપિયા આપ્યા હતા. જયારે બાકીનો મુદ્દામાલ પોતે લઈ ફરાર થઈ ગયો હતો. જેથી યુનિવર્સિટી હવે મુખ્ય સૂત્રધાર ગોપાલ હીરા થારકીયાની શોધખોળ શરૂ કરી છે.

# નશો કરવાની ના પાડનાર પત્નીને પતિએ સ્ટીલના પાઈપ વડે ફટકારી

## પરિણીતાએ લોન કરાવી લઈ દીધેલી રીક્ષા પતિએ ગીરવે મૂકી દીધી : બી ડિવિઝન પોલિસમાં ગુનો નોંધાયો

**અબતક, રાજકોટ**

નવાગામની પરિણીતાએ પતિને નશો કરવાની ના પાડતા ઉશ્કેરાયેલા પતિએ પત્નીને સ્ટીલના પાઈપ વડે માર માર્યો હતો. જે અંગે પરિણીતાએ બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

નવાગામ આવાસના ક્વાર્ટર છપ્પનિયા બિલ્ડિંગ નંબર ૧૯ ક્વાર્ટર નંબર ૨૬૪૨ માં રહેતી પરિણીતા સોનબાઈ (ઉ.વ. ૨૭) દ્વારા પોલીસ સ્ટેશનમાં નોંધાવવામાં આવેલી ફરિયાદમાં આરોપી તરીકે પતિ ઈમરાન અનવરભાઈ મોગલ (ઉ.વ. ૩૧) નું નામ આપ્યું છે.

પરિણીતાએ ફરિયાદમાં જણાવ્યું હતું કે, તે અહીં સાસુ સસરાથી અલગ પતિ સાથે રહે છે ઈમરાન સાથે ૧૧ વર્ષ પૂર્વે લગ્ન કર્યા હતા જેના થકી સંતાનમાં બે પુત્ર જેમાં નવાબ (ઉ.વ.૧૦) અને રઈશ(ઉ.વ.૭) સાથ છે.

પરિણીતાએ ફરિયાદમાં વધુમાં જણાવ્યું હતું કે, તેણી સગર્ભા હતી તે વખતે ઈમરાન રાજકોટથી અમદાવાદ વચ્ચે ફોરવિલ ગાડી ચલાવતો હતો તે વખતે તેની અગાઉની પત્ની અમીના જે હાલ હયાત નથી તેની સાથે અમદાવાદ ગયો હતો. જે બાબતે પરિણીતાએ તેને અમીના સાથે સંબંધ નહીં રાખવા કહેતા તેણે ઉશ્કેરાય ઢીકાપાટુનો મારમાર્યો હતો. જે બાદ અવારનવાર નાની નાની બાબતમાં ઝઘડા કરી મારકૂટ કરતો હતો. પરિણીતા બીજી વખત સગર્ભા થતાં આ વખતે પણ તેણે ઘરમાંથી કાઢી મૂકી જેથી પરિણીતા બેડીપરા ફાયર બ્રિગેડ ક્રિષ્ના ચોક શેરી નંબર પાંચ ખાતે આવેલા દાદા-દાદીના ઘરે જતી રહી હતી. ત્રણેક મહિના પછી સસરા અનવરભાઈ તેડવા આવતા તે ફરીથી પતિ સાથે રહેવા જતી રહી હતી.

બે મહિના પહેલા પરિણીતાએ પોતાના નામની બજાજ ફાઈનાન્સમાં લોન લઈ તેના પરિચિત ભાઈ અફઝલના નામે એક ઓટો રીક્ષા લીધી હતી. જે રીક્ષા ઈમરાને ગીરવે મૂકી દીધી હોય જે બાબતે પતિ-પત્ની વચ્ચે બોલાચાલી થયા બાદ તારીખ ૮/૨ ના સવારના દસેક વાગ્યે પરિણીતા બાળકો સાથે ઘરે હતી ત્યારે ઈમરાનને કહ્યું હતું કે હવે તમે કોઈ નશો ના કરતા તેમ કહેતા તે ઉશ્કેરાયો હતો અને ગાળો બોલી માર મારવા લાગ્યો હતો. બાદમાં ગઈકાલ સવારના પણ બોલાચાલી કરી ઘરમાં રાખેલ સ્ટીલના પાઈપ વડે પત્નીને માર મારતા તેને ઈજા પહોંચી હતી. આમ લગ્નના દશેક વર્ષમાં પરિણીતાને લગ્નના એક જ વર્ષ બાદથી અવારનવાર કંકાશ કરી પતિ શારીરિક માનસિક ત્રાસ આપી માર મારતો હોય અંતે તેણે આ અંગે બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.


**નામ બદલાવેલ છે**

મેં મારું નામ સન્ધિયા બદલીને સન્ધિયા ત્યાગી કરેલ છે તેથી હવે હું સન્ધિયા ત્યાગી તરીકે ઓળખાઇશ.
સરનામું : એ.1, 1202 શિલ્પા નોવા, ગંગોત્રી પાર્ક મેઈન રોડ, રાજકોટ - પિન : 360005 ગુજરાત(ભારત)



**પશ્ચિમ રેલવે-રાજકોટ ડિવિઝન**

**વિવિધ ટ્રેન આગમન પ્રસ્થાન ડિસ્પ્લે બોર્ડનો વ્યાપક વાર્ષિક જાળવણી કરાર (CAMC)**

**ઇ-ટેન્ડર સૂચના નં. DRM-RJT-25-26-SnT-E-14R1; તારીખ: 06/02/2026;**
**ઓફિસનું સરનામું:** ડિવિઝનલ રેલવે મેનેજર (એસ એન્ડ ટી), પશ્ચિમ રેલવે, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ - 360001. **વેબસાઇટ:** www.ireps.gov.in

**ટેન્ડર નંબર: DRM-RJT-25-26-SnT-E-14R1; તારીખ: 06/02/2026**

**કામનું નામ:** રાજકોટ મંડળ: દ્વારકા (PF-1): સ્ટેશન પર ત્રણ વર્ષ માટે CGDB, MLDB, AGDB, PDB, SLDB વગેરે જેવા વિવિધ ટ્રેન આગમન પ્રસ્થાન ડિસ્પ્લેબોર્ડનો વ્યાપક વાર્ષિક જાળવણી કરાર (CAMC) અને સંલગ્ન એક્સેસરીઝ.

**ટેન્ડર કિંમત:** ₹ 8,34,157.26 (આઠ લાખ ચોત્રીસ હજાર એકસો સત્તાવન રૂપિયા અને છવીસ પૈસા માત્ર);

**અર્નેસ્ટ મની ડિપોઝિટ:** ₹16,700/- (₹ સોળ હજાર સાતસો રૂપિયા માત્ર)

**ટેન્ડર ફોર્મ ફી:** ₹ 00.00 (ZERO) As Per Para-3, GCC-July-2022.

**ઓનલાઇન અરજી કરવાની છેલ્લી તારીખ અને સમય:** તારીખ 27/02/2026 ના રોજ 15:30 કલાક સુધી.

RJT 199

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly



**પશ્ચિમ રેલવે-રાજકોટ ડિવિઝન**

**ખાનગી હોસ્પિટલોનું નવું પૈનલીકરણ**

**નંબર. MD/173/1/DRM/RJT/2025-26/02 તારીખ 09-02-2026.**
**ઓફિસ સરનામું:** ચીફ મેડિકલ સુપરિન્ટેન્ડેન્ટ, ડિવિઝનલ હોસ્પિટલ, વેસ્ટર્ન રેલવે, કોઠી કમ્પાઉન્ડ, જામનગર રોડ, રાજકોટ-360001.

**ટેન્ડર સંખ્યા: MD/173/1/DRM/RJT/2025-26/02**

**કાર્યનું નામ:** રાજકોટ મંડળ: રાજકોટ મંડળ અને પશ્ચિમ રેલવેના અન્ય મંડળોના રેલવે દર્દીઓ અને લાભાર્થીઓની સારવાર માટે ઓછામાં ઓછા 50 પથારીથી સજ્જ ખાનગી હોસ્પિટલોનું નવેસરથી રેલવે સાથે પૈનલીકરણ. જો કોઈ હોય, તો આ જોડાણ નીચેના સ્થળોએ સેવા આપતા અને નિવૃત્ત રેલવે દર્દીઓ બંનેના નિયમિત રેફરલ માટે હશે-

**(૧) રાજકોટ ખાતે NABH પ્રમાણપત્ર સાથે કેન્સર હોસ્પિટલ.**

**(૨) મોરબી ખાતે NABH / નોન NABH પ્રમાણપત્ર સાથે મલ્ટિસ્પેશિયાલિટી હોસ્પિટલ.**

બધી હોસ્પિટલો દ્વારા સારવાર માટેનો ચાર્જ CGHS-2025 ટાયર-II સિટી દરો (રાજકોટ માટે) અને CGHS-2025 ટાયર III સિટી દરો (મોરબી માટે) મુજબ અથવા તેનાથી ઓછા દરો/ઓછા સ્પર્ધાત્મક દરો પર રહેશે. રસ ધરાવતી ખાનગી હોસ્પિટલો કાર્યવાહી / તપાસ યાદી માટે તેમના દરો રજૂ કરશે.

ખાનગી હોસ્પિટલોએ રેલવે દર્દીઓ માટેજરૂરી તપાસ / કાર્યવાહી હાથ ધરવાની રહેશે. આવી તપાસ/કાર્યવાહીઓની યાદી એક અઠવાડિયાપછી રેલવે હોસ્પિટલ, રાજકોટમાંથી મેળવી શકાય છે. રસ ધરાવતીખાનગી હોસ્પિટલો તેમના દરો નિર્ધારિત પરફોર્મમાં (ચીફ મેડિકલ સુપરિન્ટેન્ડેન્ટડિવિઝનલ હોસ્પિટલ, પશ્ચિમ રેલવે, કોઠી કમ્પાઉન્ડ જામનગર રોડ, રાજકોટ-360001 પર થી મેળવી શકાય છે)રજૂ કરી શકે છે અને 02-03-2026 પહેલાં સીલબંધ કવરમાં પરત મોકલી શકે છે.

**કરારની મુદત: બે વર્ષ.**

ઉપરોક્ત કાર્યમાં રસ ધરાવતી ખાનગી હોસ્પિટલો રેલવેના અધિકૃત પ્રતિનિધિઓ દ્વારા તેમની હોસ્પિટલ માટે તાત્કાલિક તેમનો ઇચ્છા પત્ર સબમિટ કરશે.

રેલવે બોર્ડના પત્ર નં. 2016/H/1/11/69 હોસ્પિટલ માન્યતા તારીખ 23/12/2016 મુજબ પસંદ કરાયેલી ખાનગી હોસ્પિટલ અને રેલવે વચ્ચે સમજૂતી કરાર (MoU) કરવામાં આવશે.પસંદ કરાયેલી હોસ્પિટલ / સંસ્થાએ રેલવે માં 30 મહિના માટે 2 લાખ રૂપિયાની પર્ફોર્મન્સ ગેરંટી (PG) જમા કરાવવાની રહેશે.

RJT 200

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly

## તંત્રી લેખ

# જળસંચય જ સમૃદ્ધિ, વૈભવ અને અર્થતંત્રના વિકાસનો સાચો આધાર બની શકે

વિશ્વની સૌથી મોટી લોકશાહી ભારત હવે આર્થિક મહાસત્તા બનવા તરફ મક્કમપાણે આગળ વધી રહ્યું છે ત્યારે અર્થતંત્રને પાંચ ટ્રીલીયન અમેરિકન ડોલરનું કદ આપવા નો રોડ મેપ તૈયાર છે ,અને તેની પર જ આર્થિક ગતિ અને વિકાસની ગાડી પૂરપાટ ઝડપે દોડી રહી છે. આર્થિક મહાસત્તા બનવા માટે સ્થાનિક અર્થતંત્રની મજબૂતાઈ ની સાથે સાથે ઓદ્યોગિક ઉત્પાદન અને દેશના નિકાસ ક્ષેત્રને વધુ મજબૂત બનાવવું જરૂરી છે. ભારતનું અર્થતંત્ર ઉદ્યોગ ની સાથે સાથે ખેતી પર વધુ નિર્ભર છે. કૃષિ પ્રધાન ભારતની ૮૦% થી વધુ ની વસ્તી ગામડામાં વસે છે અને ગામડાના મોટાભાગના લોકો પ્રત્યેક કે પરોક્ષ રીતે ખેતી સાથે જોડાયેલા છે ત્યારે ખેતીને કોઈપણ સંજોગોમાં મજબૂત કરવી અનિવાર્ય છે.

ખેતી માટે સૂત્ર છે કે ખેડ ખાતર ને પાણી લાવે સમૃદ્ધિ તાણી, ભારતમાં કૃષિ લાયક જમીનો પૂરતી છે અહીંના ખેડૂતો ખેતી કરવાની સદીઓ પુરાણી કાબેલિયતનું હુન્નર ધરાવે છે, દેશમાં પશુપાલન અને રાસાયણિક ક્રાંતિના કારણે ખાતર પણ પૂરતું છે હવે તો નેનો ટેકનોલોજી નો આવિષ્કાર અને ઓર્ગેનિક ખાતર માં જીવામૃત જેવી ટેકનોલોજીથી ખેતી અને ખાતર માં કશું જ ખૂટતું નથી. હા ભારતની કૃષિ મોટા ભાગે વરસાદ આધારિત ગણાય છે, વરસાદની અનિયમિતતા ના કારણે ખેતીની આવક અનિશ્ચિત હોવાથી કૃષિને નિશ્ચિત આવક આપતા ઉદ્યોગનો દરજ્જો અપાતો નથી, ત્યારે ખેતીને બારમાસી સમથળ આવક માટે સિંચાઈના પાણીની આવશ્યકતા હોય છે ,સરકાર દ્વારા જળસંચય અને જળ સંરક્ષણના કાર્યક્રમો પર પૂરતું ધ્યાન દેવાય રહ્યું છે સરકારે તાજેતરમાં જ ન પાણિયા ગણાતા કચ્છના ૨૮૧ ગામોના ૯૧૦તળાવોમાં જળસંચય માટે કમર કસી છે કચ્છને પાણીયાળુ બનાવવા માટે સરકારના આ પ્રયાસો ખરેખર આશીર્વાદરૂપ બની રહેશે.. કચ્છની જેમ જ જો રાજ્ય અને દેશભરમાં હયાત અને નવા જળ સ્ત્રોતો ને વરસાદી પાણી થી વધુ સારી રીતે સંચિત કરવાની વ્યવસ્થા થાય તો ગુજરાત સહિત ભારતની કૃષિ સમગ્ર વિશ્વમાં ડંકો વગાડે તેમાં બે મત નથી જળસંચય સમૃદ્ધિ નો સાચો આધાર બની શકે છે આ વાત ઉપર હવે માત્ર ગુજરાતનું કચ્છ જ નહીં સમગ્ર દેશ ના પ્રબુધો એ વિચારવું જોઈએ

# આદ્યશક્તિ અને હરપાલદેવના પરાક્રમની ભવ્ય ગાથા પડદે જીવંત

## નિર્માતા કાનજીભાઈ પટેલ, દિગ્દર્શક જીતુભા જાડેજા અને દીપ્તિબેન ગોંડલની ભક્તિરસથી ભરપૂર ઐતિહાસિક ફિલ્મમાં મનોજ-બિમલનું સંગીત અને સુરબરદાઈના ગીતો વિશેષ આકર્ષણ

**અબતક, રાજકોટ**

સનાતન સંસ્કૃતિના ગૌરવ, જગતજનની આદ્યશક્તિ માં અને મહાદેવના અંશાવતાર હરપાલદેવના અલૌકિક જીવનપ્રસંગોને પડદે ઉતારતી ઐતિહાસિક ફિલ્મ હરપાલદેવ માં શક્તિ ના અમર અંજવાળા તાજેતરમાં રિલિઝ થઈ છે. આર.કે. ફિલ્મ્સના બેનર હેઠળ નિર્મિત આ ફિલ્મ સત્ય ઘટનાઓ પર આધારિત છે અને માં શક્તિના અસલ ઈતિહાસને ભાવસભર રીતે રજૂ કરે છે.


તસવીરઃ શૈલેષ વાડોલીયા

ફિલ્મમાં સનાતન સંસ્કૃતિની ગૌરવગાથા સાથે અનેક અલૌકિક અને ઐતિહાસિક પ્રસંગોનું દશ્યાત્મક વર્ણન કરવામાં આવ્યું છે. માર્કંડ ઋષિનો પ્રસંગ, હવનકુંડમાંથી ઉત્પન્ન થયેલા કુંડમાલજી, મખ્વાન વંશની સ્થાપના, મહાદેવ દ્વારા મોહિની સ્વરૂપ ધારણ કરી ચંડ અને ચંદ્રાક્ષનો વધ, રાજવી કેસરદેના ઘેર શિવજીના અંશાવતાર હરપાલદેવનો જન્મ જેવા પ્રસંગો ફિલ્મમાં અત્યંત ભવ્યતા સાથે દર્શાવવામાં આવ્યા છે. અબતક ની શુભેચ્છા મુલાકાતમાં કાનજીભાઈ પટેલ જણાવ્યું હતું કે

માં આદ્યશક્તિએ પાટણના પ્રતાપસિંહજી સોલંકીના ઘેર બાશંતિ દેવી સ્વરૂપે અવતાર લીધો, ત્યારબાદ હરપાલદેવ અને માં શક્તિ દ્વારા બાબરા ભૂતનો ઉદ્ધાર, રાજા કરણને આપેલી મદદ, એક જ રાતમાં ત્રેવિસો ગામે તોરણ બંધાવવાની અલૌકિક ઘટના, ઝાલાવડની સ્થાપના, બાશંતિ દેવી અને હરપાલદેવના વિવાહ તથા ઝાલા વંશની સ્થાપનાનો ઈતિહાસ પણ આ ફિલ્મમાં વિશેષ આકર્ષણરૂપ છે.

ફિલ્મનો અંતિમ પ્રસંગ, જેમાં માં આદ્યશક્તિ ધાંધલપુરની ધરતીમાં અંતરધ્યાન થાય છે, તે દશ્ય દર્શકોને ભાવવિભોર કરી દે છે અને આંખો ભીની થઈ જાય તેવો સંવેદનશીલ અનુભવ કરાવે છે. દિગ્દર્શક જીતુભા જાડેજાએ દરેક પાત્રને સંપૂર્ણ ન્યાય આપ્યો છે. ફિલ્મની લોકેશન્સ, વેશભૂષા અને બેકગ્રાઉન્ડ સંગીત દર્શકોને સાઉથની ઐતિહાસિક ફિલ્મોની યાદ અપાવે તેવું ભવ્ય છે.

ફિલ્મના ગીતો પ્રખ્યાત કવિ સુરબરદાઈએ લખ્યા છે, જ્યારે સંગીત મનોજ-બિમલ દ્વારા આપવામાં આવ્યું છે, જે ફિલ્મની ભક્તિભાવનાને વધુ ગાઢ બનાવે છે. હાલમાં આ ફિલ્મ સુરેન્દ્રનગરના શિવ સિનેમા અને ધ્રાંગધ્રાના સર જાડેજા ટોકીઝમાં પ્રદર્શિત થઈ રહી છે અને ટૂંક સમયમાં રાજકોટ તથા મોરબીમાં પણ રિલિઝ થવાની છે.

આ ફિલ્મને ભવ્ય સફળતા અપાવવા માટે નિર્માતા કાનજીભાઈ પટેલ (સુસવાવ), દિગ્દર્શક જીતુભા જાડેજા તથા દીપ્તિબેન ગોંડલ દ્વારા તમામ માં શક્તિના ઉપાસકો અને સનાતન પ્રેમીઓને નમ્ર વિનંતી કરવામાં આવી છે. પ્રેસ મુલાકાત દરમિયાન અનેક ધાર્મિક અને સામાજિક આગેવાનો પણ ઉપસ્થિત રહ્યા હતા.

# સોના-ચાંદીના ઊંચા ભાવના કારણે સુવર્ણકાર કારીગરોને કામ મળતું નથી: સરકાર પાસે આર્થિક પેકેજની માંગ

## સુરતના રત્ન કલાકારો ને અપાયેલા આર્થિક સહાય પેકેજ ની જેમ સુવર્ણકારોને પેકેજ આપવા મુખ્યમંત્રી સમક્ષ જીજ્ઞેશ વાગડિયાની રજૂઆત

**અબતક, રાજકોટ**

દેશ અને દુનિયાભરમાં સોના ચાંદીના ભાવો સતત વધી રહ્યા છે ત્યારે મોંઘા ભાવના કારણે લોકોની ખરીદી ઓછી થઈ છે, અને ખાસ કરીને નવા દાગીના ઘડવાનું કામ લગભગ બંધ થઈ ગયું છે ત્યારે દાગીના ઘડવાનું કામ કરતા સુવર્ણકાર કારીગરો માં વ્યાપક પ્રમાણમાં બેરોજગારી જેવી સ્થિતિ થઈ છે ,ત્યારે ભૂતકાળમાં સુરતની હીરાની મંદી વખતે રત્ન કલાકારો માટે જે રીતે સરકારે આર્થિક પેકેજ ની જાહેરાત કરી હતી તે રીતે અત્યારે સોના ચાંદી ના સુવર્ણકાર સમાજ માટે સરકારે આર્થિક સહાય જાહેર કરવી જોઈએ તેમ સુવર્ણકાર સમાજના આગેવાન સોની યુવા સોશિયલ ટ્રસ્ટ રાજકોટ ના જીજ્ઞેશભાઈ વાગડિયા એ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલને પત્ર લખી માંગ કરી છે.



જીજ્ઞેશભાઈ વાગડીયા એ મુખ્યમંત્રીને લખેલા પત્રમાં જણાવ્યું છે કે સોના ચાંદીની તેજીના કારણે ઘડામણ નું કામ ઘટી ગયું છે, કારીગરો પાસે કામકાજ નથી ,તેમને દુકાન અને ઘરનું ભાડું ભરવામાં મુશ્કેલી પડે છે હાલ લગ્નગાળો હોવા છતાં ઊંચા ભાવના કારણે સોના ચાંદીની ખરીદી ઘણી ઓછી થઈ ગઈ છે, જે કારીગરોની દુકાન અને મકાન ઉપર બેંકની લોન લીધી છે તે દયા જનક સ્થિતિમાં મુકાઈ ગયા છે, બેંકના હપ્તા પણ ભરી શકતા નથી અમુક કારીગરો પાસે સંતાનોના ભણતરના ખર્ચ અને સ્કૂલની ફી ભરવાની શક્તિ પણ રહી નથી, ત્યારે રત્ન કલાકારોની જેમ સુવર્ણકાર કારીગરોને પણ ગુજરાત રાજ્ય સરકાર મદદરૂપ થાય તેવી અરજી કરવામાં આવી છે જીજ્ઞેશભાઈ વાગડિયા એ ગાંધીનગર વિધાનસભાશ્રમ રોજગાર વિભાગ, નાણામંત્રાલય ,મુખ્યમંત્રી સહિતના પદાધિકારીઓને આર્થિક પેકેજ સહાયતા આપવાની માંગણી કરી છે આ માટે સોની યુવા સોશિયલ ટ્રસ્ટના આગેવાન જીજ્ઞેશભાઈ વાગડિયા, નયનભાઈ કોઠારી, ભાવિનભાઈ વાગડીયા, પ્રશાંતભાઈ વાગડિયા, કલ્પેશભાઈ પાટડીયા, કમલેશભાઈ પાટડીયા હિતેનભાઈ વાગડિયા અને હોદ્દેદારોએ પત્ર પાઠવી મુખ્યમંત્રીને રજૂઆત કરી છે.

# ઓલ ઈન્ડિયા ટેનીસ બોલ ક્રિકેટ ટુર્નામેન્ટમાં ટીમ રાજકોટ બની ચેમ્પિયન

## મુંબઈ પોઈસર જીમખાના ગ્રાઉન્ડમાં ૧૦ ટીમોની ટકકરમાં રાજકોટ રાખ્યો રંગ

**અબતક, રાજકોટ**

રાજકોટના ક્રિકેટ પ્રેમીઓને જોમ ચડાવે તેવા વિજયમાં મુંબઈ ખાતે ઓલ ઈન્ડીયા ટેનીસ બોલ ક્રિકેટ ટુર્નામેન્ટમાં ૧૦ ટીમોની ટકકરમાં ટીમ રાજકોટ ચેમ્પીયન બની હતી.



મુંબઈ ખાતે તા. ૩ થી ૫ દરમ્યાન પોયસર જીમખાના ખાતે રમાયેલ ઓલ ઈન્ડિયા ટેનીસ બોલ ક્રિકેટ ટુર્નામેન્ટમાં રાજકોટની ટીમે રોહીત બુંદેલાની કેપ્ટનશીપમાં ફાઈનલમાં મુંબઈને હરાવીને ચેમ્પિયન થયેલ છે. આ ટુર્નામેન્ટમાં બોમ્બે - રાજકોટ - સુરેન્દ્રનગર - બરોડા- અમદાવાદની કુલ ૧૦ ટીમોએ ભાગ લીધો હતો. રાજકોટની ટીમ


રોહીત બુંદેલા - કેપ્ટન, આમદ ડોડીયા -વાઈસ કેપ્ટન, બિમલ ત્રિવેદી, ભરત રાવલ, રાફેલ ડાભી, રાજુ બુંદેલા, ઈમ્તિયાઝ ખોખર, અજય ભટ્ટ, અજય આચાર્ય, કિશોર રાઠોડ, શૈલેષ વાઘેલા, નરેન્દ્ર જાની, ગંભીરસિંહ જાડેજા - મેનેજરના ટીમ વર્કથી વિજય થયેલ હતી. આ ટુર્નામેન્ટમાં બેસ્ટ બેસ્ટમેન બિમલ ત્રિવેદી, બેસ્ટ વિકેટકિપર રાફેલ ડાભી તથા મેન ઓફ ધ સિરીઝ ભરત રાવલ રાજકોટના ખેલાડીઓ થયેલ. રાજકોટની ટીમ ૪ મેચ લીગના, સેમી ફાઈનલ તથા ફાઈનલ કુલ છ મેચ સળંગ જીતેલ. ફાઈનલ મેચમાં બિમલ ત્રિવેદીના ૫૮ રન તથા આમદ ડોડીયાના ૩૮ રનની મદદથી ૮ વિકેટે જીતેલ. વિજેતા ટીમને એસોસિએશનના પ્રમુખ મયુરધ્વજસિંહ ઝાલા, ગંભીરસિંહ જાડેજા, અરૂણ દવે કમિટી મેમ્બર્સ પિયુષ છાયા, સુનીલ પારેખ, હરેન્દ્ર જાની, ઉસ્માનભાઈ બેલીમ, દિલાવરસિંહ જાડેજા, આઈ. બી. સરવૈયા, પ્રતાપસિંહ રાણાએ શુભેચ્છા પાઠવેલી હતી.

# રાજકોટ જિલ્લા ભાજપ અનુજાતી મોરચા મહામંત્રી જય સાગઠીયાનો આજે જન્મદિવસ



રાજકોટ ની આત્મીય કોલેજમા અભ્યાસ કરી રાજકોટ જીલ્લા ભાજપના સક્રિય સભ્ય તરીકે રાજકીય કારકિર્દી ની શરૂઆત કરી સોશિયલ મીડિયા ઈન્ચાર્જ જિલ્લા યુવા ભાજપ ઉપપ્રમુખ તેમજ હાલમાં ભારતીય જનતા પાર્ટી દ્વારા રાજકોટ જીલ્લા ભાજપ અનુસૂચિત જાતિ મોરચાના મહામંત્રી નો કાર્યભાર આપેલ છે તેવા ભાજપના સક્રિય કર્મનિષ્ઠ કાર્યકર અને પૂર્વ ધારાસભ્ય લાખાભાઈ સાગઠીયાના પુત્ર જયભાઈ સાગઠીયા નો જન્મ દિવસ છે તેમને રાજકીય અગ્રણીઓ પદાધિકારીઓ તેમજ કાર્યકરો મિત્ર સર્કલ દ્વારા મો. ૯૯૭૮૪ ૦૦૩૮૪ જન્મ દિવસની શુભેચ્છા મળી રહેલ છે.

# સમ્રાટ ગ્રુપવાળા ચિંતન ચાંગેલાનો આજે જન્મદિવસ



રાજકોટ જીલ્લા ભાજપના પૂર્વ મહામંત્રી મનીષભાઈ ચાંગેલાના મોટા પુત્ર તથા સમ્રાટ પબ્લીસીટી અને સમ્રાટ એન્ટરપ્રાઈઝ થકી અનોખી નામના મેળવનાર ચિંતનભાઈ ચાંગેલાનો આજે જન્મદિન છે. નાની ઉંમરના ચિંતનભાઈએ જાહેરખબર અને ઔદ્યોગિક ક્ષેત્રમાં સૌરાષ્ટ્રભરમાં ''સમ્રાટ'' સ્થાન મેળવ્યું છે. અખબારોમાં જાહેરખબર ક્ષેત્રે સમ્રાટ પબ્લીસીટી તથા ઔદ્યોગિક કક્ષાએ માર્કેટિંગ ક્ષેત્રે સમ્રાટ એન્ટરપ્રાઈઝ એમ બંને બીઝનેસ યુનીટને વટવૃક્ષ બનાવવામાં ''ચિંતનાત્મક'' પ્રયત્નો કર્યા છે, તેમના જન્મદિને ૯૭૧૨૯ ૯૫૧૩૩ પર જન્મદિનની શુભેચ્છા વર્ષા થઈ રહી છે.

# ડો. રાજેન્દ્રમુનિ મ.સા. નું કાલે મોટા સંઘમાં પદાર્પણ



સ્થાનકવાસી જૈન મોટા સંઘ, વિરાણી પૌષધશાળા, પેલેસ રોડ, રાજકોટ ખાતે ઉપાધ્યાય પૂ. પુષ્કર મુનિ મ. સા. ના સુશિષ્ય ડો. રાજેન્દ્રમુનિ મ.સા., પૂ. સુરેન્દ્રમુનિ મ. સા. દિલ્હી, સુરતનું ચાતુર્માસ પૂર્ણ કરી પ્રથમ વાર જુનાગઢ, ગોંડલ થઈ તા. ૧૧ને બુધવારે સવારે ૯:૦૦ કલાકે વિરાણી પૌષધશાળા પધારશે. ધીરગુરુદેવના આજ્ઞાનુવર્તી પ્રવર્તિની વનિતાબાઈ મ.સ. આદિ ઠાણાના બિરાજવાથી ચતુર્વિધ ના મિલનથી હર્ષોલ્લાસ છવાયો છે. આગામી ચાતુર્માસ ઉદયપુરમાં નક્કી થયેલ છે.

# કેન્દ્રીય બજેટ પ્રચાર અંતર્ગત કિશાન મોરચા દ્વારા યોજાયો 'ખેડુત સંવાદ' કાર્યક્રમ

**અબતક, રાજકોટ**



સ્વતંત્ર ભારતનું ૮૦મું કેન્દ્રીય બજેટ કેન્દ્રીય નાણામંત્રી દ્વારા તા. ૧ ફેબ્રુઆરી ૨૦૨૬ ના રોજ સંસદમાં રજૂ કરવામાં આવેલ હતું. પ્રદેશ ભાજપ પ્રમુખ જગદીશભાઈ વિશ્વકર્માજીની સુચના અનુસાર ગુજરાત રાજયમાં ''બજેટ પ્રચાર અભિયાન ૨૦૨૬'' અંતર્ગત રાજકોટ શહેર પ્રમુખ ડો. માધવભાઈ દવે ના માર્ગદર્શન હેઠળ રાજકોટના કેન્દ્રીય બજેટના સંયોજક પરિમલભાઈ પરડવા, શૈલેષભાઈ જાની, અમૃતભાઈ ગઢીયાની આગેવાનીમાં રાજકોટ શહેર ભાજપ કમલમ કાર્યાલય ખાતે યોજવામાં આવેલ હતો. આ ખેડૂત સંવાદના મુખ્ય વકતા તરીકે રાજકોટ દક્ષિણના ધારાસભ્ય રમેશભાઈ ટીલાળાએ ઉપસ્થિત કિશાન મોરચાના નવનિયુકત હોદ્દારો સહિત ઉપસ્થિત સૌ કાર્યકર્તાઓને સંબોધન કરતાં જણાવ્યું હતું કે, નાણામંત્રીએ દેશના અન્નદાતા, કિસાનો, ખેડૂત વર્ગને સધ્ધર કરવા માટે કૃષિ ક્ષેત્રમાં ખેડૂતોને ઉપયોગી થાય અને ખેતરમાં થતાં પાકો માટે આબોહવા, પાણી, સહિત પાક લેવા માટે ઉપયોગી થાય તેવી અઈ ટેકનોલોજી આધારિત પ્લેટફોર્મ ઉભું કરી સરકારના કૃષિ પોર્ટલ અને અઈસંબંધિત કૃષિ માહિતીને એકીકૃત કરશે. આજના ખેડૂત સંવાદ કાર્યક્રમમાં રાજકોટ શહેર ભાજપ પ્રમુખ ડો. માધવ દવે, ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા, પરિમલભાઈ પરડવા, યોગેશ ભુવા, મહામંત્રી રાજેશભાઈ ડાંગરીયા, અનિલસિંહ પરમાર, ભરતભાઈ રાદડીયા હાજર રહ્યા હતા.

# વોર્ડ નં.૧માં પેવીંગ બ્લોકના કામનું ધારાસભ્ય ડો.દર્શીતાબેન શાહના હસ્તે ખાતમૂર્હત

**અબતક, રાજકોટ**



રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આજે ૧૦/૦૨/૨૦૨૬ના રોજ વોર્ડ નં.૧માં ૧) રૈયાધાર સ્લમ ક્વાર્ટરમાં આવેલ જાકીર હુસૈન સ્કૂલની બાજુમાં આવેલ પ્લોટમાં પેવીંગ બ્લોક નાખવાનું કામ. (૧૨૦૦ સ્કવેર મીટર, રૂ.૯.૭૦ લાખ), ૨) રૈયાધાર સ્લમ ક્વાર્ટરમાં આવેલ ડ્રેનેજ પમ્પિંગ સ્ટેસન લાગુ એરિયામાં પેવીંગ બ્લોક નાખવાનું કામ. (૪૧૯૦ સ્કવેર મીટર, રૂ. ૩૧ લાખ), ૩) રૈયાધાર સ્લમ ક્વાર્ટરમાં જનભાગીદારી યોજના(૭૦:૨૦:૧૦) હેઠળ રસ્તાની બન્ને સાઈડ સોલ્ડરમાં પેવિંગ બ્લોક નાખવાનું કામ. (૪૫૬૦ સ્કવેર મીટર, રૂ. ૪૪.૨૪ લાખ), એમ મળી કુલ રૂ.૮૪.૯૪ લાખના ખર્ચે પેવીંગ બ્લોક નાખવાના કામનું ખાતમુહૂર્ત ધારાસભ્યશ્રી ડો.દર્શિતાબેન શાહના વરદ્ હસ્તે કરવામાં આવ્યું હતુ.

આ ખાતમૂહૂર્ત કાર્યક્રમમાં ધારાસભ્ય ડો.દર્શિતાબેન શાહ, શહેર ભાજપ મહામંત્રી લલિતભાઈ વાડોલીયા, કોર્પોરેટર ડો હિરેનભાઈ ખીમાણીયા, ડો.અલ્પેશભાઈ મોરજરીયા, દુર્ગાબા જાડેજા, વોર્ડ પ્રમુખ જયરાજસિંહ જાડેજા, વોર્ડ મહામંત્રી નાગજીભાઈ વરુ, રાણાભાઈ ગોજીયા ઉપસ્થિત રહેલ.

# હિરાસર એરપોર્ટ પર પેસેન્જરની ચોરાયેલી પાંચ કરોડની કિંમતી ઘડિયાળ સીઆઈએસએફ ઈન્સ્પેકટરે પરત અપાવી

## એરપોર્ટ પર સર્જાયેલી ઘટનાના સાક્ષી બનેલા રાજ્યસભા સાંસદ રામભાઈ મોકરીયા અને આગેવાનોએ ઈમાનદાર ઈન્સ્પેક્ટર નરપતસિંહ રાઠોડ ને બિરદાવ્યાં

**અબતક, રાજકોટ**

રાજકોટના વિશ્વપ્રસિદ્ધ આંતરરાષ્ટ્રીય હિરાસર એરપોર્ટ પર મુસાફરની ચોરાયેલી રૂપિયા પાંચ કરોડની કિંમતી ઘડિયાળ ગણતરીની મિનિટોમાં શોધીને મુસાફરને પરત કરાવનાર સીઆઈએસએફ ઈન્સ્પેકટર ઈમાનદારીની સરાહના થય છે ,૨૦ જાન્યુઆરીએ સવારે એર ઈન્ડિયા ની ફ્લાઈટમાં ચેકિંગ દરમિયાન લંડન રહેવાસી ગોલ્ડકાર્ડ મેમ્બર એન આર આઈ ઓમેશભાઈ મોઢવાડિયા રાજકોટ થી મુંબઈ જતી વખતે સામાન ટ્રેમાંથી રૂપિયા પાંચ કરોડની કિંમતની ઘડિયાળ ચોરાઈ ગયાની જાહેરાત કરતા ત્વરિત સીઆઈએસએફ ઈન્સ્પેકટર




નરપતસિંહ રાઠોડ એ તપાસ નો દોર પોતાના હાથમાં લઈ સીસીટીવી ફૂટેજ માં ઝીણી ઝીણી બાબતોનો અભ્યાસ કરતા પેસેન્જર ધનંજય લક્ષ્મણ વાપલે એ ઘડિયાળ ચોરી કરી હોવાનું ખુલતા તેને તાત્કાલિક ઝડપી નરપતસિંહ એ પૂછપરછ કરતા ઘડિયાળ પરત કરી દીધી હતી.

ઉમેશ મોઢવાડિયા ને તાત્કાલિક ઈંગ્લેન્ડની ફ્લાઈટ પકડવાની હોવાથી તેમણે પોલીસ ફરિયાદ જંજટમાં પડવાનો ઈનકાર કર્યો હતો. જેની ઘડિયાળ ચોરાઈ હતી તે ઓમેશ મોઢવાડિયા એર ઈન્ડિયાના નિયમિત ગોલ્ડ મેમ્બર છે, આ બનાવ વખતે સાંસદ રામભાઈ મોકરીયા સાથે જામનગરના સાંસદ પૂનમબેન માડમ તથા જૂનાગઢના સાંસદ રાજેશભાઈ ચુડાસમા દિલ્હી જતા હતા અને તે આ ઘટનાના સાક્ષી બન્યા હતા. સાંસદ રામભાઈ મોકરીયા એ પાંચ કરોડની કીમતી ઘડિયાળ ની ચોરીનો ભેદ ઉકેલનાર સીઆઈએસએફ ઈન્સ્પેકટર નરપતસિંહ રાઠોડ ની સતર્કતા કુનેહ અને જવાબદારી ની સરાહના કરી તેમને અભિનંદન પાઠવ્યા હતાં.

# શહેર ભાજપના ઉપપ્રમુખ તરીકે મેહુલ નથવાણીની નિમણૂંકને રઘુવંશી સમાજે હરખભેર વધાવી

## અબતકની મુલાકાતે આવેલા રઘુવંશી આગેવાનોએ મેહુલભાઈ નથવાણીને રાષ્ટ્ર સેવામાં ખૂબ સફળતા મળે તેવા આપ્યા શુભાષિશ

**અબતક, રાજકોટ**

ભારતીય જનતા પાર્ટી રાજકોટ મહાનગર ના સંગઠન માળખાની કરેલી જાહેરાતમાં લોહાણા સમાજના વિવિધ સંગઠનોમાં સક્રિય યુવા કાર્યકર મેહુલભાઈ નથવાણીને ઉપપ્રમુખ તરીકેની જવાબદારી સોંપવામાં આવતા લોહાણા સમાજે આ નિમણૂકને ભારે આવકાર આપ્યો છે.

અબ તકની મુલાકાતે આવેલા મહેન્દ્રભાઈ જીવરાણી, ધવલભાઈ પાબારી, કિશનભાઈ વિઠલાણી, રાજભાઈ વિઠલાણી, હિતેશભાઈઉનડકટ, શુભમભાઈ રાધુરા, હરેશભાઈ જોબનપુત્રા ,રવિભાઈ માણેક ભાવેશભાઈ રૂપારેલીયા, જયેશભાઈ કકત ,દીપભાઈ કોટેચા અને કપિલભાઈ ગણાત્રાએ મેહુલભાઈ નથવાણીની નિમણૂકને આવકાર આપી તે રાષ્ટ્ર સેવામાં ખૂબ ખૂબ સફળતા મેળવે તેવા સુભાષિસ આપ્યા હતા.


તસવીરઃ શૈલેષ વાડોલિયા

મેહુલભાઈ નથવાણી એ પણ પોતાના પ્રતિભાવમાં જણાવ્યું હતું કે મારી સમાજ સેવા સાથે હવે મને ભાજપના રાષ્ટ્રવાદ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વિકાસ અભિયાનમાં જોડાવાની તક મળી છે ત્યારે હું મારી કામગીરી નિષ્ઠાપૂર્વક અદા કરીશ તેમ જણાવી જ્ઞાતિ ના સહયોગ આગેવાનો અને વડીલોના આશીર્વાદ સાથે પક્ષના મોવડીયો એ આ જવાબદારી સોંપી છે તે બદલ આભાર માન્યો હતો

મેહુલભાઈ નથવાણી અનેકવિધ સામાજિક સંસ્થાઓ સાથે જોડાયેલા છે રઘુવંશી સોશિયલ ગ્રુપ ,રઘુવંશી જ્ઞાતિ મંચના કેન્દ્રીય ઉપપ્રમુખ ,અખિલ ગુજરાત લોહાણા સમાજના યુવા સંગઠન ટ્રસ્ટી ,રઘુવંશી પરિવાર ચેરીટેબલ ના કાર્યકર, અન્નપૂર્ણા સદાવ્રતનું સંચાલન ,રામચરિત્ર માનસ મંદિર ટ્રસ્ટ રતનપર ના ટ્રસ્ટી તરીકે ની સેવા બજાવે છે તેમને આ પદ ની જવાબદારી બદલ વિપુલભાઈ મણીયાર ,કલ્પેશભાઈ તન્ના, મયંકભાઈ પાવ, કૌશિકભાઈ માનસત્તા, મયુરભાઈ નથવાણી, નિરવભાઈ રાયચુરા, કલ્પેશભાઈ બગડાય, ઋષિ ભાઈ ગણાત્રા ,વિપુલભાઈ કારીયા,કપિલભાઈ નથવાણી, ઉમેશભાઈ સેદાણી, જતિનભાઈ દક્ષિણી, મોહિતભાઈ નથવાણી, આનંદભાઈ જોબનપુત્રા અને મોહનભાઈ જીવરાણી સહિતના આગેવાનોએ શુભેચ્છા પાઠવી છે.

# ચંપકનગરની ચાંદી ચોરીની તપાસ મધ્યપ્રદેશ સુધી લંબાઈ : ટીમો દોડી

### બોટાદના જારીયાના હિસ્ટ્રીશીટર રાજુ ભોજકને ક્રેટા કાર સાથે પકડી આકરી સરભરા કરતા જ પોપટ બન્યો : તસ્કરોને આશરો અને કાર બંને આપ્યાની કબૂલાત, રાજુના રહેણાંક ખાતે જ ભાગ બટ્ટાઈ થઈ'તી

### જેલમાં બંધ ચોટીલાના બુટલેગર ધરમસિંગએ પોતાની ક્રેટા કાર રાજુને આપી'તી : તે જ કાર રાજુએ તસ્કરોને સોંપી'તી

### ચોરીને અંજામ આપી જારીયા ગામે ભાગ પાડ્યા બાદ તસ્કર ટોળકીને ક્રેટા કારમાં રાજુ અમદાવાદ મૂકવાં ગયો'તો, પરત આવતા જ દબોચાઈ ગયો : ૩૧ કિલો ચાંદી કબ્જે કરાઈ

**અબતક, રાજકોટ**

શહેરના સામાકાંઠા વિસ્તારમાં ચંપકનગરમાં છ દિવસ પૂર્વે રૂ. ૧.૬૨ કરોડની ચાંદી ચોરીને અંજામ આપી તસ્કર ટોળકી ક્રેટા કારમા નાસી ગઈ હતી. જે બનાવમાં ક્રાઈમ બ્રાન્ચે બોટાદ પંથકમાંથી ક્રેટા કાર સાથે હિસ્ટ્રીશીટર રાજુ ભોજકને દબોચી લીધો હતો. બાદ ઝડપાયેલા શખ્સની આકરી સરભરા કરવામાં આવતા તે પોપટ બન્યો હતો અને ચોરી પ્રકરણનો મુખ્ય સૂત્રધાર બનાસકાંઠાના દાંતીવાડાના શખ્સનું નામ ખોલી નાખ્યું હતું. જે શખ્સનું પગેરું એમપી તરફ મળતા જ ક્રાઈમ બ્રાન્ચની ટીમો દોડી હતી. બીજી બાજુ રાજુ ભોજકના રહેણાંકેથી ૩૧ કિલો ચાંદી કબ્જે કરાઈ હતી.

બનાવ અંગે રૈયા સર્કલ પાસે રામેશ્વર પાર્ક-૦૧ શેરી નં.૧ માં રહેતા મૂળ પડધરીના વિમાસણ ગામના વતની અતુલભાઈ લિંબાભાઈ બુસા (ઉ.વ.૩૯) એ નોંધાવેલ ફરીયાદમાં જણાવ્યું હતું કે, તેઓને પેડક રોડ ચંપકનગર-૦૧ ખત્રીની વાડીની પાસે બીપીનભાઈના મકાનમાં શક્તિ સિલ્વર નામની પેઢી આવેલ છે. જ્યાં તેઓએ ગઈ તા. ૦૩ ના સાંજે ચારેક વાગ્યે પેઢીને તાળુ મારી ચાવી સાથે લઈ લગ્ન પ્રસંગમાં જતો રહેલ હતો. બાદ ગઈકાલે સવારના તેઓ ઘરે હતા ત્યારે પોણા નવેક વાગ્યાની આસપાસ કાકા જયેશભાઈ બુસાનો ફોન આવેલ કે, જોવામાં આવેલ નહી તેમજ દરવાજા પાસે આશરે બે ફુટનો લોખંડનો સળીયો પડેલ જોવામાં આવેલ હતો.

જાળી પછીના રૂમમાં તપાસ તૈયાર ચાંદીના દાગીના હતા, જેની કિંમત આશરે રૂ. ૧,૬૨,૫૦,૦૦૦ ગણાય. જે કોઈ અજાણ્યા ચોર પેઢીના જાળીના ભાગે મારેલ તાળુ તોડી ચોરી કરી લઈ જતાં બી. અને બી. ડિવિઝન પોલીસ મથકની અલગ અલગ ટીમોએ તપાસનો ધમધમાટ આદર્યો હતો.

જો કે, ક્રાઈમ બ્રાન્ચની ટીમને અંતે તસ્કરોનું પગેરું મેળવવામાં

### રૂ. ૧.૬૨ કરોડની ચાંદી ઉઠાવી જનાર દાંતીવાડાનો મુખ્ય સૂત્રધારને દબોચી લેવા ક્રાઈમ બ્રાન્ચે સીમાડા વટાવ્યા

તારી પેઢીના દરવાજા ખુલ્લા છે, તેમ જણાવતા તુરત જ ત્યાં ગયેલ તો ત્યાં કાકા જયેશભાઈ અને બીપીનભાઈ હાજર હતા, પેઢીમાં જોયેલ તો પેઢીના દરવાજા પર લોખંડની જાળી પરનો લોક કરતા ચાંદીના વિંછીયા તેમજ સાંકળા આશરે ૫૦ ટચના તૈયાર કરેલ દાગીના પ્લાસ્ટીકના બોક્ષમાં ભરેલ હતા, તે બોક્ષની ૧૧ બોરી જોવામાં આવેલ નહી જેમાં આશરે ૧૩૦ થી ૧૪૦ કિલો ગ્રામ જેટલા ડિવિઝન પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવી હતી.

બનાવની જાણ થતા ઉચ્ચ પોલીસ અધિકારીઓ ઘટનાસ્થળે દોડી ગયાં હતાં. બનાવની ફરીયાદ પરથી ક્રાઈમ બ્રાન્ચ, એલસીબી સફળ થઈ હતી. ક્રાઈમ બ્રાન્ચની ટીમે બોટાદના જારીયા ગામેથી રાજુ ભોજક નામના બુટલેગરને ચોરીમાં સામેલ ક્રેટા કાર સાથે દબોચી લઈ આકરી સરભરા કરી હતી. આરોપી રાજુ ભોજકની પૂછતાછમાં ચોરીનો બનાવ ક્લિયર થઈ ગયો હતો.

પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ, તેને ચોટીલાના લીસ્ટ બુટલેગર અને હાલ જેલ વાસ ભોગવી રહેલા ધરમસિંહના નામની ક્રેટા કાર ચોરી કરવા જવાના ઈરાદે તેમની પાસેથી મેળવી હતી. જે બાદ દાંતીવાડાના રતનસિંહ નામના હિસ્ટ્રીશીટર અને બુટલેગર સાથે મળી ચોરીનો પ્લાન બનાવ્યો હતો. જેમાં ક્રેટા કારનો ઉપયોગ કરવાનો તે પણ નક્કી થયું હતું.જે બાદ ક્રેટા કારમાં ત્રણ શખ્સો ચોરી કરવાં આવ્યા અને ચોરીને અંજામ આપી સીધા જારીયા ગામ પહોંચ્યા ત્યાં રાજુના ઘરે કુલ શખ્સો મળ્યા અને ભાગ બટાઈ કરી હતી. જેમાં રાજુના ભાગે આવેલ ૩૧ કિલો ચાંદી ત્યાં રાખી બીજું ચાંદી લઈ અન્ય તસ્કરો અમદાવાદ નીકળી ગયાં હતાં. જે તસ્કરોને રાજુ ક્રેટા કારમાં જ અમદાવાદ મૂકી આવી પરત ફર્યો ત્યાં રાજકોટ ક્રાઈમ બ્રાન્ચ તેના સ્વાગત માટે ઉભી હતી.ક્રાઈમ બ્રાન્ચે ૩૧ કિલો ચાંદી કબ્જે કરી મુખ્ય સૂત્રધારને પકડવા મધ્યપ્રદેશ ક્રાઈમ બ્રાન્ચની ટીમ દોડી ગઈ હતી. જ્યારે અન્ય સૂત્રધારને પણ પકડવામાં પોલીસ નજીક હોવાનું સામે આવી રહ્યું છે.

# બેંક લોકરમાં દાગીના ચોરી કેસમાં પીડિતોની ન્યાય માટે ઉચ્ચ સ્તરીય તપાસની માંગણી

### આશરે દોઢ કરોડના ઘરેણા ચોરીની તટસ્થ તપાસ કરવાની વણીક દંપતિએ કરી લેખીત રજુઆત

**અબતક રાજકોટ**

રાજકોટ શહેરમાં બેંક લોકરમાંથી મોટી માત્રામાં સોનાના દાગીના ચોરી થયાના કેસમાં પીડિતોએ ન્યાયસંગત અને પારદર્શક તપાસ માટે ઉચ્ચ અધિકારીઓ સમક્ષ વિગતવાર અરજી કરી છે. પીડિત સંગીતા શ્યામ શાહ અને શ્યામ મધુકાન્તભાઈ શાહના અંદાજે ૧૦૦૫ ગ્રામ જેટલા સોનાના દાગીના બેંક લોકલમાંથી ગુમ થયાના બનાવમાં પોલીસ મથકે ગુનો નોંધાયો હતો. દાગીનાની આજના બજાર મૂલ્ય મુજબ અંદાજિત કિંમત લગભગ એક કરોડ પચાસ લાખ રૂપિયા જેટલી દર્શાવવામાં આવી છે.

પીડિતોએ રજૂઆતમાં જણાવ્યું છે કે ગુનામાં બેંકના કેટલાક કર્મચારીઓની સંડોવણી હોવાની પ્રાથમિક શંકા સામે આવી રહી છે. તેઓએ પોતાના પદનો દુરુપયોગ કરીને છેતરપિંડી તથા વિશ્વાસઘાત જેવા ગંભીર ગુનાઓ કર્યા હોવાની શક્યતા દર્શાવી છે. તેથી હાલના ગુનામાં વધુ ગંભીર કલમો ઉમેરવાની માંગણી કરી પોલીસ કમિશ્નર સમક્ષ લેખીત અરજી કરી છે.

આ ઉપરાંત તપાસ દરમિયાન કરાવવામાં આવેલ વૈજ્ઞાનિક સત્ય પરીક્ષણનો અહેવાલ ફરીયાદી અને પીડિતોને ઉપલબ્ધ કરાવવામાં આવે તેવી પણ વિનંતી કરવામાં આવી છે, જેથી કેસની સાચી હકીકત સામે આવી શકે. પીડિતોએ જણાવ્યું છે કે આરોપીઓ પ્રભાવશાળી હોદ્દા પર હોવાથી તપાસને અસર થવાની સંભાવના નકારી શકાય તેમ નથી. તેથી નિષ્પક્ષ અને ઊંડાણપૂર્વક તપાસ જરૂરી છે.પીડિતોએ ઉચ્ચ સ્તરીય અધિકારીઓની સતત દેખરેખ હેઠળ વિશેષ તપાસ ટીમ દ્વારા સમગ્ર તપાસ કરાવવા વિનંતી કરી છે, જેથી સત્ય બહાર આવે અને દોષિતો સામે કડક કાયદેસર કાર્યવાહી થઈ શકે. આ રજૂઆતથી પીડિતોને ન્યાય મળે અને ભવિષ્યમાં આવા બનાવો અટકે તેવી આશા વ્યક્ત કરવામાં આવી છે.

આ કેસમાં પીડિતોની હિંમતભરી રજૂઆત અને ન્યાય માટેની જાગૃતિ સમાજમાં સકારાત્મક સંદેશ આપે છે કે કોઈપણ અન્યાય સામે કાયદેસર રીતે અવાજ ઉઠાવવો જોઈએ અને પારદર્શક તપાસથી સત્યને પ્રકાશમાં લાવવું જોઈએ

# ન્યુ થોરાળાના અકસ્માતના નુકસાનીના પૈસાની ઉઘરાણીથી કંટાળી યુવાને ફીનાઈલ ગટગટાવ્યું

### પૈસા નથી, વીમો ક્લેઈમ કરી લ્યો'' તેમ કહેવા છતાં કાર માલિકે દબાણ કરી માર માર્યો હોવાનો પરિવારનો આક્ષેપ

**અબતક રાજકોટ**

શહેરના ન્યુ થોરાળા વિસ્તારમાં રહેતા ૨૧ વર્ષીય યુવાને કાર અકસ્માતના નુકસાનીના પૈસા બાબતે થતી ઉઘરાણીથી કંટાળી ફિનાઈલ પી આપઘાતનો પ્રયાસ કરતા ચકચાર મચી ગઈ છે. યુવકને તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે.પ્રાપ્ત વિગતો મુજબ ન્યુ થોરાળા, અવધ પાર્ક-૩ માં રહેતો અને ફિલ્ટર પાણીના યુનિટમાં મજૂરી કરતો હેમાંગ ગિરીશભાઈ રાઠોડ (ઉ.વ. ૨૧) આજે સવારે પોતાના ઘરે હતો ત્યારે તેણે ફિનાઈલ ગટગટાવી લીધું હતું. હાલત લથડતા પરિવારજનો તેને હોસ્પિટલ લઈ આવ્યા હતા. પરિવારના જણાવ્યા મુજબ, હેમાંગ થોડા સમય પહેલા ભાવેશ નામના વ્યક્તિની સેલ્ફ ડ્રાઈવની ફોરવીલ કાર ફેરામાં લઈ ગયો હતો. આ દરમિયાન કાલાવડ નજીક કાર થાંભલા સાથે અથડાતા તેમાં નુકસાન થયું હતું. હેમાંગે કાર માલિક ભાવેશને વીમો (ઈંક્ષતીિ-ફક્ષભય) ક્લેઈમ કરાવી લેવા વિનંતી કરી હતી અને અત્યારે પૈસા ન હોવાનું જણાવ્યું હતું. આક્ષેપ કરવામાં આવ્યો છે કે, કાર માલિક ભાવેશે વીમો ક્લેઈમ કરવાની ના પાડી દીધી હતી અને નુકસાની પેટે ₹૭૦,૦૦૦ રોકડા આપવા દબાણ કર્યું હતું. એટલું જ નહીં, ભાવેશ સહિતના ચાર લોકોએ હેમાંગને માર માર્યો હોવાનું પણ પરિવારે જણાવ્યું છે. સતત ઉઘરાણી અને મારઝૂડથી માનસિક રીતે ભાંગી પડેલા હેમાંગે અંતે કંટાળીને આ આત્મઘાતી ડગલું ભર્યું હતું. પોલીસે આ મામલે હોસ્પિટલ પહોંચી વધુ તપાસ હાથ ધરી છે અને માર મારનાર શખ્સો સામે કાર્યવાહી કરવાની તજવીજ શરૂ કરી છે.

# મદ્રાસ કાફેમાં મારામારીનો બનાવ : સંચાલક સહિત ચાર વિરુદ્ધ વળતો ગુનો નોંધાયો

### ઢોસાનો મસાલો બગડેલો હોય સંચાલકને જાણ કરતા તાવીથા વડે માર મરાયાની રાવ

**અબતક, રાજકોટ**

હનુમાન મઢી નજીક આવેલ મદ્રાસ કાફેમાં એક દિવસ પૂર્વે થયેલી મારામારીમાં કાફે સંચાલક વિરુદ્ધ વળતો ગુનો નોંધાયો છે. અગાઉ કાફે સંચાલકે બે શખ્સોના નામજોગ સહીત કુલ આઠના ટોળાં વિરુદ્ધ છરી વડે હુમલાની ફરિયાદ નોંધાવી હતી. જે બાદ હવે ગ્રાહકે કાફે સંચાલક અને તેના ત્રણ કર્મચારીઓ વિરુદ્ધ હુમાલની ફરિયાદ નોંધાવી છે.

બનાવ અંગે મૂળ જૂનાગઢના રહેવાસી અને હાલ રૈયા રોડ પર નંદનવન પાર્ક શેરી નં.-૨ માં ભાડાના મકાનમાં રહેતા ૩૩ વર્ષીય યુવાન પિનાકભાઈ મહેશભાઈ ચૌહાણે ગાંધીગ્રામ પોલિસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે શુભલક્ષ્મી મદ્રાસ કેફેના માલિક અબુ બકર અને ત્રણ અજાણ્યા શખ્સોનું નામ આપતાં જણાવ્યું હતું કે, હું મારા મિત્ર આનંદ ગોરખાણ તથા ઋત્વિક ચુડાસમા સાથે રહું છું અને રૈયા રોડ હનુમાન મઢી પાસે આવેલ મયંકભાઈ ખજુરીયાના ધર્મન ટુર્સ એન્ડ ટ્રાવેલ્સમાં ડ્રાઈવિંગ કરૂ છું.

યુવકે જણાવ્યું હતું કે, ગઈ તા.૦૮/૦૨/૨૦૨૬ ના રાત્રિના આશરે સાડા અગિયારેક વાગ્યાની આસપાસ હું તથા મારા શેઠ મયંકભાઈ ખજુરીયા, મિત્ર સુરેશભાઈ અને ઋત્વિકભાઈ હનુમાન મઢી ચોક પાસે આવેલ શુભ લક્ષ્મી મદ્રાસ કાફેમાં ઢોસા ખાવા માટે ગયેલા હતા. જમવાનો ઓર્ડર આપ્યા બાદ મને એક ફોન આવતા હું બહાર નીકળી ગયો હતો. દરમિયાન કાફેમાથી દેકારો થવા લાગટા હું અંદર ગયો હતો. જયા મયંકભાઈ સાથે ચાર વ્યક્તિઓ ઝગડો કરતા હતા. જેથી હું આ ઝઘડામાં વચ્ચે પડતા ચારેય શખ્સો મારી સાથે ઝપાઝપી કરવા લાગેલ હતા. દરમિયાન મુસ્લિમ ટોપી પહેરેલ શખ્સે લોખંડનો તાવીથો મને જમણા પગના ઘુંટણના નીચેના ભાગે બે વાર મારેલ હતો. જેથી હું નીચે પડી ગયેલ હતો. જેથી ઋત્વિક મને ઘરે લઈ ગયેલ હતો. બાદ મને પગમાં દુખાવો થતો હોય જેથી હું સૂઈ ગયેલ હતો. બાદમાં પગમાં દુખાવો થતાં બીજા દિવસે હોસ્પિટલ ખાતે દાખલ થયેલ હતો. દરમિયાન મને જાણવા મળેલ કે મને પગના ભાગે તવિથો મારનારનું નામ અબુબકર છે. હોસ્પિટલ ખાતે તબીબે મારા જમણા પગના ઘુંટણના નીચેના ભાગે ફ્રેક્ચર હોવાનું જાહેર કર્યું હતું.

જેથી યુવકે ગાંધીગ્રામ પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવતા વધુમાં જણાવ્યું હતું કે, શુભ લક્ષ્મી મદ્રાસ કાફેમાં જમવા જતાં ઢોસાના મસાલો બગડેલો હોય જે બાબતે શુભલક્ષ્મી મદ્રાસ કાફેના માલિકને કહેતા તેણે તેના ત્રણ કારીગરો સાથે મળી મારા શેઠ સાથે ઝઘડો કરી હુમલો કર્યો હતો.

ઉલ્લેખનીય છે કે, ગઈકાલે શુભલક્ષ્મી મદ્રાસ કાફેના અબુબકરભાઈ મહમદહનીફ રાઉટરએ સુરેશ, મયંક અને અજાણ્યા શખ્સોનું નામ આપતાં ફરિયાદ નોંધાવી હતી કે, ઢોસા જલ્દી બનાવી આપવા જેવી બાબતે મયંક નામના શખ્સ અને તેના ૮ થી ૧૦ લોકોએ કાફેના સંચાલકો પર છરી વડે હુમલો કર્યો હતો.

# મહાશિવરાત્રી અને કાઉ હગ ડે નિમિતે કતલખાના બંધ રાખવા માંગ

**અબતક, રાજકોટ**

દર વર્ષની જેમ આ વર્ષે પણ શ્રી કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ-એનીમલ હેલ્પલાઈન રાજકોટ દ્વારા મહાશિવરાત્રી તા.૧૫-૦૨-૨૦૨૬, રવિવાર અને કાઉ હગ ડે તા.૧૪-૦૨-૨૦૨૬, શનિવારના રોજ ગુજરાતમાં તમામ કતલખાના બંધ રાખવા, માંસ મટન, ઈંડા, ચીકન, મચ્છીનાં વેચાણ બંધ રાખવા મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલને રજુઆત કરી છે.

હિન્દુ ધર્મના અતિ પવિત્ર તહેવાર મહાશિવરાત્રી આગામી તા.૧૫-૦૨-૨૦૨૬, રવિવાર અને કાઉ હગ ડે તા.૧૪-૦૨-૨૦૨૬, શનિવારના રોજ હોય, દર વર્ષની જેમ આ વર્ષે પણ તમામ કતલખાના બંધ રાખવા, કતલ કરવા પર રોક લગાવી, માંસ મટન,ચીકન,મચ્છીના વેચાણ ઉપર પ્રતિબંધ ફરમાવવા, તેનું કડક અમલીકરણ કરાવવા અને આ જાહેરનામાની બહોળી પ્રસિધ્ધિ કરાવવા એનીમલ હેલ્પલાઈન દ્વારા ગુજરાતના જીવદયા પ્રેમી મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલને રજૂઆત કરવામાં આવી છે.

ભારત સરકારના પશુપાલન અને ડેરી મંત્રાલયના માનદ સલાહકાર મિતલ ખેતાણી, એનીમલ હેલ્પલાઈનનાં પ્રતિક સંઘાણી, રમેશભાઈ ઠક્કર, ધીરૂભાઈ કાનાબાર, ઘનશ્યામભાઈ ઠક્કર, એડવોકેટ કમલેશભાઈ શાહ, ગૌરાંગ રમેશભાઈ ઠક્કર, પારસભાઈ મહેતા, રજનીભાઈ પટેલ, વિષ્ણુભાઈ ભરાડ સહિતની ટીમે રજૂઆત કરી છે.

# જીટીયુ સૌરાષ્ટ્ર ઝોન સીઝન ક્રિકેટ ટુર્નામેન્ટમાં એવીપીટીઆઈ કોલેજ સતત ત્રીજીવાર ચેમ્પિયન

### એવીપીટીઆઈ કોલેજે જામનગર પોલીટેકનિકને હરાવી હેટ્રિક ખિતાબ જીત્યો

**અબતક,રાજકોટ**

ગુજરાત ટેકનોલોજી યુનિવર્સિટી દ્વારા આયોજિત ઝોન-૪ (સૌરાષ્ટ્ર ઝોન) સીઝન ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન તા. ૩/૨/૨૦૨૬ થી તા. ૯/૨/૨૦૨૬ દરમ્યાન કરવામાં આવ્યું હતું. આ ટુર્નામેન્ટની ફાઈનલ મેચ જામનગર સરકારી પોર્લીટિકનિક અને એવીપીટીઆઈ કોલેજ વચ્ચે રમાઈ હતી, જેમા એવીપીટીઆઈ કોલેજે ૬૧ રનની ભવ્ય જીત સાથે ખિતાબ પર કબજો જમાવ્યો હતો.

ઉલ્લેખનીય છે કે એવીપીટીઆઈ કોલેજે સતત ત્રીજા વર્ષે સૌરાષ્ટ્ર ઝોન ચેમ્પિયન બની પોતાની ક્રિકેટ શક્તિ સાબિત કરી છે. ફાઈનલ મેચમાં દેવાંગ ગઢવીને શાનદાર પ્રદર્શન બદલ 'મેન ઓફ ધ મેચ' અને 'મેન ઓફ ધ



સિરીઝ'જાહેર કરવામાં આવ્યા હતા. દેવાંગ ગુઢવીએ ૫૮ બોલમાં ૯૨ રન બનાવી ૧૩ ચોગ્ગા અને ૨ છક્કા ફટકાર્યા હતા, સાથે સાથે ૨ વિકેટ પણ ઝડપી હતી. સમગ્ર ટુર્નામેન્ટમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન બદલ તેઓ 'મેન ઓફ ધ સિરીઝ' પણ બન્યા હતા. મેચ દરમિયાન જયવલ દવેને ૨ વિકેટ અને રીતેષ પટેલને ૩ વિકેટ મળેલ હતી. રાજકોટ પોલીટેક્નિક કોલેજ ના આચાર્ય પ્રો. આશીતભાઈ પંડયા એ ટોસ ઉછાળી રમતની શરૂઆત કરાવી ને ટીમને પ્રોત્સાહીત કરી હતી.ટીમની આ ઐતિહાસિક સિદ્ધિ બદલ એવીપીટીઆઈ કોલેજના આચાય જી.વી. પરમારે સમગ્ર ટીમને અભિનંદન પાઠવ્યા હતા. વિજેતા ટીમના સ્વાગત અને અભિવાદન મોટે પ્રો. જે.બી. વાળા, પ્રો. શ્યારા પ્રો. હાથલીયા , પ્રો. તન્ના , પ્રો. આનંદ ભટ્ટ, -સાવલિયા સહિતના પ્રાધ્યાપકોએ ફૂલહારથી ટીમનું ભવ્ય સ્વાગત કર્યું હતું. વિજેતા ટીમના હેડ કોચ હરિભાઈ ભદ્રેશ અને ડો. હેમેન્દ્ર નું માર્ગદર મહત્વપૂર્ણ રહ્યું હતું.રાજકોટ એવીપીટીઆઈ ની વિજેતા ટીમ તા. ૨૨/૦૨/૨૦૨૬થી ગુજરાત લેવલ યુનિવર્સિટી ટુર્નામેન્ટમાં ભાગ લેવા જઈ રહી છે, જે બદલ આચાર્ય જી. પરમાર સાહેબ તથા શ્યારા ટીમને શુભેચ્છાઓ પાઠવી હતી.

# યુનિવર્સિટી રોડ પર જન ઔષધી જેનટીક મેડિકલ સ્ટોરનું ઉદઘાટન

### જીવન જરૂરી દવામાં ૩૦ થી ૮૦ ટકા અપાશે રાહત

### કોસ્મેટીક દવા પર ૧૦ થી ૨૦ ટકા ડીસ્કાઉટ

**અબતક, રાજકોટ**

રાજકોટ શહેરમાં જનસેવા અને આરોગ્ય ક્ષેત્રે એક ઐતિહાસિક અને લોકહિતકારી પહેલ રૂપે જન ઔષધી જેનેરિક મેડિકલ સ્ટોર નું ભવ્ય ઉદઘાટન તા. ૨૫ જાન્યુઆરી ૨૦૨૬ ના રોજ ઉત્સાહભેર અને ભવ્ય જનમેદનીની હાજરીમાં યોજાયું. આ જેનરિક મેડિકલ સ્ટોર સ્ટડી ગાઈડ એજ્યુકેશનલ અને ચેરિટેબલ ટ્રસ્ટના સહયોગથી શરૂ કરવામાં આવ્યો છે. આ સ્ટોરનો મુખ્ય હેતુ સામાન્ય જનતાને આંતરરાષ્ટ્રીય ધોરણની ગુણવત્તાસભર દવાઓ ૩૦% થી ૮૦% સુધી રાહત દરે ઉપલબ્ધ કરાવવાનો છે. સાથે સાથે રોજિંદા ઉપયોગની કોસ્મેટિક પ્રોડક્ટ પણ ૧૦% થી ૨૦% સુધી રાહત દરે ઉપલબ્ધ રહેશે, આ પાવન પ્રસંગે સદગુરુ દેવપ્રસાદદાસજી સ્વામી (શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ, ઢેબર રોડ, રાજકોટ) ના આશીર્વાદ અને પાવન હસ્તે શાસ્ત્રોક્ત પૂજન



અર્ચન સાથે સ્ટોરનું લોકાર્પણ કરવામાં આવ્યું. કાર્યક્રમ દરમિયાન ધારાસભ્ય રમેશભાઈ ટીલાળાના હસ્તે દીપ પ્રાગટ્ય કરી સ્ટોરને જનસેવામાં સમર્પિત કરવામાં આવ્યો. આ પ્રસંગે ટ્રસ્ટના મુખ્ય ટ્રસ્ટીએ જનરિક મેડિકલ સ્ટોર દ્વારા સામાન્ય લોકોના આરોગ્ય ખર્ચમાં કેવી રીતે મોટો ઘટાડો થશે તેની વિસ્તૃત માહિતી આપી. આ ગૌરવસભર પ્રસંગે શહેર ભાજપ પ્રમુખ ડો. માધવભાઈ દવે,કોર્પોરેટર તથા ટાઉન પ્લાનિંગ સમિતિના ચેરમેન ચેતનભાઈ સુરેજા, જ્યોત્સનાબેન ટીલાલા, નરેન્દ્રસિંહ વાઘેલા સહિત અનેક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.રામરાજ ટ્રાવેલ્સની બાજુમાં, રામકૃપા ડેરીની સામે, યુનિવર્સિટી રોડ, રાજકોટ =ન સંપર્ક: ૭૫૭૫૮૭૫૨૯૦ જનસેવા માટે સમર્પિત - વિશ્વાસ અને આરોગ્યનું નવું કેન્દ્ર

# લોકોની સુખાકારીને બદલે સરકારી તિજોરી ભરાય તેવું બજેટ: શહેર કોંગ્રેસ પ્રમુખ રાજદિપસિંહ જાડેજાનો આક્ષેપ

### પ્રાથમિક જરૂરીયાત પુરી કરવાને બદલે નવી યોજનાઓની ભરમાર થકી પ્રજાને ગેર માર્ગે દોરવાનો પ્રયાસ ?

**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકાની સ્ટેન્ડિંગ કમિટી દ્વારા આજે મંજૂર કરવામાં આવેલા વર્ષ ૨૦૨૬-૨૭ના બજેટને રાજકોટ શહેર કોંગ્રેસ પ્રમુખ ડો. રાજદીપસિંહ જાડેજાએ સખત શબ્દોમાં વગોવ્યું છે. તેમણે આ બજેટને 'સફેદ હાથી' સમાન અને સામાન્ય જનતાની આંખમાં ધૂળ નાખવાનો પ્રયાસ ગણાવ્યો છે.

ડો. રાજદીપસિંહ જાડેજાએ પોતાના નિવેદનમાં શાસક પક્ષને આડે હાથ લીધો છે:

માત્ર કાગળ પરની યોજનાઓ: સ્ટેન્ડિંગ કમિટીએ ૨૩ નવી યોજનાઓની જાહેરાત કરી છે, પરંતુ ભૂતકાળના બજેટમાં પણ આવી અનેક યોજનાઓ માત્ર કાગળ પર જ રહી ગઈ છે. ૧૦ કરોડના ખર્ચે રેસકોર્સના નવીનીકરણના નામે ફરી એકવાર કોન્ટ્રાક્ટરો અને મળતિયાઓને ફાયદો કરાવવાની પેરવી છે.

વ્યાજ માફીની યોજના એક 'છેતરામણી': રૂ. ૫,૦૦૦ સુધીની વ્યાજ માફી એ મધ્યમ વર્ગ સાથે મજાક છે. એક બાજુ મોંઘવારીમાં પીસાતી જનતા પાસેથી મિલકત વેરો અને પાણી



વેરો ઉઘરાવવામાં આવે છે અને બીજી બાજુ નજીવી રાહત આપીને વાહ-વાહી લૂંટવામાં આવે છે. કોંગ્રેસની માંગ છે કે સંપૂર્ણ વ્યાજ માફી અને વેરાના દરમાં ઘટાડો કરવો જોઈએ.ગેમઝોન અને કેફેટેરિયાના નામે જનતાની સુરક્ષા સાથે ચેડાં: નાનામવા બ્રિજ નીચે પીપીપી ધોરણે ગેમઝોન બનાવવાની દરખાસ્તનો વિરોધ કરતા ડો. જાડેજાએ જણાવ્યું હતું કે, અગાઉના કિસ્સાઓ જોતા ભાજપ સરકાર જનતાની સુરક્ષા કરતા કમાણી પર વધુ ધ્યાન આપી રહી છે.મહિલા પાસમાં ભેદભાવ: વાર્ષિક રૂ. ૧,૦૦૦માં પાસ આપવાની જાહેરાત આવકાર્ય લાગે પણ તે સીમિત શરતો સાથે લાવીને મહિલાઓને ભ્રમિત કરવામાં આવી રહી છે. હકીકતમાં મહિલાઓને મફત મુસાફરીનો લાભ આપવાની કોંગ્રેસની વિચારધારા સામે ભાજપ વેપાર કરી રહી છે.

માળખાગત સુવિધાઓનો અભાવ: નવા બ્રિજ માટે સર્વેના નામે ખર્ચ કરવાને બદલે હાલના ખાડાબદ્ધ રસ્તાઓ, પીવાના શુદ્ધ પાણીની અછત અને ડ્રેનેજની ગંભીર સમસ્યાઓ ઉકેલવામાં આ બજેટ સાવ નિષ્ફળ નીવડ્યું છે.

ડો. રાજદીપસિંહ જાડેજાએ અંતમાં જણાવ્યું હતું કે, રાજકોટની જનતા ટેક્સ ભરે છે પરંતુ બદલામાં તેમને માત્ર લોલીપોપ જ મળે છે.


# કચ્છના ૨૮૧ ગામોના ૯૧૦ તળાવોમાં જળસંચયમાં થશે વૃધ્ધી

## કલેક્ટર આનંદ પટેલના વિઝન હેઠળ કચ્છના ૧૦ તાલુકાઓમાં ૯૧૦ તળાવની અંદાજે ૫૬૦૦ એકરથી વધુ જમીનને નીમ કરવાની કામગીરી પૂર્ણ

**અબતક, રાજકોટ**

કચ્છ કલેક્ટર આનંદ પટેલની આગેવાનીમાં ત્રણ મહિના પહેલા કચ્છના મહેસૂલ વિભાગ દ્વારા શરૂ કરવામાં આવી હતી. કલેક્ટર આનંદ પટેલના માર્ગદર્શનમાં મહેસૂલી તંત્ર દ્વારા નીમ ન થયેલા તળાવો અને વોટરબોડીની ઓળખ કરીને તેને નીમ કરવાની પ્રક્રિયા ઝુંબેશરૂપે શરૂ કરવામાં આવી. ગુજરાતમાં સૌપ્રથમ વખત કચ્છના ૨૮૧ ગામના કુલ ૯૧૦ તળાવોને રેવન્યૂ રેકર્ડ પર લાવી બ્યુટીફિકેશન, જળસંચય અને સંરક્ષણ માટે કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. આ ઝુંબેશમાં તળાવો અને વોટરબોડીને સત્તાવાર દરજ્જો આપતા પહેલા તેના ક્ષેત્રફળની માપણીનો અભિગમ અનુસરવામાં આવ્યો. જેથી ભવિષ્યમાં તળાવોના ક્ષેત્રફળને લઈને કોઈ જ વાદવિવાદ ઉપસ્થિત ન થાય અને સત્તાવાર દરજ્જા બાદ તળાવ સંરક્ષણ અને સંવર્ધનના કામોનું સુચારૂરૂપે અમલીકરણ કરી શકાય.કચ્છ જિલ્લા કલેક્ટર આનંદ પટેલે સંબંધિત પ્રાંત અધિકારીઓ, મામલતદારઓ, લેન્ડ રેકર્ડ ઓફિસર્સ સાથે બેઠક યોજીને તળાવની જમીનોના સંરક્ષણ, સંવર્ધન અને બ્યૂટીફિકેશન માટે 'તળાવ નીમ' કરવાનું અભિયાન ઝુંબેશરૂપે શરૂ કર્યું. મજબૂત રેકર્ડ નિભાવણી થઈ શકે અને ભવિષ્યમાં તળાવોના ક્ષેત્રફળને લઈને કોઈ જ વાદવિવાદ ન થાય તે માટે કચ્છ કલેક્ટર આનંદ પટેલની સૂચનાનુસાર વૈજ્ઞાનિક માપણીમાં ડીઆઈએલઆરને સાથે રાખીને પ્રાથમિકતા આપવામાં આવી. જમીનની માપણી બાદ તળાવ નીમના આખરી હુકમો કરવામાં આવ્યા, જેથી ભવિષ્યમાં માપણી અંગે કોઈ વિવાદ ન રહે. ડીઆઈએલઆર કચેરી દ્વારા આધુનિક માપણી પ્રક્રિયા કરવામાં આવી હોય આગામી વર્ષોમાં તળાવોના નિયત ક્ષેત્રફળમાં દબાણો, ગેરકાયદેસર કબજો વગેરે પ્રવૃત્તિઓ અટકશે. ઉલ્લેખનીય છે કે, ભુજ શહેરમાં ૨૧ જેટલા તળાવોને નીમ કરવાના હુકમ કચ્છ કલેક્ટર દ્વારા કરવામાં આવ્યા છે અને આ તળાવોને સંબંધિત ઓથોરિટી સોંપવાની પ્રક્રિયા પૂર્ણ કરાઈ છે.કચ્છના તમામ ૧૦ તાલુકામાં અંદાજિત ૫૬૯૧ એકર જમીન તળાવ માટે નીમ કરાઈ છે.

કચ્છ કલેક્ટરના દિશાદર્શનમાં કચ્છ જિલ્લાના તમામ ૧૦ તાલુકામાં તળાવ નીમ કરવાનું અભિયાન શરૂ કરાયું હતું. જેમાં ભુજમાં ૩૧૩, મુન્દ્રામાં ૨૫, માંડવીમાં ૩૮, નખત્રાણામાં ૧૬૩, અબડાસામાં ૮૭, અંજારમાં ૧૩૨, ભચાઉમાં ૭૮, રાપરમાં ૧૮, લખપતમાં ૪૫ અને ગાંધીધામમાં ૧૧ એમ કુલ ૯૧૦ તળાવો નીમ કરાયા છે. કચ્છના ૨૮૧ ગામમાં કુલ ૯૧૦ તળાવો માટે અંદાજિત ૫૬૯૧ એકર જમીન નીમ કરાઈ છે. જે જમીનો સ્થાનિક સ્તરે તળાવ તરીકે અસ્તિત્વ ધરાવતી હતી પરંતુ ચોક્કસ રેકર્ડ પર ક્ષેત્રફળ



સાથેનો દરજ્જો મળ્યો ન હોય ત્યાં જળસંચય, સંવર્ધન, સંરક્ષણ અને બ્યૂટિફિકેશનના કામો થઈ શકતા ન હતા. કચ્છના મહેસૂલી તંત્રની ઝુંબેશે તળાવોને સત્તાવાર દરજ્જો આપી વિકાસાધિન બનાવ્યા છે.

આ તળાવ નીમ અભિયાનમાં ઘણાબધા તળાવો ગૌચર જમીન પર હતા તો તેની ઓળખ કરી તેની સંપૂર્ણ માહિતી જિલ્લા પંચાયતને સોંપવામાં આવી છે. જેથી આ તળાવોનું સ્થાનિક સ્વરાજ્ય તંત્ર દ્વારા સંરક્ષણ અને સંવર્ધન થઈ શકે. કચ્છના ૯૧૦ તળાવોને હવે સત્તાવાર મહેસૂલી રેકર્ડમાં દરજ્જો પ્રાપ્ત થયો હોય આગામી સમયમાં 'સુજલામ સુફલામ યોજના', અમૃત સરોવર, વીબીજીરામજી વગેરે યોજનાઓ હેઠળ સ્થાનિક સંસ્થાઓના સહયોગથી જળસંચયના કામો કરી શકાશે.

તળાવના નીમ થવાથી પર્યાવરણી જાળવણી થઈ શકશે અને વન વિભાગ દ્વારા આ તળાવોની આસપાસ વૃક્ષારોપણની કામગીરી કરવામાં આવશે.

ગુજરાતમાં સૌપ્રથમ વખત કચ્છના મહેસૂલી તંત્ર દ્વારા આટલી મોટી સંખ્યામાં તળાવોને નીમ કરવાની ઝુંબેશ હાથ ધરાઈ છે, જેનાથી સૌથી મોટો ફાયદો ભૂર્ગભ જળમાં સુધારા બાબતે થશે. આસપાસના વિસ્તારના ટ્યૂબવેલ, બોરવેલ અને કુવાઓના જળસ્તર ઊંચા આવશે. તળાવોને સત્તાવાર મહેસૂલી દરજ્જો મળવાથી હવે જળસંચયના લગતા વોટર હાર્વેસ્ટિંગ અને પાઈપલાઈન પ્રોજેક્ટ્સ પરનો રાજ્ય સરકારનો ખર્ચ ઘટશે. મોટા પ્રમાણમાં જળસંગ્રહ થવાથી 'માઈક્રો-ક્લાઈમેટ'માં સુધારો થશે. તળાવોના સંરક્ષણથી ખારાશ ઘટશે જેથી પીવાના અને સિંચાઈના પાણીની ગુણવત્તા સુધરશે.કચ્છ વહીવટી તંત્રની આ ઝુંબેશથી પશુ-પંખીઓ માટે વિશ્વસનીય પીવાના પાણીના સ્રોત ઊભા થશે અને કૃષિ ઉત્પાદન ક્ષમતામાં વધારો થશે. કચ્છ કલેક્ટર દ્વારા આ તળાવોના વિકાસ માટે સિંચાઈ વિભાગ અને વનવિભાગને ચોક્કસ આયોજન કરવા સૂચના આપવામાં આવી છે. આથી ભવિષ્યમાં જળસંચય, વૃક્ષારોપણ વગેરે કામો આયોજનબદ્ધ રીતે કરી શકાશે.

# એટીએસ માત્ર હથિયારધારી દળ નહીં ગુજરાતીઓની સુરક્ષા-વિશ્વાસનું કેન્દ્રઃ હર્ષ સંઘવી

## એટીએસનું નવું બિલ્ડિંગ અને પોલીસ આવાસ યોજનાઓથી સુરક્ષાકર્મીઓની કાર્યક્ષમતામાં થશે વધારો

**અબતક, રાજકોટ**

ગુજરાત રાજ્યની સુરક્ષા વ્યવસ્થાને વધુ સુદ્રઢ અને આધુનિક બનાવવાના સંકલ્પ સાથે નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીના વરદ હસ્તે અમદાવાદમાં વિવિધ પોલીસ પ્રકલ્પોના ઈ-ખાતમુહૂર્તનો કાર્યક્રમ યોજાયો હતો.

આ કાર્યક્રમમાં અંદાજે ૨૦૨.૮૫ કરોડ રૂપિયાના ખર્ચે સાકાર થનારા વિવિધ મહત્વના પ્રકલ્પોનું વર્ચ્યુઅલ ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. જેમાં અમદાવાદના છારોડી ખાતે ૪૭.૯૮ કરોડના ખર્ચે નિર્માણ પામનાર અત્યાધુનિક એટીએસ બિલ્ડિંગ, બોડકદેવ ખાતે ૩૩.૪૯ કરોડના ખર્ચે બનનાર અર્બન પોલીસ સ્ટેશન, અમરાઈવાડી પોલીસ લાઈન ખાતે ૭૪.૬૨ કરોડના ખર્ચે પોલીસ આવાસ અને પીએસઆઈ ક્વાર્ટર્સ, કાગડાપીઠ ખાતે ૩૯.૬૮ કરોડના ખર્ચે પોલીસ આવાસ તેમજ સૈજપુર બોઘા ખાતે ૫.૭૪ કરોડના ખર્ચે ડોગ કેનાલ તથા ટ્રેનિંગ ઓફિસ અને ૧.૩૪ કરોડના ખર્ચે એસઆરપી ગ્રુપ-૨ ના બંગલાના કામોનો સમાવેશ થાય છે. આ તમામ પ્રકલ્પો સુવિધા સભર હશે જે પોલીસ પરિવારના જીવનધોરણમાં સુધારો લાવશે અને તેમની કાર્યક્ષમતામાં વધારો કરશે.

નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીએ એટીએસ અને અમદાવાદ શહેર પોલીસના વિવિધ પ્રકલ્પોના ખાતમુહૂર્ત પ્રસંગે સંબોધન કરતા જણાવ્યું હતું કે, આજે અમદાવાદ પોલીસ અને એટીએસ માટે સોનેરી દિવસ છે, કારણ કે એક જ દિવસમાં ૨૦૨.૮૫ કરોડ રૂપિયાના ખર્ચે સુરક્ષા અને આવાસના પ્રકલ્પો સાકાર થવા જઈ રહ્યા છે. ગુજરાત એટીએસ આજે સાડા છ કરોડ ગુજરાતીઓના અતૂટ વિશ્વાસનું કેન્દ્ર છે. એટીએસ માત્ર આતંકી હુમલા સમયે જાગતી ફોર્સ નથી, પરંતુ ૩૬૫ દિવસ ૨૪ કલાક રાજ્યનો પ્રત્યેક નાગરિક



સુરક્ષિત રહે અને દુશ્મનો આંખ પણ ન ઉઠાવી શકે તે માટે નિરંતર કામ કરતી એક 'સાયલન્ટ ફોર્સ' છે.

તેમણે એટીએસની કામગીરીના વિવિધ પાસાઓ પર ભાર મૂકતા જણાવ્યું કે, આપણી એટીએસ ટીમે આતંકવાદ વિરુદ્ધની લડાઈમાં દેશમાં સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કર્યું છે. માત્ર ગુજરાત જ નહીં, પણ અન્ય રાજ્યોમાં થયેલા હુમલાઓના આરોપીઓને પકડવામાં પણ મહત્વની ભૂમિકા ભજવી છે. ઓનલાઈન માધ્યમોથી યુવાનોને કટ્ટરપંથી બનાવતા 'ટેરર મોડ્યુલ્સ'નો પર્દાફાશ કરવામાં એટીએસને મળેલી સફળતા રાજ્યના ભવિષ્યને સુરક્ષિત રાખવા માટે અનિવાર્ય છે. પંજાબની જેલમાંથી ચાલતા નેટવર્કને તોડવું હોય કે બંગાળ, મહારાષ્ટ્ર અને ઉત્તર પ્રદેશ જેવા ૧૪થી વધુ રાજ્યોમાં ડ્રગ્સની ફેક્ટરીઓ પર દરોડા પાડવાના હોય, એટીએસના જવાનોએ મહિનાઓ સુધી ઘર-પરિવારનો ત્યાગ કરીને આ ઓપરેશન્સ સફળ બનાવ્યા છે

દરિયાઈ સુરક્ષા અંગે વાત કરતા નાયબ મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, ૧૬૦૦ કિમીની દરિયાઈ સીમા પર તેજ લહેરો વચ્ચે પાકિસ્તાની ઘૂસણખોરો અને ડ્રગ્સ માફિયાઓની રાહ જોઈને બેસવું એ કોઈ નાની વાત નથી. ૭૫થી વધુ પાકિસ્તાનીઓને સીમા પર જ દબોચી લેવાનું કામ આપણા જવાનોએ કર્યું છે. રાજ્ય સરકાર એટીએસને માત્ર ટેકનિકલ રીતે જ નહીં પણ બજેટરી સહાયથી પણ વધુ સ્ટ્રોંગ બનાવવા કટિબદ્ધ છે. નવું નિર્માણ પામનાર ભવન માત્ર એક ઈમારત નથી, પણ તે વિશ્વસ્તરીય ટેકનિકલ સુવિધાઓથી સજ્જ એક એવું કેન્દ્ર બનશે, જે ગુજરાતની સુરક્ષાને આગામી અનેક વર્ષો સુધી અભેદ્ય રાખશે. દેશ વિરુદ્ધ ષડયંત્ર રચનારાઓને જડબાતોડ જવાબ આપવા માટે આ વ્યવસ્થા ઊભી કરવામાં આવી રહી છે.

તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, પોલીસ પરિવારની સુખાકારી માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે. નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીના નેતૃત્વમાં પોલીસ આવાસ નિગમ દ્વારા મકાનોની ઘટ પૂર્ણ કરવાના ધ્યેય સાથે ઝડપથી કામગીરી કરવામાં આવી રહી છે, જેથી પોલીસ જવાનો તણાવમુક્ત થઈ પોતાની ફરજ બજાવી શકે. અદ્યતન ટેકનોલોજી અને આધુનિક સંસાધનો સાથે ગુજરાત પોલીસ રાષ્ટ્રની સુરક્ષામાં પોતાનું અમૂલ્ય યોગદાન આપી રહી છે. આ પ્રસંગે સ્વાગત પ્રવચન કરતા રાજ્ય પોલીસ વડા (DGP) કે.એલ.એન. રાવે જણાવ્યું હતું કે,* સમાજ અને નાગરિકોની સુરક્ષા રાજ્ય પોલીસની પ્રાથમિકતા છે. પોલીસ વેલ્ફર અને લોકસેવા ક્ષેત્રે મજબૂતી આપનારા વિવિધ પ્રકલ્પોના ખાતમુહૂર્ત પ્રસંગે આપણે સૌ એક ઐતિહાસિક ક્ષણના સાક્ષી બન્યા છીએ.

રાજ્યની સુરક્ષા માટે સ્થપાયેલ ATS (Anti-Terrorist Squad) એક વિશિષ્ટ દળ તરીકે સતત ઉત્તરોત્તર પ્રગતિ કરી રહ્યું છે. દેશમાં આતંકવાદી પ્રવૃત્તિઓ જે રીતે ગંભીર પડકાર બની રહી છે, ત્યારે રાજ્ય સરકાર દ્વારા એટીએસને અત્યાધુનિક વેપનરી, આધુનિક તાલીમ અને માનવબળથી સતત સજ્જ કરવામાં આવ્યું છે. સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (SOG)ની રચના દ્વારા આ સંગઠનને વધુ મજબૂતી મળી છે. આજે નાયબ મુખ્યમંત્રીના હસ્તે એટીએસના નવા અદ્યતન ભવનનું ખાતમુહૂર્ત એ સુરક્ષા ક્ષેત્રે એક નવો અધ્યાય છે એમ તેમણે જણાવ્યું હતું. આ પ્રસંગે ગુજરાત પોલીસના આધુનિક હથિયારો અને મરીન કમાન્ડો ફોર્સના અત્યાધુનિક સંસાધનોનું એક ભવ્ય પ્રદર્શન પણ યોજવામાં આવ્યું હતું, જેણે ઉપસ્થિત સૌનું ધ્યાન ખેંચ્યું હતું. સૌ મહાનુભાવોએ ખાતમુહૂર્ત બાદ પ્રદર્શનની મુલાકાત લીધી હતી અને પ્રદર્શનમાં મૂકાયેલા આધુનિક શસ્ત્રો નિહાળી પોલીસ દળની સજ્જતાની સરાહના કરી હતી.

કાર્યક્રમ દરમિયાન ATSની કામગીરી અને સિદ્ધિઓ દર્શાવતી એક વિશેષ શોર્ટ ફિલ્મનું પણ નિદર્શન કરવામાં આવ્યું હતું. વિવિધ પ્રકલ્પોના ઈ-ખાતમુહૂર્ત પ્રસંગે શહેરી વિકાસ રાજ્યમંત્રી દર્શનાબેન વાઘેલા, અમદાવાદના મેયર પ્રતિભાબહેન જૈન, અમદાવાદ અને ગાંધીનગરના ધારાસભ્યઓ, અમદાવાદ પોલીસ કમિશનર જી.એસ. મલિક તથા પોલીસ વિભાગના ઉચ્ચ અધિકારીઓ, વિવિધ ફોર્સિસના પ્રતિનિધિઓ, અમદાવાદના ડેપ્યુટી મેયર જતીનભાઈ પટેલ, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન દેવાંગભાઈ દાણી અને અન્ય મહાનુભાવો તથા પોલીસ પરિવારોના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

# સિવિલમાં ડેસ્પેરાલ ઈન્જેકશનની છેલ્લા અઢી વર્ષથી અછતઃ કલેકટરને રજૂઆત



**અબતક, રાજકોટ**

રાજકોટમાં થેલેસેમિયાના દર્દીઓની મુશ્કેલી માટે સિવિલ થેલેસેમિયા સોસાયટીના સભ્યો દર્દીઓ સાથે કલેક્ટર કચેરી ખાતે પહોંચ્યા હતા અને સિવિલમાંથી ડિસેબિલિટી સર્ટિફિકેટ આજીવન ન કાઢી આપવામા આવતું હોવાની રજૂઆત કલેક્ટર સમક્ષ કરી હતી. જેમાં તેઓની માંગણી હતી કે, અન્ય જિલ્લાઓ અને અન્ય કેટેગરીની માફક રાજકોટમાં થેલેસેમિયા પેશન્ટને પણ ડિસેબિલિટીનું આજીવન સર્ટિફિકેટ કાઢી આપવામાં આવે. તદ્દુપરાંત સિવિલમાં નેગેટિવ બ્લડ ગ્રુપવાળા દર્દીઓના બ્લડની અછત સાથે ડેસ્પેરાલ ઈન્જેકશન છેલ્લા દોઢ વર્ષથી ન હોવાથી તે પૂરું પાડી મુશ્કેલી દૂર કરવામાં આવે.આ ઉપરાંત હાલ જે દવાઓ આપવામાં આવે છે તે માફક આવતી નથી અને બાળકોને વોમિટિંગ થાય છે તેની જગ્યાએ સન ફાર્મની દવા આપવા માંગ કરી છે.

આ ઉપરાંત ગત વર્ષમાં લોહીની ખૂબ જ અછત હતી. સિવિલમાં દર્દી લોહી જમા કરાવ્યા પછી જ રકમ મળતું. જે થેલેસેમિયા દર્દીને ૧૫ દિવસે લોહી ચડતું તે ૩૦ દિવસે લોહી મળતું. થેલેસેમિયા દર્દીનું ૧૦૦નું વેઈટીંગ લિસ્ટ ત્યારે ચાલતું. હાલમાં રકતદાન કેમ્પો ખૂબ જ પ્રમાણમાં થાય છે તેમ છતાં પણ દર્દીને સમયસર લોહી મળતું નથી. અમુક દર્દીને લોહી ન મળતા અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં લોહી માટે જવું પડે છે. રાજકોટ સિવિલ હોસ્પિટલમાં અવારનવાર રજૂઆત કરતા કોઈ ધ્યાન આપતું નથી. થેલેસેમિયા દર્દીઓના જીવન માટે લોહી મેઈન છે. તેમને દર ૧૫ દિવસે લોહી ચડાવવું પડે. અમારી રજૂઆત છે કે,લોહી બ્લડ બેંકમાં હોય તો દર્દીને જમા કરાવવા માટે હેરાનગતિ કરાવવામાં ના આવે.

# કુવાડવા રોડ પરથી ટ્રાન્સપોર્ટરની સ્કોર્પિયો કારની ચોરી

## સામેના એપાર્ટમેન્ટના ગેસ્ટ પાર્કિંગમાંથી તસ્કરો કાર ઉઠાવી ગયા ત્રણ શખ્સો સીસીટીવીમાં કેદ

**અબતક, રાજકોટ**

કુવાડવા રોડ પર એપાર્ટમેન્ટના ગેસ્ટ પાર્કિંગમાં ટ્રાન્સપોર્ટરે પાર્ક કરેલી સ્કોર્પિયો કાર તસ્કરો ઉઠાવી ગયા હતા. જે મામલે બી ડીવીઝન પોલિસ મથકમાં ગુનો નોંધાયો હતો. મામલામાં સ્થાનિક પોલિસની સાથે ક્રાઈમ બ્રાન્ચે પણ તપાસમાં ઝુકાવ્યું છે. કાર ચોરી જનાર ત્રણ શખ્સો સીસીટીવી ફૂટેજમાં કેદ થતાં ત્રણેયની શોધખોળ શરૂ કરવામાં આવી છે.

બનાવ અંગે કુવાડવા રોડ પર તિર્થ એપાર્ટમેન્ટમાં રહેતાં મૂળ રાજસ્થાનના વતની પ્રમોદકુમાર લુમ્બારામ ચૌધરી (ઉ.વ.૨૮) એ નોંધાવેલ ફરીયાદમાં જણાવ્યું હતું કે, તેઓ અને તેમનો મોટો ભાઈ ડાલુસિંઘ વાળા છેલ્લા સાત વર્ષથી અહીં રહે છે. તેઓ ટ્રાંસપોર્ટનો ધંધો કરી પરીવારનુ ગુજરાન ચલાવે છે. તેમની પાસે માલીકીની મહિંદ્રા કંપનીની સ્કોર્પિઓ કાર સફેદ કલર વાળી નં. જીજે-૦૩-પીએમ-૦૪૮૯ ૨૦૨૫ ના મોડલ વાળી કાર છે. જે ચાર માસ પહેલાં જ રૂ.૧૯ લાખમાં ખરીદેલ છે.

ગઈ તા. ૦૩ ના સાંજના પાચેક વાગ્યા આસપાસ તેઓ અને તેમનો મિત્ર નરસિંઘરામ ચૌધરીએ સ્કોર્પિઓ કાર તેમના એપાર્ટમેન્ટની સામે આવેલ ક્રિસ્ટલ સીટી-૦૨ એપાર્ટમેંટના ગેસ્ટ પાર્કિંગમા પાર્ક કરેલ જે બાદ ગઈ તા.૦૩ ના રાત્રીના નવેક વાગ્યા આસપાસ ઓફીસથી ઘરે આવેલ તે સમયે મારી કાર પાર્ક કરેલ જગ્યા પર જોયેલ હતી, જે બાદ ગઈ તા. ૦૮ ના રાત્રીના ઘરે સુતો હતો તે દરમીયાન રાત્રીના સવા ત્રણેક વાગ્યે જાગી અને ઘરની બારીથી કાર પાર્ક કરેલ જગ્યા પર જોતા કાર જોવા મળી નહી, તેથી તુરંત બહાર નિકળી આજુબાજુમા તપાસ કરેલ પરંતુ કાર મળી આવેલ નહી, જેથી સ્કોર્પિઓ કારની કોઈ ચોર ચોરી કરી લઈ ગયેલ હોવાનુ જણાઈ આવતાં ફરીયાદ નોંધાવી હતી.

બનાવ અંગેની ફરિયાદ પરથી બી.ડિવિઝન પોલીસ એલસીબી અને ક્રાઈમ બ્રાન્ચની ટીમએ તપાસનો ધમધમાટ આદર્યો હતો. વધુમાં ફરિયાદીએ જણાવ્યું હતું કે, તેઓએ કાર ચાર માસ પહેલા જ ખરીદેલ છે અને સીસીટીવી ફૂટેજમાં બે શખ્સો અંદર આવી કારની ચોરી કરી લઈ જતા જોવા મળેલ છે તેમજ એક શખ્સ બહાર ઊભેલ પણ સીસીટીવીમાં જોવા મળ્યું હતું.

**ન્યુઝ ફ્લેશ**

## સુરત એરપોર્ટ પરથી સતત બીજા દિવસે ગાંજાનો જથ્થો ઝડપાયોઃ એર ઈન્ડિયાની ફ્લાઈટની સીટ હેઠળ છુપાવેલો અંદાજે રૂ.૩.૮૦ કરોડની કિંમતનો ૩.૭૫૬ કિલો ગાંજો ઝડપાયોઃ આંતરરાષ્ટ્રીય અને આંતરરાજય ડ્રગ્સ ટ્રાફિકિંગ સામે કસ્ટમ વિભાગની કડક કાર્યવાહી કરી

(પહેલા પાનાનું ચાલું)

**કરબોજ ફગાવાયો...**

રાજકોટ ગતિશીલ, જીવંત, રહેવા લાયક અને પર્યાવરણની દ્રષ્ટિએ ટકાઉ અને સક્ષમ બને તે માટે કોર્પોરેશનનું તંત્ર સતત કાર્યરત છે. રંગીલું રાજકોટ તેની ઓળખ અનુસાર મહત્તમ સેક્ટરને આવરી લેનાર વિકાસગાથામાં હવે નવા-નવા પ્રકરણો આલેખવા અને નાગરિકોમાં રાજકોટ પ્રત્યે ગૌરવ અને સન્માનની લાગણી વધુ પ્રબળ બને તેવા આશય સાથે નવા નાણાકીય વર્ષનું બજેટ મંજૂર કરવામાં આવ્યું છે.

તેઓએ ઉમેર્યું હતું કે મ્યુનિ.કમિશનરે રજૂ કરેલા ડ્રાફ્ટ બજેટમાં શહેરીજનો પર રૂ.૯૫ કરોડનો કરબોજ લાદવાની દરખાસ્ત કરી હતી. દરમિયાન વર્તમાન સ્થિતિ અને શહેરીજનોને વધુ સુવિધા મળી રહે તેને ધ્યાનમાં રાખી એકપણ રૂપિયાનો નવો કરબોજ સ્વીકારવામાં આવ્યો નથી. સાથોસાથ બજેટમાં ૪૭.૦૫ કરોડની નવી યોજના સાથે કુલ ૨૩ નવી યોજનાઓ જાહેર કરવામાં આવી છે. અંદાજપત્રના કદમાં રૂ.૯.૨૦ કરોડનો વધારો કરી રૂ.૩૬૦૪.૯૦ કરોડનું બજેટ સ્ટેન્ડિંગ કમિટી દ્વારા મંજૂર કરવામાં આવ્યું છે. જેમાં તમામ વર્ગના લોકોને આવરી લેવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

(ત્રીજા પાનાનું ચાલું)

**ભારત-પાક મેચ...**

આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદે આ માટે સંમતિ આપી છે. વળતર તરીકે બાંગ્લાદેશને અંડર-૧૯ વર્લ્ડ કપ અને મહિલા ક્રિકેટ વિશ્વ કપના યજમાન અધિકારો આપવામાં આવી શકે છે. બીજી બાજુ, પાકિસ્તાને આઈસીસી આવકમાં તેના હિસ્સામાં વધારો કરવાની માંગ કરી હતી. અહેવાલો અનુસાર,આઈસીસીની આવકમાં તેનો વર્તમાન હિસ્સો ૫.૭૫ ટકા છે, જે લગભગ ૩૪-૩૫ મિલિયન ડોલરની સમકક્ષ છે.આઈસીસીએ એમ પણ કહ્યું છે કે તે આ માંગણી પર વિચાર કરશે.

**ટીના અંબાણી...**

આલીશાન એપાર્ટમેન્ટ છે. ઊઓ ને શંકા છે કે રિલાયન્સ કોમ્યુનિકેશન દ્વારા લેવામાં આવેલી લોનના નાણાં શેલ કંપનીઓ દ્વારા વિદેશ મોકલીને આ મિલકત ખરીદવામાં આવી હતી.

સુપ્રીમ કોર્ટે ૪ ફેબ્રુઆરીના રોજ આપેલા આદેશમાં સ્પષ્ટ કર્યું હતું કે બેંકોના નાણાં જે રીતે ડાયવર્ટ કરવામાં આવ્યા છે, તેની ઉંડી તપાસ થવી જરૂરી છે. કોર્ટના માર્ગદર્શન હેઠળ જ ઈડીએ આ સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (SIT) બનાવી છે.કુલ કૌભાંડ અંદાજે રૂ. ૪૦,૧૮૫ કરોડનું છે રિલાયન્સ હોમ ફાઈનાન્સ અને રિલાયન્સ કોમર્શિયલ ફાઈનાન્સ દ્વારા ૩૩ થી વધુ બેંકો સાથે કરાયેલી છેતરપિંડી તપાસ કરશે તેમજ ઈડી અત્યાર સુધીમાં અંબાણી ગ્રુપની રૂ. ૧૨,૦૦૦ કરોડની ૨૦૪ મિલકતો ટાંચમાં લઈ ચૂકી છે.

**સુપ્રીમ...**

ખાતાઓમાંથી ફરીને ઉપડી ગયા હોય છે. સુપ્રીમ કોર્ટના આ આદેશથી હવે 'ગોલ્ડન અવર' (ફ્રોડ થયાના શરૂઆતના કલાકો) માં જ કાર્યવાહી થવાની શક્યતા વધશે, જેથી ગ્રાહકના પૈસા બચાવી શકાશે.

અંતમાં, કોર્ટે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાને પણ નિર્દેશ આપ્યો છે કે તે સુનિશ્ચિત કરે કે તમામ બેંકો ગ્રાહકોના નાણાકીય ડેટા અને સંપત્તિની સુરક્ષા માટે પૂરતા પગલાં લે. આ નિર્ણયથી ડિજિટલ ઈન્ડિયાના મિશનને બળ મળશે અને બેંકિંગ સિસ્ટમ પર સામાન્ય નાગરિકોનો વિશ્વાસ વધુ દ્રઢ થશે.

(ચોથા પાનાનું ચાલુ)

**મહાશિવરાત્રીના મેળા...**

દેશભરના સાધુ-સંતો અને શ્રદ્ધાળુઓને સહભાગી થવા નોતરા અપાયા છે.

જૂનાગઢની ભવનાથ તળેટી રંગબેરંગી રોશનીથી અદભુત રીતે ઝગમગી ઊઠી છે, શિવરાત્રી મેળાને લઈને ભવનાથ ક્ષેત્રમાં કરવામાં આવેલ રોશનીના કારણે ભવનાથ ક્ષેત્રમાં આવતા ભાવિકોમાં અનેરો ઉત્સાહ અને આધ્યાત્મિક તેજ ઉભરાઈ રહ્યું છે.

દર વર્ષે કરતા આ વર્ષે થોડી વધુ રોશની કરી ભવનાથ ક્ષેત્રના વાતાવરણમાં નવો તેજ પાથરવામાં આવ્યો છે, અને ખાસ કરીને વિશેષ રીતે તૈયાર કરાયેલા ત્રિશુલ અને ડમરું લાઈટ વાળા હોલ્ડિંગ અને ભવ્ય પ્રવેશ દ્વારા શ્રદ્ધાળુઓ માટે આકર્ષણનું કેન્દ્ર બની રહ્યા છે.

ભવનાથ મંદિરની ટોચ સુધી પણ અદભુત રોશની ગોઠવવામાં આવી છે. આ સાથે પરિસરમાં પણ રોશનીનો ઝગમગાટ નયન રમ્ય બની રહ્યો છે, મહાશિવરાત્રી મેળાના પૂર્વે બે દિવસ અગાઉ શરૂ કરી દેવામાં આવેલ રોશની જુનાગઢ વાસીઓ અને ભાવિકો માટે અત્યારથી જ આકર્ષણનું કેન્દ્ર બન્યા છે. અને સોશિયલ મીડિયા ઉપર ભવનાથ ક્ષેત્રની રોશની ધૂમ મચાવી લાખોની સંખ્યામાં લાઈક મેળવી રહ્યા છે.

**ઝાકળવર્ષા...**

આજે સવારે રાજકોટ સહિત સૌરાષ્ટ્રભરમાં જોરદાર ઝાકળ વર્ષા થવા પામી હતી. વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૯૮ ટકાએ પહોચી ગયું હતુ. રાજકોટમાં વિઝિબીલીટી માત્ર ૫૦ મીટર રહેવા પામી હતી. એટલે કે ૫૦ મીટર દૂરનું કશુ જ દેખાતુ ન હતુ. વાહન ચાલકોએ વાહનોની હેડલાઈટ ચાલુ રાખવાની ફરજ પડી હતી. હાઈવે પર વાહન ચાલકોએ ભારે હાલાકીનો સામનો કરવો પડયોહતો. ઝાકળ વર્ષાના કારણે વાતાવરણમાં ઠંડક પ્રસરી જવા પામી હતી. લઘુતમ તાપમાનમાં પણ ઘટાડો જોવા મળ્યો હતો.

(૧૧માં પાનાનું ચાલુ)

**ભજનિક નિરંજન પંડ્યા**

મૂલ્યોનો પરિચય મળશે.નિરંજન પંડ્યાની ભજન યાત્રા સેવા ભાવથી પ્રેરિત છે. તેમણે જણાવ્યું હતું કે ભજન દ્વારા સમાજમાં સકારાત્મક ઊર્જા ફેલાવવી અને માનવમાત્રને શાંતિ તરફ દોરી જવું એ તેમની સાધનાનો મુખ્ય હેતુ છે.

તેમણે ભાવપૂર્વક કહ્યું કે, મને બાળપણથી જ મહાદેવ પ્રત્યે અપાર લગાવ છે. મારા વર્તનમાં, વિચારમાં અને જીવનશૈલીમાં શિવતત્વ ઉતરે એ જ મારી ઈચ્છા છે. હું મહાદેવને એક જ પ્રાર્થના કરું છું કે અંતિમ ક્ષણ સુધી ભજન કરવાની શક્તિ આપજો.કેમ્બ્રિજમાં યોજાયેલ આ ભજન યાત્રા દ્વારા સાબિત થયું કે ભારતીય સંસ્કૃતિ અને સનાતન ધર્મની શક્તિ વૈશ્વિક છે. વિદેશી ધરતી પર પણ શિવભક્તિનો નાદ ગુંજ્યો અને અનેક ભાવિકોના હૃદયને સ્પર્શી ગયો.નિરંજન પંડ્યાની ૫૫ વર્ષની ભજન યાત્રા, વર્લ્ડ બુક ઓફ રેકોર્ડનું સન્માન અને કેમ્બ્રિજમાં સનાતન મંદિર માટેનો આ ઉપક્રમ યુવા પેઢી માટે પ્રેરણારૂપ છે. સંગીત, ભક્તિ અને સેવાના સંગમથી તેમણે સાબિત કર્યું છે કે ધર્મ જીવન જીવવાની એક સકારાત્મક રીત છે.

**તપસ્વી સ્કૂલ**

વિકસાવવાનો હતો. શિક્ષકોના માર્ગદર્શન અને શાળા વ્યવસ્થાપનના સક્રિય સહયોગથી કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.

તપસ્વી સ્કૂલ દ્વારા આયોજિત આ સ્પોર્ટ્સ વીક વિદ્યાર્થીઓ, વાલીઓ અને શિક્ષકો માટે યાદગાર અને પ્રેરણાસ્પદ અનુભવ બની રહ્યો હતો, જેમાંથી સ્વસ્થ શરીરમાં સ્વસ્થ મનનો મહત્વપૂર્ણ સંદેશ મજબૂત રીતે ઉજાગર થયો હતો.

**ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ**

માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ત્યારબાદ જયપુરના એડવોકેટ તથા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ જતીન હરજાઈ દ્વારા જીએસટી હેઠળ મુક્ત પુરવઠા અને ઉલ્ટી કર ચુકવણી વ્યવસ્થાની વ્યવહારુ સમસ્યાઓ પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો. દિવસના અંતે અહમદનગરના ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ વિશાલ ગાંધી દ્વારા જીએસટી રિટર્ન, મેળવણી પ્રક્રિયા તથા વિવાદોની નોંધણીમાં ટેક્નોલોજીના ઉપયોગ અંગે માહિતી આપવામાં આવી હતી.

બીજા દિવસે બેંગલોરના વરિષ્ઠ એડવોકેટ તથા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ વી. રઘુરામન દ્વારા જીએસટી વિવાદ નિવારણ, અપીલ પ્રક્રિયા તથા વ્યૂહાત્મક દ્રષ્ટિકોણ પર વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ત્યારબાદ વડોદરાના એડવોકેટ તથા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ અભય દેસાઈ દ્વારા જીએસટી અપીલ પંચની રચના, અધિકારક્ષેત્ર અને પ્રક્રિયાત્મક માળખાની સ્પષ્ટ સમજ આપવામાં આવી હતી. અંતિમ સત્રમાં જયપુરના ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ યશ ધરૂ દ્વારા વિભાગીય ઓડિટ, તપાસ અને પાલન વ્યવસ્થાપન અંગે ઉપયોગી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આ બે દિવસીય પરિષદમાં રાજકોટ તથા આસપાસના વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ, કર વ્યવસાયિકો અને વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

આ કાર્યક્રમ રાજકોટ શાખાની વ્યાવસાયિક ઉત્તમતા અને નૈતિક મૂલ્યો પ્રત્યેની સતત પ્રતિબદ્ધતાનું પ્રતિબિંબ બની રહ્યો છે. ભવિષ્યમાં પણ સભ્યો અને વિદ્યાર્થીઓ માટે આવા વધુ માર્ગદર્શનાત્મક કાર્યક્રમો યોજવાની શાખાએ પ્રતિબદ્ધતા વ્યક્ત કરી છે.

**રિટાયરમેન્ટ સુરક્ષા**

રીતે સુરક્ષિત બનાવી શકે છે. નિવૃત્તિ આયોજનનું મહત્વ સમજાવી લોકોને વહેલી તકે રાષ્ટ્રીય પેન્શન યોજના સાથે જોડાવા અપીલ કરવામાં આવી હતી. આ સાથે યોજનાસંબંધિત માહિતી મેળવવા માટે સતત સહાય ઉપલબ્ધ હોવાની પણ માહિતી આપવામાં આવી હતી.

**જીટીયુ સૌરાષ્ટ્ર ઝોન**

રાજકોટની એ.વી.પી.ટી.આઈ. કોલેજ વચ્ચે રમાઈ હતી, જેમાં રાજકોટની ટીમે ૬૧ રનની ભવ્ય જીત સાથે વિજય મેળવ્યો હતો.

ઉલ્લેખનીય છે કે એ.વી.પી.ટી.આઈ. કોલેજે સતત ત્રીજા વર્ષે સૌરાષ્ટ્ર ઝોન ચેમ્પિયન બની પોતાની ક્રિકેટ પ્રતિભા અને દબદબો સાબિત કર્યો છે. અંતિમ મેચમાં દેવાંગ ગઢવીએ શાનદાર રમત પ્રદર્શન કર્યું હતું. દેવાંગ ગઢવીને શ્રેષ્ઠ પ્રદર્શન બદલ મેચનો શ્રેષ્ઠ ખેલાડી તથા સમગ્ર ટુર્નામેન્ટ માટે શ્રેણીનો શ્રેષ્ઠ ખેલાડી તરીકે સન્માનિત કરવામાં આવ્યા હતા. દેવાંગ ગઢવીએ ૫૮ બોલમાં ૯૨ રન બનાવી ૧૩ ચોગ્ગા અને ૨ છક્કા ફટકાર્યા હતા તેમજ બોલિંગમાં પણ ૨ વિકેટ ઝડપી હતી.

મેચ દરમિયાન જયવલ દવેને ૨ વિકેટ અને રીતેષ પટેલને ૩ વિકેટ પ્રાપ્ત થઈ હતી.રાજકોટ પોલીટેકનિક કોલેજના આચાર્ય પ્રોફેસર આશીતભાઈ પંડ્યાએ ટોસ ઉછાળી રમતોની શરૂઆત કરાવી અને બંને ટીમોને પ્રોત્સાહન આપ્યું હતું.

ટીમની આ ઐતિહાસિક સિદ્ધિ બદલ એ.વી.પી.ટી.આઈ. કોલેજના આચાર્ય પ્રોફેસર જી.વી. પરમાર સમગ્ર ટીમને અભિનંદન પાઠવ્યા હતા. વિજેતા ટીમના ભવ્ય સ્વાગત માટે પ્રોફેસર જે.બી. વાળા, પ્રોફેસર શ્યારા , પ્રોફેસર હાથલીયા , પ્રોફેસર તન્ના સાહેબ, પ્રોફેસર આનંદ ભટ્ટ, પ્રોફેસર સાવલિયા સહિતના પ્રાધ્યાપકોએ ફૂલહારથી ટીમનું અભિવાદન કર્યું હતું.

વિજેતા ટીમના મુખ્ય કોચ હરિભાઈ ભદ્રેશ અને ડો. હેમેન્દ્ર નું માર્ગદર્શન ટીમ માટે મહત્વપૂર્ણ સાબિત થયું હતું.રાજકોટની એ.વી.પી.ટી.આઈ. કોલેજની વિજેતા ટીમ હવે તારીખ ૨૨ ફેબ્રુઆરી ૨૦૨૬થી રાજ્યસ્તરીય યુનિવર્સિટી ક્રિકેટ ટુર્નામેન્ટમાં ભાગ લેવા જઈ રહી છે. આ પ્રસંગે આચાર્ય જી.વી. પરમાર અને શ્યારા ટીમને શુભેચ્છાઓ પાઠવી હતી.

(છેલ્લા પાનાનું ચાલુ)

**કોમ્યુનિટી હોલ...**

છે. હાલ બુકીંગ રદ્દ કરવાના કિસ્સામાં ૭૫% ભાડાની રકમ કપાત કરવામાં આવે છે. જેમાં સુધારો કરાયો છે. બુકીંગ કરાવ્યાના ૨૪ કલાકમાં જો બુકીંગ રદ્દ કરવામાં આવે તો રૂ.૫૦૦, પ્રસંગના ૧૫ દિવસ પહેલા બુકીંગ રદ્દ કરવામાં આવે તો ભાડાની રકમના ૫૦% જેમાં વધુમાં વધુ ૧૦,૦૦૦ રૂપિયા, પ્રસંગના ૭ દિવસ પહેલા બુકીંગ રદ્દ કરવામાં આવે તો ભાડાની રકમમાં ૭૫% પરંતુ વધુમાં વધુ ૧૫,૦૦૦ રૂપિયા કાપી લેવામાં આવશે. અવસાન સહિતના કારણોસર તારીખમાં ફેરફાર કરવાનો થાય તો રૂ.૫૦૦ ભરી તારીખ બદલી શકાશે.

**દિવ્યાંગ પાર્ક...**

કરોડની જોગવાઈ કરવામાં આવી છે. જેમાં સંકુલની અંદરના રસ્તાઓને ટ્રાફિક મુક્ત કરવા માટે વ્હીકલ માટે સ્લો સ્પીડ ઝોન, પેડેસ્ટીયન માટે પહોળી ફૂટપાથ, ઓફ સ્ટ્રીટ પાર્કિંગનો સમાવેશ કરાયો છે. સાથોસાથ હયાત બગીચાઓનું અપગ્રેડેશન કરવામાં આવશે. પ્લાઝા, સિટીંગ એરિયામાં વધારો, લાઈટીંગનું નવીનીકરણ, દિવ્યાંગ પાર્ક જેવા અનેકવિધ કામોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

**ગેમ ઝોન સાથે કાફેટેરીયા...**

સંચાલન, જાળવણી ખાનગી ભાગીદારે કરવાની રહેશે. ગુણવત્તાયુક્ત સુવિધાઓ ઝડપી સમય મર્યાદામાં વિકસીત થશે. ભાડું અને રેવન્યૂ શેરીંગ દ્વારા કોર્પોરેશનને નિયમતિ આવક પણ પ્રાપ્ત થશે. સંયુક્ત ફૂડ કોર્ટ અને ગેમ ઝોન સાથે કાફેટેરીયાના નિર્માણથી નાગરિકોને એક જ સ્થળે ફૂડ, મનોરંજન અને ફેમિલી એન્ટરટેઈનમેન્ટની સુવિધાઓ પણ મળશે. આ પ્રોજેક્ટ સંપૂર્ણપણે પીપીપીના ધોરણે હશે. જેના કારણે કોર્પોરેશન પર કોઈ જ પ્રકારનું આર્થિક ભારણ વધશે નહિં.

## જૈન અગ્રણી પ્રવિણચંદ્ર અનુપચંદ મહેતાનું નિધન



**રાજકોટઃ** ગોંડલ નિવાસી હાલ રાજકોટ સ્વ.અનુપચંદ વખતચંદ મહેતાના જયેષ્ઠ સુપુત્ર પ્રવિણચંદ્ર અનુપચંદ મહેતા (ઉ.વ.૮૩) તે પ્રફુલચંદ્ર, રસિકાબેન, માલતીબેન, સ્વ. કોકીલાબેનના મોટાભાઈ તેમજ પપ્પુભાઈ (ચંદ્રેશભાઈ), હેમલભાઈ અને જીગ્નેશભાઈના પિતાશ્રી, મીનાબેન, પલવીબેન, મયુરીબેનના સસરા, નિશિતા અને ખુશાલીના દાદાજી સસરા,હર્ષ, મિત, પ્રિયા, રિયા અને યશવીના દાદા આજે નવકાર મંત્રનું સ્મરણ કરતા કરતા અરિહંત શરણ પામેલ છે.

તેઓની સ્મશાન યાત્રામાં બહોળી સંખ્યામાં લોકો જોડાયા હતા

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# ‘ભક્તિરૂપી રસાયણની આજે આપણને જેટલી જરૂરી છે તેટલી અગાઉ ક્યારેય ન હતી’

## ‘‘આત્મા અને પરમાત્માને ભેગા કરવા નવા કોઈ સાધન – કર્મ – પરિષ્કારની જરૂર નથી, માત્ર જરૂર છે એવી ઈચ્છાની શ્રદ્ધા અને ભક્તિની!’’

**ધર્મ રહસ્ય**

આ ઉપનિષદનું ખાસ લક્ષ્યતો મનુષ્ય જીવનની અનેક પ્રકારની મૌલિક સમસ્યાઓ તરફ ધ્યાન દોરવાનું છે. મનુષ્ય કોણ છે? વિશ્વમાં તેની શું સ્થિતિ છે? તેના જીવનનું સ્વરૂપ શું છે? અને આ વિશ્વનું સ્વરૂપ કેવું છે? આ પ્રશ્નોનો ઉકેલ ઈશ કે ઈશાવાસ્ય ઉપનિષદમાં આપેલ છે.

સૌ પહેલું એ કે આ સંસારના સ્વરૂપના મુળમાં એક ઈશ્વરની સત્તા રહેલી છે.જેમાં વેદનો સિધ્ધાંત એકો દેવઃ। તમામમાં એક જ દેવ રહેલો છે. તેજ છે વેદની આ મહાન શોધનું ઈશાવાસ્ય ઉપનિષદ જે રહસ્ય સમજાવે છે.

બીજુ આ સ્થૂળ દ્રશ્ય ભૌતિક જગતની પાછળ એક સુક્ષ્મ જગત છે એ સુક્ષ્મ જગત પ્રાણાત્મક જગત છે. હજારો વર્ષ પહેલા આપણા ૠષિ મૂનીઓ આ સત્ય જગતને બતાવી ગયા છે. હવે વિજ્ઞાન કહે છે કે દરેક પરમાણું માં ઈલેકટ્રોન, પ્રોટોન અને ન્યુટ્રોન રહેલા છે. જેઓ પોત પોતાની વિશાળ શકિત સંગ્રહીને બેઠા છે.તેનું વિભાજન (પરમાણુ બોમ્બ) જબ્બર દસ્ત શકિત પેદા કરે છે. આ સુક્ષ્મ જગતની ભૌતિક બાબતો હવે વિજ્ઞાનને મળી છે. પરંતુ હજુ એમ લાગે છે કે મૌલિક ઘણી બાબતો શોધવાની હજુ બાકી છે !

આ ઉપનિષદ કહે છેકે આ વિશ્વનું મુળ ગતિતત્વ અથવા પ્રાણાત્મક અથવા છંદોમય સ્પંદન ઈશ્વરની પ્રાણાત્મક શકિતમાંથી જ નીકળી રહ્યા છે. અને તેનું સ્વરૂપ એ માનવ છે. માટે મનુષ્યે પણ ભોકતા બનીને નહિ પરંતુ ‘તેનત્યકતેન ભુંજીથાઃ।’ રૂપે સર્વને વહેચીને ભોગવવાનું કહે છે.

આ ઉપનિષદમાં વૈદિક કર્મયોગનો નિયમ આપ્યો છે. જન્મ લઈ ને કોઈ પણ પ્રાણી કર્મ વગર રહી શકતો નથી તેથી કર્મ માર્ગ સ્વીકારી ને જ મનુષ્યે પોતાની અપેક્ષાઓની સિધ્ધિ માટે શતાયુ (સો વર્ષ) બનવું જોઈએ. ધર્મ યુકત કર્મો દ્વારા પ્રાપ્ત ભોગોનો અનાસકતી પૂર્વક ઉપયોગ કરવાથી માણસને કર્મનું બંધન થતું નથી. દરેકે એ નકિક કરવાનું છે કે આત્માના સુક્ષ્મ ચૈતન્ય જીવન અથવા ઈન્દ્રીયોના સ્થૂળ ભોગ એ બે માંથી કોને તે ઈચ્છે છે? ઉપરાંત પોતાના આત્માને બધા પ્રાણીઓમાં અને બધા પ્રાણીઓને પોતાના આત્મામાં રહેલા અનુભવવા એજ ઈશ્વર (વિશ્વાત્મા)નો અનુભવ છે.

આ ઉપનિષદ મુજબ અવિદ્યા એટલે કે સંસારનું ભૌતિક સ્વરૂપ અને વિદ્યા એટલે આત્માનું આધ્યાત્મિક સ્વરૂપ છે. આ બંનેને સાથે રાખીને તેના આધારે ચાલવાથી જીવન સાફલ્ય કે પૂર્ણ બને છે. આ બ્રહ્મ વિદ્યા અને કર્મયોગ બંનેનો જે મેળ કરી શકે તેની બુધ્ધિપૂર્ણ કે પ્રજ્ઞા પૂર્ણ બને છે. આમ વેદો અને ઉપનિષદો મુજબ જીવનમાં અધૂરો કે એકાંગી માર્ગ ઈષ્ટ નથી.


આમાં આત્માને પ્રજાપત્ય એટલે કે વિરાટ ઈશ્વરનો એક અંશ કહેવામાં આવ્યો છે. આમાં આત્માને સૂર્યની ઉપમા આપી છે. સૂર્ય જેમ તેની પ્રવૃત્તિરૂપે પોતાના કિરણો ફેલાવે છે. અને દિવસના અંતે સમેટી લે છે. આત્માનું આ પ્રાણાત્મક (જીવન રૂપ) સ્વરૂપ જ સૌથી સુંદર છે. તેના દર્શન આપણે જીવનભર કરીએ છીએ. આખરે મનુષ્યને એવો અનુભવ થાય છે કે જે વિરાટ પુરૂષ છે તેજ પોતે છે. વ્યકિતના શરીરમાં રહેલો પરિમિત વાયુ કે તેજ તે જણાવેલ વિરાટ વાયુ કે તેજમાં મળી જાય છે. અને આ શરીર થોડિક ભષ્મ (રાખ)ના રૂપમાં પૃથ્વીમાં મળી જાય છે. જેનો સ્વીકાર કરવા રૂપે માણસ ‘ૐ’ અક્ષરનો ઉચ્ચાર કરે છે.

સનાતન કાલ-આજ-કાલ

આ ઉપનિષદમાં જણાવેલ છે કે ‘સત્ય ઉપરનું હિરણ્યય પાત્ર તું ખોલી નાખ ‘એ ભકિતભાવ ભર્યા શ્રધ્ધા ભર્યા શબ્દો છે. ઈશ્વરને પ્રાપ્ત કરવાનું અન્ય કોઈ સાધન જ નથી સિવાય કે તેને (ઈશ્વરને) સ્વીકારી લઈ તેની સાથેના ‘અનેક નાતા’ પૈકી કોઈ પણ ગમતો નાતો સ્વીકારી તેને સીધો પ્રાર્થવો. આમ આત્મા અને પરમાત્માને ભેગા કરવા નવા કોઈ સાધન -કર્મ-પરિષ્કારની જરૂર નથી. માત્ર એવી ઈચ્છાની શ્રધ્ધાની અને ભક્તિની જરૂર છે.

કોઈપણ નીતિ શાસ્ત્રી, જ્ઞાન માર્ગી કે કર્મમાર્ગી આ જોઈ કે સાંભળીને આભો જ બની જાય ! બધુ અજ્ઞાન, તમામ પાપો દૂર કરવાનો અને પરમ સત્યનું દર્શન પામવા નો આજ માર્ગ ? જરૂર હા, ‘ભૂતળ ભકિત પદારથ મોટુ’ એ કહેવાની શકિત ઈશ્વર સાથે તદ્રુપ-પૂર્ણ બનેલા ભકતની જ હોય શકે ! આ ઉપનિષદે રજુ કરેલુ પરમ સત્ય જ આ છે !

આ અદ્ભૂત ચિત શકિતને જ યોગ વિદ્યા સમાધિશકિત પણ કહે છે. અને તેજ ૠતંભરા પ્રજ્ઞાનું મૂળ છે. જ્ઞાન માર્ગીઓનું નિદિધ્યાસન પણ આજ છે.


લેખક
એસ. બી. ગોહિલ
પૂર્વ આસિ. પોલીસ કમિશનર
મો.૯૯૨૫૫૦૦૦૬૭

ઉપનિષદના ૠષિઓ આ ભકિતભાવ ભર્યા ચિતની યોગ શકિતથી બરાબર માહિતગાર હતા ભકિતરૂપી પરમ રસાયણની આજે આપણને જેટલી જરૂર છે. તેટલી અગાઉ કયારેય ન હતી. આજે આપણા ચિત પાપ જડ ઉપરાંત જ્ઞાન-જડ વધારે થઈ ગયા છે. આજે તો જયારે આપણે કર્મ અને ઉપાસના નોઅધિકાર પણ ખોઈ બેઠા છીએ ત્યારે વેદાંતના માયાવાદને આધારે જ્ઞાનમાર્ગનું સમર્થન કાઢી આપતા હડહડતા ‘જ્ઞાન’ માર્ગનો પ્રચાર કરતા સંન્યાસી આશ્રમો માઈક લાઉડસ્પીકરોથી ગાજી રહ્યા છે.

આ ઉપનિષદના અમૂક મંત્રોમાં આખી ‘ગીતા’ની ફિલસુફી આવી જાય છે. આ ઉપનિષદના મંત્રોને ગીતા તેનું માધ્યમ છે. એમ સમજી અર્થ જાણવામા આવે તો તે તત્વજ્ઞાન સ્પષ્ટ અને વિશદ થઈ જાય. આપણા આ બે મહાન ધર્મ ગ્રંથો ના તત્વજ્ઞાન અંગે જે સામ્ય છે તેવું બીજે ભાગ્યે જ જોવા મળે છે.

આ ઉપનિષદ કહે છે ‘હે મનુષ્ય, દુનિયામાં જે કાંઈ છે તે બધુ ચલ, અસ્થિર, જતુ કે પલલટાતું ક્ષણિક છે. એમ છતા તેમાં અચલ, સ્થિર કે સ્થાયિ એક તત્વ છે કે જે તેનો આધાર છે, તેનો ઈશ કે ઈશ્વર કે નિયામક પ્રભુ કે પરમાત્મા છે.

પુષ્પમાં જેમ વાસ (સુગંધ) રહેલી છે તેમ આભૂત પદાર્થોની ભરેલા જગતમાં તેના સ્થાયિ ભાવરૂપ એવા ઈશ્વરનો વાસ રહેલો છે.

જગતની પ્રકૃતિ સતત ગતિશિલ છે ‘જે જોયુ તે જાય જ છે’ બધુ આવે છે અને જાય છે. એમ જગતની ઘટમાળ ફર્યા કરે છે. પરંતુ આ બધુ અધ્ધરતાલ નથી તેમાં કાયદો છે. નિયમન છે કે જે તેમાં સુત્ર રૂપે રહેલો છે. આમ સતત ફરતા આ ચલિત જગતમાં તે છે. તે સત્ય છે. એ ઈશ્વર – કે ઈશ છે.

આ ઈશ તેજસ્વી કાયા રહિત કે નિરાકાર અને અભેધ્ય-અચ્છેદ, અતુટ છે. સ્નાયુ વિગેરે દેહની ધાતુઓ વગરના એક રસ કે અખંડ શુધ્ધ, નિરામય અને નિષ્પાપ, પવિત્ર એવા (તિષ્ટત્)ને તેણે તે (આત્માએ કે ઈશે) ચારે તરફ (ચોગદરમ્) વિશ્વને આવરી લીધું છે. તે ઈશ કે આત્મા કવિ, અંતર્યામી, સર્વ વ્યાપી સ્વયંભુ છે.

ગીતામાં ભગવાન વેદવ્યાસજીએ ક્ષર અને અક્ષર એમ બે પુરૂષો ગણાવી તેનાથી આગળ ત્રીજો અને ત્રણેયમાં ઉત્તમ એવા પુરૂષ અંગે કહીને જે વર્ણવ્યો છે. તે જ આ ઈશ છે.

(ગીતામાં કહ્યું છે કે ‘‘જગતમાં ક્ષર એટલે નાશવંત અને અક્ષર એટલે અવિનાશી એવા પુરૂષો છે. દુન્યવી ભૂત માત્ર ક્ષર છે. જે જીવ છે. તે કુટસ્થ કે અક્ષર – કહેવાય છે અને તે ઉપરાંત એકબીજા ઉત્તમ પુરૂષ છે તે પરમાત્મા કહેવાય છે. એ અવ્યય ઈશ્વર છે, ત્રણે લોકમાં પ્રવેશ કરીને તેમને ધારણ કરી પોષે છે)

આમ ત્રણ પુરૂષ કહેવાનું તાત્પર્ય એ છે કે મનુષ્ય યોનિ બુધ્ધિજીવી છે. તે સમજબુધ્ધિ – વિચાર કે દ્રષ્ટિ વિના તે વર્તી શકે નહિં કેમ કે જેવી દ્રષ્ટિ તેવી સૃષ્ટિ તે લોક બને છે. આથી મનુષ્ય આત્મદર્શી બની કર્મના લેપ વગર શોકમોહના સંસાર રૂપી સાગરમાં ડૂબ્યા વિના પોતાના આયુષ્યના પૂરા ૧૦૦ વર્ષ જીવશે કે તેમણે જીવવું જ જોઈએ. એટલે કે વિધામય અને યજ્ઞજીવન જીવવું જોઈએ. એટલે કે કર્મ સમજીને કરવું જોઈએ કે વિશ્વનો ઈશ છે જે યથાતથ બધુ ચલાવે છે. જીવોના યોગ અને ક્ષેમ વહનારો પણ તેજ છે. આથી તે અંગે લોભ – લાલસા – રાગદ્રેષ – ક્રોધ કે મોહમાં નહીં પડતા – કર્મો કે તેના ફળમાં આશક્તિ નહિં રાખતા કેવળ નિષ્કામભાવ રાખીને જીવન જીવવું જોઈએ, નહિં તો અવિદ્યા તમને મૃત્યુ દેખાડશે. વિદ્યા તમને સ્વર્ગથી લલચાવે તો ત્યાંય પુણ્ય ક્ષીણ થયે અંતમાં મૃત્યુ તો હશે જ ! આમ બન્ને રીતે મૃત્યુની ભૂમિકા પકડીને આત્મા તરફ વળવામાં (ધર્મ કર્માભિમાની અર્જુન પેઠે કે મરણ શરણર્થી નચિકેતાની જેમ !) બુધ્ધિમતા છે, આધ્યાત્મ ગતિ છે જે ઉત્તમ છે.

**વિશ્વ રસ : ‘‘ભૂતળ ભક્તિ રસાયણ મોટુ સકળ લોકમાં નાહી રે’’ ભક્તિ કવિ :- નરસિંહ મહેતા**

# લોકસભા સ્પીકર ઓમ બિરલાને પદથી હટાવવા અવિશ્વાસ પ્રસ્તાવની નોટિસ, વિપક્ષના ૧૧૮ સાંસદોની સહી

## સ્પીકર ગૃહની કાર્યવાહીમાં પક્ષપાતી વલણ અપનાવી રહ્યા છે અને વિપક્ષનો અવાજ દબાવવામાં આવી રહ્યો છેઃ વિપક્ષનો આરોપ

**અબતક, રાજકોટ**

લોકસભામાં સત્તાધારી પક્ષ અને વિપક્ષ વચ્ચેનો સંઘર્ષ હવે ચરમસીમાએ પહોંચ્યો છે. કોંગ્રેસ સહિતના વિપક્ષી દળોએ લોકસભા અધ્યક્ષ ઓમ બિરલા સામે મોરચો માંડતા તેમના વિરુદ્ધ અવિશ્વાસ પ્રસ્તાવની નોટિસ રજૂ કરી છે. વિપક્ષી નેતાઓએ લોકસભાના નિયમ ૯૪(સી)નો હવાલો આપી સ્પીકરને પદમુકત કરવાની માંગ સાથે લોકસભાના મહાસચિવને આ નોટિસ સોંપી છે. આ દરખાસ્ત પર કોંગ્રેસ, સપા, ડાબેરી પક્ષો અને આરજેડી સહિતના કુલ ૧૧૮ સાંસદોએ સહી કરી છે. જોકે, તૃણમૂલ કોંગ્રેસે દૂરી જાળવી રાખી છે, જે વિપક્ષી ગઠબંધનમાં આંતરિક મતભેદ હોવાના સંકેત આપે છે.

વિપક્ષનો આરોપ છે કે સ્પીકર ગૃહની કાર્યવાહીમાં પક્ષપાતી વલણ અપનાવી રહ્યા છે અને વિપક્ષનો અવાજ દબાવવામાં આવી રહ્યો છે. કોંગ્રેસ સાંસદ પ્રિયંકા ગાંધી વાડ્રાએ આ અંગે આકરા પ્રહાર કરતા જણાવ્યું હતું કે, સરકારના દબાણને કારણે સ્પીકર પદની ગરિમા જળવાતી નથી અને તેમણે વડાપ્રધાનના બચાવમાં સફાઈ આપવી પડે છે, જે દુર્ભાગ્યપૂર્ણ છે. સંસદના નિયમો મુજબ, સ્પીકરને હટાવવાનો પ્રસ્તાવ પસાર કરવા માટે ઓછામાં ઓછા ૫૦ સાંસદોનું સમર્થન જરૂરી હોય છે અને નોટિસ આપ્યાના ૧૪ દિવસ બાદ તેના પર ચર્ચા હાથ ધરવામાં આવે છે. જ્યારે આ પ્રસ્તાવ વિચારાધીન હોય, ત્યારે સ્પીકર પોતે ગૃહનું સંચાલન કરી શકતા નથી.

જોકે, આંકડાકીય દ્રષ્ટિએ જોતા ઓમ બિરલા વિરુદ્ધનો આ અવિશ્વાસ પ્રસ્તાવ પસાર થવો અત્યંત મુશ્કેલ જણાય છે. ભલે વિપક્ષ પાસે ૨૨૦થી વધુ સાંસદોનું સંખ્યાબળ હોય અને તેઓ પ્રસ્તાવ લાવી શકે તેમ હોય, પરંતુ લોકસભામાં પ્રસ્તાવને અંતિમ મંજૂરી આપવા માટે બહુમતીની જરૂર પડે છે. હાલમાં ગૃહમાં એનડીએ પાસે સ્પષ્ટ બહુમતી હોવાથી વિપક્ષ માટે આ પ્રસ્તાવને સફળ બનાવવો એક મોટો પડકાર છે. તેમ છતાં, વિપક્ષના આ પગલાએ બ્રિટિશ સંસદીય પ્રણાલીની જેમ ભારતીય રાજકારણમાં પણ ગરમાવો લાવી દીધો છે.

### ભાજપના મહિલા સાંસદોએ વિપક્ષી વર્તન સામે વ્યક્ત કરી નારાજગી

ભાજપના મહિલા સાંસદોએ પત્રમાં ગંભીર આક્ષેપો કરતા જણાવ્યું છે કે, રાષ્ટ્રપતિના અભિભાષણ પરના આભાર પ્રસ્તાવની ચર્ચા દરમિયાન વિપક્ષી સભ્યોએ ગૃહની તમામ મર્યાદાઓ ઓળંગી દીધી હતી. આ સાંસદો માત્ર ગૃહના ’વેલ’માં જ નહોતા ઘૂસ્યા, પરંતુ ગૃહના ટેબલ પર ચઢી ગયા હતા અને સરકારી દસ્તાવેજો ફાડીને અધ્યક્ષની ખુરશી તરફ ફેંક્યા હતા. પત્રમાં લખવામાં આવ્યું છે કે વિપક્ષના આ પ્રકારના કૃત્યથી આપણી લોકતાંત્રિક સંસ્થાઓની છબી ખરડાઈ છે

# મૃતકોના મોક્ષાર્થે હરીદ્વારમાં યોજાશે ભાગવત કથા

## જલારામ ભકિતશ્રધામ ટ્રસ્ટ દ્વારા સમગ્ર ગુજરાતમાંથી મૃત્યુ પામેલા જીવાત્માઓની શાંતી અર્થે થશે પ્રાર્થના

**અબતક,રાજકોટ**



જલારામ ભકિતધામ ટ્રસ્ટ અને એકસલેન્ટ યુવક મંડળનાં સંયુકત ઉપક્રમે ગુજરાતમાં મૃત્યુ પામેલા લોકોની આત્માની શાંતી અર્થે હરીદ્વારમાં શ્રીમદ ભાગવત કથાનું આયોજન આગામી તા.૧૨ થી ૧૮ માર્ચ સુધી થયેલ છે.

કથાનું શ્રી વિરધામ ભુપતવાળા હરીદ્વાર ખાતે વકતા નરસિંહદાસજી પાટણ વાળા સંગીતમય શૈલીમાં યોજાશે.

કથા દરમ્યાન પિતૃયજ્ઞ બ્રહ્મભોજન વગેરે ધાર્મીક કાર્યો થશે. જે પણ પરિવારને જોડાવું હોય તેઓએ મૃતકનો ફોટો નામ અટક સાથે મો.નં. ૯૮૨૫૩ ૫૦૫૪૬ પર સંપર્ક કરી શ્રી જલારામ ભકિતધામ ટ્રસ્ટ શ્રીમદ ભવન ત્રીજા માળે ઓફીસ નં. એસ.એફ. કાંતાવિકાસગૃહ ઢેબરરોડ પર રૂબરૂ મળવું ટ્રસ્ટની યાદીમાં જણાવાયું છે.

# મોરબી રોડ પર નશામાં યુવાને શરીરે પેટ્રોલ છાંટી આગ ચાંપી

## આવેશમાં આવી પગલું ભર્યું હોવાનું પ્રાથમિક તારણ

**અબતક, રાજકોટ**

શહેરની ભાગોળે આવેલા મોરબી રોડ પર હડાણા પાટીયા પાસેની ઝૂંપડપટ્ટીમાં હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. અહીં રહેતા ૨૪ વર્ષીય આદિવાસી યુવાને નશાની હાલતમાં પોતાના જ શરીર પર પેટ્રોલ છાંટી આગ લગાડી લેતા ચકચાર મચી ગઈ છે. ગંભીર રીતે દાઝી ગયેલા યુવાનને તાત્કાલિક સારવાર માટે રાજકોટની સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે.

પ્રાપ્ત વિગતો મુજબ, મોરબી રોડ પર હડાણા પાટીયા પાસે ઝૂંપડપટ્ટીમાં રહેતા શાહરૂખ અમરભાઈ આદિવાસી (ઉ.વ. ૨૪) નામના યુવાને ગત મોડી રાત્રે આશરે ૨ઃ૩૦ વાગ્યાની આસપાસ આ આત્મઘાતી પગલું ભર્યું હતું. પરિવારના જણાવ્યા અનુસાર, શાહરૂખ મૂળ મહારાષ્ટ્રનો વતની છે. અહીં મજૂરી કામ કરીને ગુજરાન ચલાવે છે. તેના લગ્ન બે વર્ષ પહેલા જ થયા હતા. પરિવારના સભ્યોએ વધુમાં જણાવ્યું હતું કે, શાહરૂખને દારૂ પીવાની કુટેવ છે. ગઈકાલે રાત્રે તે દારૂના નશામાં હતો અને અચાનક આવેશમાં આવી જઈ પોતાના શરીર પર પેટ્રોલ છાંટી દીવાસળી ચાંપી દીધી હતી. આગને કારણે તે મોઢા અને શરીરના અન્ય ભાગો પર ગંભીર રીતે દાઝી ગયો હતો. બૂમાબૂમ થતા આસપાસના લોકો એકઠા થઈ ગયા હતા. તેને ગંભીર હાલતમાં હોસ્પિટલ ખસેડ્યો હતો. હાલ શાહરૂખ સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. જોકે, દારૂના નશામાં તેણે આ પગલું ભર્યું કે તેની પાછળ અન્ય કોઈ પારિવારિક કારણ જવાબદાર છે, તે દિશામાં પોલીસે તપાસ હાથ ધરી છે.

# મોઢ વણિક મહાજન દ્વારા શ્રી રૂગનાથજી મંદિરનો ૧૩૯મો પાટોત્સવ ઉજવાયો

## શ્રીજીની આંગી, શૃંગાર, ધ્વજારોહણ અને અન્નકૂટ ધરાયો

**અબતક, રાજકોટ**

રાજકોટના બોધાણી શેરી, સોની બજાર ખાતે આવેલ શ્રી રૂગનાથજી મંદિરમાં મોઢ વણિક મહાજન દ્વારા ૧૩૯મો પાટોત્સવ વિશેષ ધામધૂમથી ઉજવાયો. આ પ્રસંગે ભગવાન શ્રીરામ (રૂગનાથજી) ને શ્રેષ્ઠ આંગી અને શૃંગાર સાથે પૂજવામાં આવ્યું, ધ્વજારોહણ કરાયું અને પરંપરાગત અન્નકૂટનું આયોજન કરવામાં આવ્યું. અંતે મહાઆરતી દ્વારા પાટોત્સવનું લોકપ્રિય સમાપન થયું. શ્રી રૂગનાથજી મંદિરનું સંચાલન શ્રી મોઢ વણિક મહાજન રાજકોટ દ્વારા થાય છે અને આ મંદિરની પ્રતિષ્ઠા ૧૩૮ વર્ષ પૂર્વે કરવામાં આવી હતી. પૌરાણિક સાહિત્ય મુજબ, પૂર્ણિમા પ્રસંગે મહાત્મા ગાંધીજી રાજકોટની મુલાકાત દરમિયાન મંદિરના દર્શન લેવા આવતા હતાં. તેમજ પૂર્વમાં તત્કાલીન ઠાકોરશ્રી લાખાજીરાજ બાપૂ પણ વિવિધ ધાર્મિક પ્રસંગોમાં હાજરી આપી ભાવપૂર્વક દર્શન કરતા હતા.

પાટોત્સવના પ્રસંગે ટ્રસ્ટના પ્રમુખ ભાગ્યેશ વોરા, મેનેજિંગ ટ્રસ્ટી કીરેન છાપીયા, સહમંત્રી કેતન પારેખ, ખજાનચી નીતિન વોરા, ટ્રસ્ટી ઈલેશ પારેખ, અને જ્ઞાતિ અગ્રણી કિર્તીભાઇ મહેતા સહિતના આગેવાનો અને ભક્તો ઉપસ્થિત રહ્યા હતા. આ સાથે અનેક મોઢ વણિક જ્ઞાતિના સભ્યો અને ભક્તો પણ ભાગ લેવા આવ્યા હતા, જેમણે ધર્મ, સંસ્કૃતિ અને ભક્તિમાં જોડાઈ પાટોત્સવને અનોખો રંગ આપ્યો.

મહોટમામાં ભગવાનની પૂજા વિધિ, ધ્વજારોહણ, અને અન્નકૂટના પર્વ દ્વારા ભક્તોનો આસ્થા અને ભાવપ્રવાહ વધુ પ્રગટ થયો. મેનેજર શ્રી સુરેશ રાજપૂરીહિત તથા વહીવટી અધિકારી દીપક મહેતા દ્વારા કાર્યક્રમની વ્યવસ્થા સુમેળપૂર્વક કરવામાં આવી, જે કાર્યક્રમને વધુ સુવ્યવસ્થિત અને ભવ્ય બનાવતી રહી.

આ પાટોત્સવ મોઢ વણિક જ્ઞાતિ માટે ભક્તિ અને સાંસ્કૃતિક એકતા દર્શાવતો પ્રસંગ રહ્યો. દરેક ઉપસ્થિત વ્યકિતએ ભગવાન રૂગનાથજીની ભક્તિમાં જોડાઈ ભવ્ય ધાર્મિક અનુભૂતિ મેળવી અને પરંપરાગત સૌંદર્ય અને ઉત્સાહ સાથે આ પર્વનો આનંદ માણ્યો.

# સુરક્ષા અને સંવર્ધનનું કેન્દ્રઃ રામપરા વન્યપ્રાણી અભીયારણ્ય

## સિંહો માટે જીન-પૂલ સેન્ટર અને ચિત્તલ-ચિંકારા માટે બ્રિડીંગ સુવિધાઃ પંખીઓ માટે ૧૫૦થી વધુ જાતોના સ્થાનિક અને યાયાવર પક્ષીઓ જોવા મળે છેઃ અભીયારણ્યમાં ૪૦૦ જેટલી વનસ્પતિ અને ઔષધિઓનો ખજાનો

**અબતક, રાજકોટ**



મોરબી જિલ્લાના વાંકાનેર તાલુકામાં આવેલું રામપરા વન્યપ્રાણી અભ્યારણ્ય, તેની ચોમાસામાં લીલોતરી અને શિયાળામાં સોનેરી ઘાસ સાથે પ્રકૃતિપ્રેમીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બની રહ્યું છે. અભ્યારણ્યમાં ૧૦૦થી વધુ જાતના વન્યપ્રાણીઓ વસવાટ કરે છે, જેમાં દીપડા, ઝરખ, વરૂ (નાર), ચિંકારા, નીલગાય, શિયાળ, સસલા અને અન્ય વિવિધ સસ્તન પ્રાણીઓનો સમાવેશ થાય છે.

અભ્યારણ્યમાં એશિયાઈ સિંહો માટે જીન-પૂલ સેન્ટર બનાવવામાં આવ્યું છે, જ્યારે ચિત્તલ, સાંભર અને ચિંકારા માટે ખાસ બ્રિડીંગ સુવિધાઓ ઉપલબ્ધ છે. પ્રાણીઓના આરોગ્ય અને ઉપચાર માટે દવાખાનું, પશુ ચિકિત્સક, એટેન્ડન્ટ અને ઉપચાર-રેસ્ક્યુ માટે વાહન જેવી આધુનિક સુવિધાઓ પણ ઉપલબ્ધ છે.

વન્યપ્રાણીઓના જીવલેણ પર્યાવરણને અનુકૂળ રાખવા માટે અહીં પાણી અને ખોરાકની વ્યવસ્થા ખૂબ સક્ષ્મ છે. પ્રકૃતિપ્રેમીઓ અને વન્યજીવન અભ્યાસ માટે વોચ ટાવર, એન્કલોઝર અને રીસ્ક્યુ વ્યવસ્થા મહત્ત્વપૂર્ણ ભુમિકા ભજવે છે.અભ્યારણ્યમાં પંખીઓ માટે પણ વિશાળ જૈવિક વૈવિધ્ય છે. ૧૫૦થી વધુ સ્થાનિક અને યાયાવર પક્ષીઓ જોવા મળે છે, જેમાં મોર, ખેરખટ્ટો, બ્રાહ્મણીમેના, બુલબુલ, દરજીડો, કુત્કી, સસેતર, લાવરી, સુગરી, ચકકરખોરા સહિત અનેક જાતના પક્ષીઓનો સમાવેશ થાય છે. શિયાળામાં ખાસ કરીને કુંજ, પેણ અને વિવિધ જાતની બતખ જોવા મળે છે.

વનસ્પતિની વાત કરીએ તો ૪૦૦ જેટલી જાતની વનસ્પતિ અને ઔષધિઓનો અભ્યારણ્યમાં ખજાનો જોવા મળે છે. ભૂરી શંખાવલિ, ગુગળ, ખરખોડી, કેરડા, લોદરી, ખાખરો, સલાય જેવી ઔષધિઓ ઉપરાંત તાડ, રોહિડો, કડાયો, દેશી બાવળ, ગોરડ, સીસમ જેવા વૃક્ષો પણ અહીં મળી રહે છે.

અભ્યારણ્યમાં બાળકો અને યુવાનો માટે પણ પ્રકૃતિ શિક્ષણનું આયોજન થાય છે. આ વર્ષે ૧૭ શિબિરોમાં કુલ ૮૬૦ વિદ્યાર્થીઓ અને શિક્ષકોને પ્રકૃતિ શિક્ષણ માટે તાલીમ આપવામાં આવી. લોકજાગૃતિ માટે સ્થાનિક ખેડૂતો માટે પણ વિશેષ શિબિરો યોજવામાં આવે છે.વન્યપ્રાણી અને પંખીઓના રક્ષણ અને સંવર્ધન માટે આ અભ્યારણ્ય જાહેર જનતાને અવર-જવર માટે પ્રતિબંધિત છે, જેથી પ્રાણી અને પક્ષીઓના કુદરતી રહેઠાણને કોઈ ખલેલ ન પહોંચે. ચોમાસામાં લીલોતરી અને શિયાળામાં સોનેરી ઘાસ સાથે અભ્યારણ્યનું દૃશ્ય મનોહર બની રહે છે.

# બોર્ડની પરીક્ષાના સુચારૂ સંચાલન માટે રાજ્યભરના ડીઈઓને ગાંધીનગર બોલાવાયા

## ગુરૂવારે શિક્ષણમંત્રી વીડિયો કોન્ફરન્સ યોજી તમામ જિલ્લાના વહીવટી તંત્ર સાથે સીધી વાતચીત કરી તૈયારીઓની સમીક્ષા કર

**અબતક, રાજકોટ**

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ફેબ્રુઆરી-માર્ચ ૨૦૨૬માં યોજાનારી ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષા માટેનો ‘એક્શન પ્લાન’ તૈયાર કરી લેવામાં આવ્યો છે.આગામી ૨૬ ફેબ્રુઆરીથી શરૂ થતા આ પરીક્ષા પર્વમાં કોઈ પણ કચાસ ન રહી જાય તે માટે શિક્ષણ વિભાગે હવે બેઠકોનો દોર શરૂ કર્યો છે.પરીક્ષાના સુચારુ સંચાલન માટે આજરોજ રાજકોટ સહિત રાજ્યભરના તમામ જિલ્લા શિક્ષણાધિકારીઓ ગાંધીનગર ગયા છે. બેઠકમાં પરીક્ષા કેન્દ્રની સુરક્ષા, પેપર વિતરણ અને સીસીટીવી મોનિટરિંગ જેવી બાબતો પર અંતિમ મહોર મારવામાં આવી છે. ત્યારબાદ, ૧૨મી તારીખે ખુદ શિક્ષણમંત્રી વીડિયો કોન્ફરન્સ દ્વારા તમામ જિલ્લાના વહીવટી તંત્ર સાથે સીધી વાતચીત કરી તૈયારીઓની સમીક્ષા કરશે.જિલ્લાના અંતરિયાળ વિસ્તારો જેવા કે જસદણ, વીંછિયા અને ગોંડલના કેન્દ્રો પર ખાસ તકેદારી રાખવામાં આવશે. રાજકોટ ઝોનમાં હજારો વિદ્યાર્થીઓ પરીક્ષા આપવાના છે, જેના માટે સરકારી અને ગ્રાન્ટેડ શાળાઓને પરીક્ષા કેન્દ્રો તરીકે સક્ષ્ક્ષ કરવામાં આવી છે. વિદ્યાર્થીઓએ પરીક્ષાના પ્રથમ દિવસે ૩૦ મિનિટ વહેલા પહોંચવાનું રહેશે. મોબાઈલ કે અન્ય ઈલેક્ટ્રોનિક ઉપકરણો પરીક્ષા ખંડમાં લઈ જવા પર સંપૂર્ણ પ્રતિબંધ છે. જો કોઈ વિદ્યાર્થી ભૂલથી સાહિત્ય લાવ્યો હોય તો તે પરીક્ષા શરૂ થયા પહેલાં પશ્ચાત્તાપ પેટીમાં નાખી શકશે, જેથી તેની સામે કોઈ કાર્યવાહી ન થાય.

### રાજકોટમાં ધો.૧૦-૧૨માં ૭૮,૩૯૦ વિદ્યાર્થી, ૩૦૮ બિલ્ડિંગમાં પરીક્ષા લેવાશે

રાજકોટ જિલ્લામાં ધોરણ-૧૦માં આશરે ૪૭,૫૦૦ જેટલા વિદ્યાર્થી પરીક્ષા આપવાના છે જ્યારે ધોરણ-૧૨ કોમર્સમાં ૨૩,૨૦૦ અને ધોરણ-૧૨ સાયન્સમાં ૭૬૯૦ વિદ્યાર્થી પરીક્ષા આપવાનો અંદાજ છે. કુલ ૩૦૮ બિલ્ડિંગ અને ૨,૭૫૩ બ્લોકમાં વિદ્યાર્થીઓની બેઠક વ્યવસ્થા ગોઠવવામાં આવશે. ધોરણ-૧૦માં કુલ પાંચ ઝોન નક્કી કરાયા છે, જેમાં ત્રણ ઝોન રાજકોટ શહેરમાં, એક ઝોન ધોરાજીમાં અને એક ઝોન જસદણમાં નિયત કરવામાં આવ્યો છે. ધોરણ ૧૨માં પરીક્ષા માટે પણ કુલ પાંચ ઝોન નક્કી કરાયા છે. આમાં પણ શહેરમાં ત્રણ, ધોરાજીમાં એક અને જસદણમાં એક ઝોનનો સમાવેશ થાય છે.

# જિન શાસનનું ગૌરવ: નમ્રમુનિ મ.સા.નો ૩૬માં સંયમ વર્ષમાં મંગલ પ્રવેશ



## ૩૫ વર્ષનો ત્યાગ, ૫૫ દીક્ષાના દાન અને લાખો યુવાનોના પ્રેરણાસ્રોત એવા 'રાષ્ટ્ર સંત'ની અવિરત આધ્યાત્મિક યાત્રા

**અબતક,રાજકોટ**

જૈન શાસનના પ્રભાવક અને યુવા હૃદય સમ્રાટ પૂજ્ય ગુરુદેવ નમ્રમુનિ મહારાજ સાહેબે આજે તારીખ ૧૦/૦૨/૨૦૨૬ના રોજ પોતાના સંયમ પર્યાયના ૩૫ વર્ષ પૂર્ણ કરી ૩૬માં વર્ષમાં મંગલ પ્રવેશ કર્યો છે. ૫૫ વર્ષની વયે પહોંચેલા ગુરુદેવે અત્યાર સુધીમાં ૫૫થી વધુ હળુકર્મી આત્માઓને સંયમ માર્ગે વાળી 'દીક્ષા દાનેશ્વરી'નું બિરુદ સાર્થક કર્યું છે.૧૯૯૧માં રાજકોટની ધરતી પરથી શરૂ થયેલી આ સંયમ યાત્રા આજે વિશ્વભરમાં જિન શાસનનો ડંકો વગાડી રહી છે. પૂજ્ય ગુરુદેવની પ્રેરણાથી દેશ-વિદેશમાં અનેક ધાર્મિક સંકુલોનું નિર્માણ થયું છે, જેમાં પારસધામ, પાવનધામ અને પરમધામ જેવા સાધના કેન્દ્રો લાખો શ્રદ્ધાળુઓ માટે આસ્થાના પ્રતીક બન્યા છે.

ગુરુદેવે પોતાની આગવી શૈલીથી 'સાઈલેન્ટ બટ સ્પીકિંગ રિવોલ્યુશન' (શાંત પણ બોલકી ક્રાંતિ) સર્જી છે. માત્ર સ્થાનકવાસી જ નહીં પરંતુ મૂર્તિપૂજક, અતિ ધનાઢ્ય તથા ડોક્ટર, સી.એ., વકીલ અને એન્જિનિયર જેવા ઉચ્ચ શિક્ષિત પરિવારમાંથી આવતા સંતાનો પણ તેમની પાસે સંયમ ધર્મનો સ્વીકાર કરી રહ્યા છે.તેમની પ્રેરણાથી 'લુક એન લર્ન' જૈન જ્ઞાન ધામ અને 'અહમ્ યુવા સેવા ગ્રુપ' દ્વારા બાળકો અને યુવાનોમાં સંસ્કાર અને સેવાનું સિંચન થઈ રહ્યું છે. પૂ. ગુરુદેવની સંયમ જયંતિના પાવન અવસરે સમગ્ર જૈન સંઘ દ્વારા તેમને વંદન સહ અભિનંદન પાઠવવામાં આવી રહ્યા છે.

**સંકલન: મનોજ ડેલીવાળા**

### પૂજ્ય ગુરુદેવ નમ્રમુનિ મ.સા.ની ચાતુર્માસ યાદી

| વર્ષ | સ્થળ | વર્ષ | સ્થળ |
|---|---|---|---|
| ૧૯૯૧ | ભક્તિ નગર, રાજકોટ | ૨૦૦૯ | કોલકાતા |
| ૧૯૯૨ | જામનગર | ૨૦૧૦ | પાવનધામ, કાંદિવલી, મુંબઈ |
| ૧૯૯૩ | નવરંગપુરા,અમદાવાદ | ૨૦૧૧ | ચીંચણ |
| ૧૯૯૪ | મહાવીર નગર, રાજકોટ | ૨૦૧૨ | ચેન્નાઈ |
| ૧૯૯૫ | જૈન ચાલ, રાજકોટ | ૨૦૧૩ | પારસધામ, ઘાટકોપર, મુંબઈ |
| ૧૯૯૬ | મનહર પ્લોટ, રાજકોટ | ૨૦૧૪ | દેવલાલી |
| ૧૯૯૭ | રોયલ પાર્ક, રાજકોટ | | |

સહિતના સ્થળે ચાતુર્માસ પધરામણી કરી

### પારસમણી સમાન નમ્રમુનિના અનમોલ મોતી

જેટલા Connection વધારે, તેટલા Reaction વધારે.
જેટલા વળગશો, તેટલા કર્મથી સળગશો.
શાંતિથી મોટું એક પણ સુખ નથી.
જેટલો ભરોસો, એટલા જ રોશો.
લાગણીની Bottle પર Expiry Date લખેલી હોય છે.
જે બહારની આંખો બંધ કરે છે, એ જ અંતરની આંખો ખોલી શકે છે.
આપ્યું તે આપણું, રાખ્યું તે રાખ.
માનવ ભવ મળ્યો છે તો યોગી બનો, અને યોગી ન બની શકો તો ઉપયોગી બનો.
પર થી પર થઈ, સ્વમાં વસ.
આ જગમાં મારા આત્મા સિવાય મારૂ કોઈ અને કશું જ નથી.
જેમાં ફેરફાર નહી, તેની ફરિયાદ નહીં.
વ્યક્તિ કાયમ હોય છે, વ્યક્તિનું પાપ કાયમ હોતું નથી.
સ્વાર્થી નહીં, પણ સ્વ અર્થી બનો.
ઘરને ઉપાશ્રય બનાવવો, ઉપાશ્રયને ઘર ના બનાવવો.
લાગણી એક પ્રકારની નાગણી છે.

# ખોડીયાર રાસ મંડળ દ્વારા શિવરાત્રીના મેળામાં મહાપ્રસાદની સેવા



## મેળામાં ભાવિક ભક્તોને ૨૪ કલાક સેવાનો લાભ લેવા અનુરોધ

**અબતક, રાજકોટ**

ભજન, ભોજન અને ભક્તિના ત્રિવેણી સંગમ સમાન મહાશિવરાત્રી મેળાનો જૂનાગઢના પવિત્ર જગ્યા ભવનાથ તળેટી ખાતે ભવ્ય પ્રારંભ થવા જઈ રહ્યો છે. આ ધાર્મિક મેળા દરમિયાન ખોડીયાર રાસ મંડળ દ્વારા અન્નક્ષેત્રનું આયોજન કરવામાં આવ્યું છે તેમ ખોડીયાર રાસ મંડળના ટ્રસ્ટી પ્રમુખ જાદવભાઈ કાકડીયાએ માહિતી આપતા જણાવ્યું હતું કે, અમારી સંસ્થા છેલ્લા ઘણા વર્ષોથી શિવરાત્રી મેળામાં આવતા ભાવિક ભક્તોને પ્રસાદ તથા મહાપ્રસાદની સેવા ભાવપૂર્વક અર્પણ કરતી આવી છે. આ વર્ષે પણ ખોડીયાર રાસ મંડળ દ્વારા આગામી તા. ૧૧ ફેબ્રુઆરીથી ૧૫ ફેબ્રુઆરી દરમિયાન પાંચ દિવસ સુધી શ્રદ્ધાળુઓ માટે નાસ્તો, ભોજન તથા પ્રસાદની વ્યવસ્થા કરવામાં આવી છે.

જૂનાગઢ ખાતે શિવરાત્રી મેળામાં પધારતા લાખો શ્રદ્ધાળુઓ માટે ખોડીયાર રાસ મંડળ દ્વારા સવાર, બપોર, સાંજ તથા રાતના સમયે ગરમાગરમ નાસ્તો, ભોજન અને પ્રસાદ આપવામાં આવશે. આ ઉપરાંત, શ્રદ્ધાળુઓની સુવિધા માટે ચોવીસ કલાક ચા-પાણીની વ્યવસ્થા ઉપલબ્ધ રહેશે.

શ્રદ્ધાળુઓની સુખાકારી માટે પાંચ દિવસ સુધી શ્રદ્ધાળુઓની સેવા માટે રાત-દિવસ ખડેપગે રહેનાર ખોડીયાર રાસ મંડળના પ્રમુખ જાદવભાઈ કાકડીયા તથા સર્વે ટ્રસ્ટીઓનું શ્રદ્ધાળુઓને ભવનાથ તળેટી, જૂનાગઢ ખાતે પધારીને પ્રસાદ-મહાપ્રસાદનો લાભ લેવા તમામ ભાવિક ભક્તોને ભાવભર્યું આમંત્રણ પાઠવ્યું છે.

# વિજ્ઞાન જાથા દ્વારા પરીમલ સ્કુલ ખાતે રાજયવ્યાપી કાર્યક્રમો યોજાશે

## ૨૮મી ફેબ્રુઆરીના રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસે ચેરમેન જયંત પંડયા-વિજ્ઞાન લક્ષી જાગૃતી લાવવા આહવાન કરશે

**અબતક, રાજકોટ**

ભારત સરકાર દ્વારા ૨૮ મી ફેબ્રુઆરીએ દેશભરમાં રાષ્ટ્રીય વિજ્ઞાન દિનની ઉજવણી કરવામાં આવે છે. કેન્દ્ર સરકાર અને રાજયના વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ દ્વારા અનેકવિધ વિજ્ઞાનલક્ષી કાર્યક્રમો દ્વારા રાષ્ટ્રના ઘડતરમાં વિજ્ઞાન અને વૈજ્ઞાનિકોનું પ્રદાન સાથે વિજ્ઞાન પ્રચાર-પ્રસાર સાથે અંધશ્રદ્ધા નિવારણાર્થે કાર્યક્રમોનું આયોજન થાય છે.

ભારત જન વિજ્ઞાન જાથાની રાજ્ય કચેરીએ શનિવાર તા. ૨૮ મી ફેબ્રુઆરીએ રાજયમાં વિજ્ઞાન રેલી, વકતૃત્વ, નિબંધ, ચિત્ર સહિત લોકચળવળ માટેના કાર્યક્રમો યોજવાના છે. રાજકોટમાં કાલાવડ રોડ ઉપર મામલતદાર કચેરીની પાછળ, ન્યુ પરિમલ સ્કૂલના સહયોગથી વિજ્ઞાન રેલીનું ભવ્ય આયોજન સાથે શહેરમાં વિવિધ સ્પર્ધાઓ દ્વારા આયોજનો નક્કી કરવામાં આવ્યા છે. રાજ્યકક્ષાનો કાર્યક્રમ રાજકોટ ખાતે યોજાનાર છે.

રાજકોટમાં રાજમાર્ગો ઉપર વિજ્ઞાન રેલી આકર્ષણનું કેન્દ્ર બને તેની તૈયારીમાં ન્યુ પરિમલ સ્કૂલના સંચાલક ચંદ્રકાંતભાઈ મંડીર, બ્રિજેશભાઈ મંડીર, ટ્રસ્ટીઓ, આચાર્યા અલ્પાબેન મંડીર તેમનો સ્ટાફ, જાથાના અંકલેશ ગોહિલ, દિનેશ હુંબલ, નાથાભાઈ પીપળીયા, નિર્મળ મેત્રા, ગુલાબસિંહ ચૌહાણ, હર્ષાબેન પંડયા એડવોકેટ, ભાનુબેન ગોહિલ, ભક્તિબેન રાજગોર, પ્રફુલ્લાબેન ચૌહાણ સહિત સ્થાનિક કાર્યકરો જહેમત ઉઠાવી રહ્યા છે.


રાજયમાં પોતાના ગામમાં વિજ્ઞાન દિનની ઉજવણી યોજવા ઈચ્છુકોએ મો. ૯૮૨૫૨ ૧૬૬૮૯ ઉપર સંપર્ક સાધવા કાર્યાલય મંત્રીની યાદીમાં જણાવાયું છે.

# ભાજપની નવી ટીમ એટલે અનુભવના ઓજસ અને ઉમંગનો સંગમ: રાજુ ધ્રુવ

## રાજકોટ ભાજપની નવી ટીમને આવકારી નવી ટીમને વિજયનો વિશ્વાસ ગણાવતા ધ્રુવ

**અબતક, રાજકોટ**

ગુજરાત પ્રદેશ ભારતીય જનતા પક્ષના ઉર્જાવાન પ્રદેશ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્માના કુશળ માર્ગદર્શન તથા શહેર ભાજપ અધ્યક્ષ માધવભાઈ દવેની રાહબરીમાં જાહેર થયેલ ભારતીય જનતા પાર્ટી રાજકોટ મહાનગરના સંગઠનમાં સ્થાન પામેલા તમામ નવનિયુક્ત હોદ્દેદારોને હૃદયપૂર્વક આવકાર આપી રાજુભાઈ ધ્રુવે મંગલમય શુભકામનાઓ સાથે અભિનંદન પાઠવ્યા છે.



તેમણે જણાવ્યું છે કે, રાજકોટ મહાનગર ભાજપમાં આકાર પામેલું આ નવું સંગઠન એ માત્ર કાગળ પર લખાયેલી હોદ્દેદારોની યાદી નથી, પરંતુ સંગઠનશકિત, બહોળો અનુભવ અને અખૂટ ઉર્જાના ત્રિવેણી સંગમ સમાન સંકલ્પબદ્ધ અને નિષ્ઠાવાન કાર્યકર્તાઓનો સમૂહ છે, એક 'ચુનંદા ટીમ' છે.

વધુમાં રાજુભાઈ ધ્રુવે જણાવ્યું કે, યશસ્વી પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના દુરંદેશી નેતૃત્વ હેઠળ ભારતીય જનતા પાર્ટી લોકસેવા અને અવિરત વિકાસના માધ્યમથી રાષ્ટ્રનિર્માણની યાત્રામાં સતત નવી ઊંચાઈઓ અને શિખરો સર કરી રહી છે.

રાજકોટ શહેર સંગઠન સમગ્ર સૌરાષ્ટ્ર-ગુજરાત માં ભૂતકાળ જનસંઘ ના સમય થી સંગઠન નું શ્રેષ્ઠ મોડેલ અને ગૌરવવંતો ઈતિહાસ ધરાવે છે. સંગઠન કૌશલ્ય ની આગવી ઓળખ ધરાવતા સૌરાષ્ટ્રના પાટનગર સમા રાજકોટ ને ભારતીય જનતા પક્ષ નો ગઢ બનાવવા નું ભીષ્મ કાર્ય સ્મરણીય આદરણીય મોભીઓ મુરબ્બીઓ શ્રી કેશુભાઈ પટેલ, ચીમનભાઈ શુક્લ, અરવિંદભાઈ મણિયાર, વિજયભાઈ રૂપાણી તથા વજુભાઈ વાળા તથા અન્ય નામી અનામી વરિષ્ઠ અગ્રણીઓ દ્વારા યશસ્વી રીતે કરવામાં આવ્યું છે જે આજે પણ એટલુંજ પ્રસ્તુત, પ્રેરણાદાયી અને અનુસરણીય છે.તેમણે જે દિશાદર્શન કર્યું છે જે રસ્તો ચીંધ્યો છે તે પ્રેરક માર્ગે નવનિયુક્ત સંગઠન ચાલે તેવી અપેક્ષા રાખીએ.

રાજુભાઈ ધ્રુવે તમામ નવનિયુક્ત હોદ્દેદારોને અંતરના ઉમળકાથી આવકાર આપી, અભિનંદન સાથે શુભેચ્છાઓ પાઠવતાં જણાવ્યું હતું કે, તેઓ પક્ષની વિચારધારા, લોકસેવાની ઉજ્જવળ પરંપરા, સંયમ અને નિષ્ઠાને જીવંત રાખીને રાજકોટ શહેરના સર્વાંગી વિકાસમાં પોતાનું નોંધપાત્ર અને શ્રેષ્ઠ યોગદાન આપશે.

# ન હોય... ભારતીય પ્રવાસીઓએ યુરોપની રેલવેને બુલેટની જેમ દોડતી કરી દીધી

## સ્વિસ ટ્રાવેલ પાસ ખરીદવામાં ભારતીયો દુનિયામાં બીજા નંબરે અને 'યુરેલ' પાસમાં ચોથા નંબરે

ભારતીય પ્રવાસીઓ હવે વિદેશ જઈને માત્ર ફ્લાઈટમાં જ નથી ફરતા, પણ ઉતરાણ કર્યા પછી ટ્રેન મુસાફરીને વધુ પસંદ કરી રહ્યા છે. વર્ષ ૨૦૨૫ના આંકડા મુજબ, યુરોપ અને એશિયામાં ભારતીયો ટ્રેન દ્વારા મુસાફરી કરવામાં દુનિયામાં મોખરે રહ્યા છે. સ્વિસ ટ્રાવેલ પાસ ખરીદવામાં ભારતીયો દુનિયામાં બીજા નંબરે અને 'યુરેલ' પાસમાં ચોથા નંબરે છે. પહેલા ફકત એકલા ફરવા નીકળેલા યુવાનો જ ટ્રેન પસંદ કરતા, પણ હવે ૨૦૨૩ થી ૨૦૨૫ વચ્ચે બાળકોના પાસના વેચાણમાં ૮% નો વધારો થયો છે. એટલે કે હવે ભારતીય પરિવારો બાળકો સાથે ટ્રેનમાં ફરવાનું પસંદ કરે છે.

યુરો અને સ્વિસ ફ્રેન્કના ભાવ ૧૦૦-૧૧૦ રૂપિયાને પાર કરી ગયા હોવાથી ભારતીયો 'રેલ પાસ' લેવાનું પસંદ કરે છે જેથી મુસાફરીનો ખર્ચ પહેલેથી નક્કી રહે અને ખિસ્સા પર વધુ ભાર ન પડે. જાપાન જનારા ભારતીયોની સંખ્યામાં ૩૫% નો વધારો થયો છે. લોકો હવે માત્ર ટોક્યો કે ઓસાકા જ નહીં, પણ ટ્રેન પાસની મદદથી જાપાનના અંતરિયાળ વિસ્તારો પણ જોવા જાય છે. ભારતીય પ્રવાસી હવે વધુ સ્માર્ટ અને આયોજનબદ્ધ બન્યો છે. તે માત્ર મોંઘી ફ્લાઈટ્સ કે ટેક્સીઓ પર આધાર રાખવાને બદલે વિદેશી રેલવે નેટવર્કનો ઉપયોગ કરીને ખર્ચ બચાવી રહ્યો છે અને મુસાફરીનો વધુ આનંદ માણી રહ્યો છે. ભારતીયોની વિદેશ ફરવાની રીત બદલાઈ રહી છે. તે હવે 'પેકેજ ટૂર' છોડીને પોતાની રીતે ટ્રેનમાં રખડપટ્ટી કરવા માંગે છે. રૂપિયો નબળો પડવા છતાં ભારતીયો વિદેશ પ્રવાસ ઘટાડતા નથી, પણ સ્માર્ટ રીતે 'રેલ પાસ' વાપરીને ખર્ચ મેનેજ કરે છે. જે લોકો હવે પછી યુરોપ કે જાપાન જવાનું વિચારી રહ્યા છે, તેમના માટે આ સમાચાર કામના છે કે ટ્રેન પાસ લેવો વધુ ફાયદાકારક છે.

# બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની ચૂંટણીમાં જીતેન્દ્ર પારેખે ઉમેદવારી નોંધાવી

## સૌરાષ્ટ્રના પ્રવાસ દરમિયાન સમરસ પેનલના ઉમેદવારને વકીલોનો બહોલો પ્રતિસાદ

**અબતક, રાજકોટ**

વકીલોની માતૃ સંસ્થા બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની ચૂંટણી આગામી તા. ૬ માર્ચના રોજ યોજનાર છે જેમાં લીગલ સેલ પ્રેરિત સમરસ પેનલના ઉમેદવાર અને રાજકોટના જાણીતા ધારાશાસ્ત્રી જીતેન્દ્રભાઈ પારેખે ઉમેદવારી નોંધાવી પોતાના પ્રચાર કાર્યને ધમધમાટ શરૂ કર્યો છે. રાજકોટમાં લોકપ્રિય યુવા એડવોકેટ જીતેન્દ્ર પારેખ જામનગર, જુનાગઢ, મોરબી અને અમદાવાદ સહિતના જિલ્લા અને તાલુકા વિસ્તારોમાં પ્રચાર કરી રહ્યા છેઆ અગાઉ તેઓ રાજકોટ બાર એસોસિએશનના હોદાઓ ઉપર ચૂંટાઈ આવ્યા છે. તેમાં પ્રથમ વખત બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની ચૂંટણી લડી રહ્યા હોય અભૂતપૂર્વ ઉત્સાહ વચ્ચે ચૂંટણીમાં ઉમેદવારી નોંધાવી છે સૌરાષ્ટ્ર ના અને ગુજરાત પ્રવાસ દરમિયાન જીતેન્દ્ર પારેખને વકીલો બહોળી સંખ્યામાં સાથ અને સહકાર મળી રહ્યો છે.



# વિદેશમાં ભણવા જતા પહેલા સો વાર વિચારજો: રંગભેદને લઈ પરેશાનીઓ અપરંપાર

## વિશ્વભરમાં ભારતીય વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવતી કુલ ફરિયાદોમાંથી ૫૦% થી વધુ ફરિયાદો માત્ર રશિયામાંથી મળી છે

વિદેશમાં જઈને ઉચ્ચ શિક્ષણ મેળવવાનું સ્વપન જોતા ભારતીય વિદ્યાર્થીઓ માટે ચિંતાજનક સમાચાર સામે આવ્યા છે. ખાસ કરીને મેડિકલના અભ્યાસ માટે વર્ષોથી પસંદગીનું કેન્દ્ર ગણાતું રશિયા હવે ભારતીય વિદ્યાર્થીઓ માટે સુરક્ષિત રહ્યું નથી. સસ્તું શિક્ષણ અને સરળ એડમિશનની ચમક પાછળ હવે હિંસા અને માનસિક ત્રાસનો અંધકાર દેખાઈ રહ્યો છે. વિશ્વભરમાં ભારતીય વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવતી કુલ ફરિયાદોમાંથી ૫૦% થી વધુ ફરિયાદો માત્ર રશિયામાંથી મળી છે. જેમાં મુખ્યત્વે રંગભેદ, માનસિક હેરાનગતિ અને શોષણનો સમાવેશ થાય છે. ૧૯૬ દેશોમાં ભારતીય વિદ્યાર્થીઓએ કુલ ૩૫૦ જેટલી ફરિયાદો કરી હતી, જેમાંથી ૨૦૧ ફરિયાદો માત્ર રશિયાથી છે.રશિયામાં ભારતીય વિદ્યાર્થીઓ સાથે અન્ય દેશોના વિદ્યાર્થીઓ દ્વારા છરી જેવા હથિયારોથી હુમલા અને રંગભેદના કિસ્સાઓ વધ્યા છે. ઘણી યુનિવર્સિટીઓ નાની બાબતોમાં હાંકી કાઢવાની ધમકી આપી વિદ્યાર્થીઓનું માનસિક શોષણ કરે છે. નિયમ મુજબ ૨૦૦ વિદ્યાર્થીઓની ક્ષમતા હોવા છતાં ૧,૨૦૦ થી વધુ વિદ્યાર્થીઓને એડમિશન આપી દેવાય છે અને બાદમાં ખોટા કારણોસર તેમને કાઢી મુકવામાં આવે છે.

વિઝા રદ થવાના અથવા ડિગ્રી પૂરી ન થવાના ડરથી ઘણા વિદ્યાર્થીઓ સત્તાવાર ફરિયાદ કરતા પણ ડરે છે. સસ્તું શિક્ષણ મેળવવાની લ્હાયમાં ભારતીય વિદ્યાર્થીઓ શારીરિક અને માનસિક અત્યાચારનો ભોગ બની રહ્યા છે. ગુજરાત અને રાજસ્થાન જેવા રાજ્યોમાંથી મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ રશિયા જાય છે. રશિયા-યુક્રેન યુદ્ધ અને વધતા જતા હુમલાઓને કારણે હવે વિદ્યાર્થીઓએ કઝાકિસ્તાન કે કિર્ગિસ્તાન જેવા સુરક્ષિત વિકલ્પો વિશે વિચારવાની જરૂર છે.

# એનસીપીના વડા શરદ પવારની તબિયત લથડતા હોસ્પિટલમાં દાખલ કરાયા : હાલ સ્થિતિ સ્થિર

## કોઈ ગંભીર બીમારી નથી, પરંતુ માત્ર અતિશય થાક અને કફને કારણે આરામ અને સારવારની જરૂર પડી

રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીના વડા શરદ પવારને છાતીમાં ભાર અને કફની ફરિયાદ બાદ પુણેની રૂબી હોલ ક્લિનિકમાં દાખલ કરવામાં આવ્યા છે. ૮૫ વર્ષીય પવાર સાહેબની તબિયત અત્યારે સ્થિર છે. ડોક્ટરોના જણાવ્યા મુજબ છેલ્લા કેટલાક દિવસોથી સતત પ્રવાસ અને વ્યસ્તતાને કારણે તેમને થાક લાગ્યો હતો. તેમને ૫ દિવસનો એન્ટીબાયોટીક્સનો કોર્સ આપવામાં આવશે. હાલ ચિંતાનું કોઈ કારણ નથી. પવાર સાહેબને કોઈ ગંભીર બીમારી નથી, પરંતુ માત્ર અતિશય થાક અને કફને કારણે આરામ અને સારવારની જરૂર પડી છે.તેમના તમામ રિપોર્ટ્સ ઓક્સિજન અને હાર્ટ રેટ નોર્મલ છે, જે રાહતના સમાચાર છે. શરદ પવાર ભારતીય રાજનીતિના કદાવર નેતા છે. તેમના સ્વાસ્થ્ય વિશે જાણવાની ઉત્સુકતા લાખો સમર્થકો અને સામાન્ય જનતાને હોય છે. જ્યારે કોઈ મોટા નેતા હોસ્પિટલ જાય ત્યારે અનેક અફવાઓ ઉડતી હોય છે. સાચી માહિતી આપીને લોકોની ચિંતા દૂર કરવી જરૂરી છે. સુપ્રિયા સુલેએ પોતે ટ્વીટ કરીને માહિતી આપી છે, જેથી કાર્યકરો અને શુભેચ્છકોને સાચી સ્થિતિનો ખ્યાલ આવે.

### ફક્ત ટ્રેડ ડિલ થવાથી રાજા નથી બની જવાતું !

# વિશ્વની નંબર વન ઈકોનોમી બનવા ક્યાં ૬ પગલાં આકાશ તરફ માંડવા પડશે ?

## ભારતમાં ઉદ્યોગ સાહસિકો માટે પરિસ્થિતિ અત્યંત જટિલ, એક નાની કંપનીએ આજે પણ ૧,૫૩૬ કાયદાઓ, ૬,૬૧૮ ફાઈલિંગ્સ અને અંદાજે ૬૯,૨૩૩ અનુપાલન કરવા પડે છે

**અબતક, નવી દિલ્હી**

૧) કોમ્પ્લાયન્સનો બોજ ઘટાડવો : ભારતમાં વેપાર માટે ૬૯,૨૩૩ નિયમો અને ૧,૫૩૬ કાયદા છે. તેમાંથી જેલની સજા ધરાવતા બિનજરૂરી નિયમો દૂર કરી 'ટ્રસ્ટ-બેઝ્ડ' શાસન લાવવું જરૂરી છે.

૨) મેન્યુફેક્ચરિંગ ક્રાંતિ : એપલની જેમ અન્ય ગ્લોબલ બ્રાન્ડ્સને આકર્ષીને ભારતને ગ્લોબલ મેન્યુફેક્ચરિંગ હબ બનાવવું, જેથી લાખો નવી નોકરીઓ (ખાસ કરીને મહિલાઓ માટે) ઉભી થાય.

૩) ટૂરિઝમમાં સરળીકરણ : હોટલ ઉદ્યોગ માટે જરૂરી ૯૮ મંજૂરીઓને ઘટાડીને થાઈલેન્ડ કે વિયેતનામની જેમ ૧૦-૨૦ સુધી લાવવી, જેથી પ્રવાસન ક્ષેત્રે ભારત વિશ્વમાં આગળ વધે.

૪) કૃષિ અને કોલ્ડ ચેઈન : ખેડૂતોનો વાર્ષિક રૂ.૧.૫ લાખ કરોડનો બગાડ અટકાવવા ઈ-કોમર્સ કંપનીઓને કોલ્ડ સ્ટોરેજ અને લોજિસ્ટિક્સમાં સંપૂર્ણ છૂટ આપવી અનિવાર્ય છે.

૫) જીએમઓ અને આધુનિક વિજ્ઞાન :જીન એડિટિંગ અને વિજ્ઞાન આધારિત ખેતીને મંજૂરી આપીને ફળો અને શાકભાજીની ગુણવત્તા તથા આયુષ્ય વધારી બીજી 'હરિયાળી ક્રાંતિ' લાવવી.

૬) નાણાકીય નીતિમાં સુધારો : આરબીઆઇ દ્વારા ઈએમઆઈ પર ફોન લેનારા યુવાનો માટે અવરોધરૂપ બનેલા નિયમો હટાવવા, જેથી ક્રેડિટ ફ્લો વધે અને સ્થાનિક વપરાશમાં વૃદ્ધિ થાય.

### ફાર્મા ક્ષેત્રમાં એક નાની યુનિટને વર્ષે ૧૩ થી ૧૭ લાખ રૂપિયા માત્ર કાયદાકીય અનુપાલન પાછળ ખર્ચવા પડે છે : હવે ફેરફારની તાતી જરૂરિયાત

વિશ્વના સૌથી વધુ નિયંત્રિત અર્થતંત્ર માટે '૧૯૯૧' જેવી બીજી પરિવર્તનકારી ક્ષણની જરૂર જણાઈ રહી છે. ટ્રમ્પ ટેરિફના સંકટ બાદ જાગેલી સરકાર હવે 'લો-હેંગિંગ ફ્રૂટ' દ્વારા અર્થતંત્રને ગતિ આપવા સજ્જ બની છે. તેવામાં હવે વિશ્વની નંબર વન ઈકોનોમી બનવા માટે ૬ સ્ટેપ જરૂરી બન્યા છે.

ભારત અને અમેરિકા વચ્ચે તાજેતરમાં થયેલી ઐતિહાસિક વેપાર સમજૂતી થી ભલે રાહતનો શ્વાસ લેવાયો હોય, પરંતુ પાછલા એક વર્ષમાં ટ્રમ્પ ટેરિફ દ્વારા મળેલા આર્થિક આંચકાએ ભારત સરકારને જાગૃત કરી દીધી છે. ભારત આજે વિશ્વની સૌથી વધુ નિયંત્રિત અને રક્ષણવાદી અર્થવ્યવસ્થા તરીકે ઉભરી આવ્યું છે, જે તેની સ્પર્ધાત્મકતાને નુકસાન પહોંચાડી રહ્યું છે. નિષ્ણાતોના મતે, વર્ષ ૨૦૨૬ એ ભારત માટે ૧૯૯૧ જેવી જ બીજી નિર્ણાયક આર્થિક ક્રાંતિની તક બની શકે છે.

ભારતમાં ઉદ્યોગ સાહસિકો માટે પરિસ્થિતિ અત્યંત જટિલ છે. એક નાની કંપનીએ આજે પણ ૧,૫૩૬ કાયદાઓ, ૬,૬૧૮ ફાઈલિંગ્સ અને અંદાજે ૬૯,૨૩૩ અનુપાલન કરવા પડે છે. ખાસ કરીને ફાર્મા ક્ષેત્રમાં એક નાની યુનિટને વર્ષે ૧૩ થી ૧૭ લાખ રૂપિયા માત્ર કાયદાકીય અનુપાલન પાછળ ખર્ચવા પડે છે.

નવાઈની વાત એ છે કે, આમાંથી ૪૯% નિયમો એવા છે જેમાં નાની ભૂલ બદલ જેલની સજાની જોગવાઈ છે.રાજીવ ગૌબા અને ટી.વી. સોમનાથનની આગેવાની હેઠળની સમિતિઓએ હવે 'ટ્રસ્ટ-બેઝ્ડ' અભિગમ અપનાવવાની અને બિનજરૂરી લાયસન્સ-પરમિટ અને 'ઈન્સ્પેક્ટર રાજ'ને ખતમ કરવાની ભલામણ કરી છે. બીજી તરફ નિષ્ણાંતોના મતે જો સરકાર વહીવટી તંત્રમાં ફેરફાર કરે, ન્યાયિક સુધારા લાવે અને ખોટ કરતી જાહેર ક્ષેત્રની કંપનીઓનું ખાનગીકરણ ફરી શરૂ કરે, તો ભારત ૨૦૨૬ માં ખરેખર નવો ઈતિહાસ રચી શકે છે."

આપો દ્રષ્ટિમાં તેજ અનોખું, સારી સૃષ્ટિમાં શિવરુપ દેખું,

# ભજનિક નિરંજન પંડ્યાએ કેમ્બ્રિજમાં સનાતન મંદિર માટે કરી ભક્તિની અનોખી સાધના

## ભજનિક નિરંજન પંડ્યા ની ૫૫ વર્ષની ભજન યાત્રા: વર્લ્ડ બુક ઓફ રેકોર્ડથી મળ્યું સન્માન સાથે વિદેશમાં ગુંજ્યો શિવનાદ

## અબતકની શુભેચ્છા મુલાકાતમાં નિરંજન પંડ્યા એ આપી વર્લ્ડ બુક ઓફ રેકોર્ડ અને શિવ ભક્તિ આરાધનાની માહિતી


તસવીર: શૈલેષ વાડોલિયા





**અબતક,રાજકોટ**

દેવોના દેવ મહાદેવ પ્રત્યેની અડગ શ્રદ્ધા, અવિરત સાધના અને સનાતન સંસ્કૃતિના વૈશ્વિક પ્રચારના સંકલ્પ સાથે ગુજરાતના પ્રસિદ્ધ ભજનિક નિરંજન પંડ્યા દ્વારા ઈંગ્લેન્ડના કેમ્બ્રિજ શહેરમાં સનાતન મંદિરના નિર્માણ માટે અનુદાન એકત્ર કરવાનો ભેખ ધર્યો હતો નિરંજન પંડ્યા એ ૨૫ દિવસની અવધિમાં ૨૦ દિવસ સતત શિવભજન, શિવસ્તુતિ અને ભક્તિ સંગીત દ્વારા મહાદેવની આરાધના કરવામાં આવી હતી.આ ભજન યાત્રા માત્ર અનુદાન સંકલન પૂરતી સીમિત રહી નહોતી, પરંતુ વિદેશની ધરતી પર ભારતીય સંસ્કૃતિ, શિવતત્વ અને સનાતન ધર્મના પ્રસારનું પ્રભાવશાળી માધ્યમ બની. વિશ્વવિખ્યાત કેમ્બ્રિજમાં ધર્મ અને જ્ઞાનના સંગમ સાથે યોજાયેલ આ કાર્યક્રમને ભારતીય સમુદાય ઉપરાંત સ્થાનિક નાગરિકો અને વિદેશી ભાવિકોએ પણ આત્મીય રીતે સ્વીકાર્યો હતો.

અબતકના મેનેજિંગ તંત્રી સતીશકુમાર મહેતા સાથેની વાતચીતમાં ભજનિક નિરંજન પંડ્યાએ પોતાના જીવનપ્રવાસ અંગે જણાવ્યું હતું કે, હું ૧૫ વર્ષની ઉંમરથી શિવભજન કરી રહ્યો છું અને આજે ૭૨ વર્ષની વયે પણ એ જ ભાવ સાથે મહાદેવની આરાધના કરું છું. આ રીતે મારી ભજન યાત્રા ૫૫ વર્ષથી સતત ચાલી રહી છે.

તેમણે વધુમાં જણાવ્યું કે ભજન માત્ર સંગીત નથી પરંતુ આત્માની સાધના છે. શિવભજન મનને શાંતિ આપે છે, જીવનમાં સંતુલન લાવે છે અને માનવને કરુણા તથા ત્યાગના માર્ગે દોરી જાય છે.

નિરંજન પંડ્યાના ભજનોમાં મહાદેવનું વૈરાગ્ય, કરુણા અને કલ્યાણકારી સ્વરૂપ સ્પષ્ટ રીતે ઝળહળી ઉઠે છે. યુવા પેઢી સહિત અનેક વિદેશી ભાવિકોએ પણ શિવતત્વને સમજવા અને સ્વીકારવા પ્રેરણા મેળવી હતી.

નિરંજન પંડ્યાએ જણાવ્યું હતું કે કેમ્બ્રિજમાં સનાતન મંદિર માત્ર પૂજાનું સ્થાન નહીં પરંતુ ભારતીય સંસ્કૃતિ, યોગ, ધ્યાન અને આધ્યાત્મિક શિક્ષણનું કેન્દ્ર બનશે. જ્યાં જ્ઞાન અને ધર્મનો સહયોગ થાય ત્યાં સુવર્ણ યુગ સર્જાય છે, એમ તેમણે જણાવ્યું.આ મંદિર દ્વારા વિદેશમાં વસતા ભારતીયો પોતાની સંસ્કૃતિ, ભાષા અને ધર્મ સાથે જોડાયેલા રહેશે તેમજ નવી પેઢીને ભારતીય

(અનુ. આઠમા પાને)

### ભજનિક નિરંજન પંડ્યાને વૈશ્વિક મંચ પર મળેલા સન્માનને ભારતીય સંસ્કૃતિ માટે ગૌરવપૂર્ણ ક્ષણ

#### વર્લ્ડ બુક ઓફ રેકોર્ડ દ્વારા સન્માન

નિરંજન પંડ્યાની ભક્તિ, સંગીત સેવા અને વૈશ્વિક સ્તરે સનાતન સંસ્કૃતિના પ્રચાર માટેના યોગદાનને માન્યતા આપતાં તેમને તાજેતરમાં વર્લ્ડ બુક ઓફ રેકોર્ડ દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા. લંડન સ્થિત સિદ્ધાશ્રમ ધામ ખાતે યોજાયેલા એક વિશેષ કાર્યક્રમ દરમિયાન આ એવોર્ડ તેમને અર્પણ કરવામાં આવ્યો હતો.આ પ્રસંગે વિશ્વના વિવિધ દેશોમાંથી ઉપસ્થિત સંતો, મહાનુભાવો અને સંગીતપ્રેમીઓએ નિરંજન પંડ્યાના કાર્યને બિરદાવ્યું હતું. ગુજરાતના એક ભજનિકને વૈશ્વિક મંચ પર મળેલ આ સન્માનને ભારતીય સંસ્કૃતિ માટે ગૌરવપૂર્ણ ક્ષણ તરીકે જોવામાં આવી રહ્યું છે.

# 'અઢી અક્ષરનો પ્રેમ' વ્યક્ત કરવા જોહર કાર્ડસ-ગેલેરીમાં ગિફ્ટનો ખજાનો

## બ્લુટૂથ સ્નોફોલ ડોમ કપલ શોપીસ,મલ્ટી લાઈટીંગ ગ્લાસ અને વુડન ડ્રમ શોપીસ કપલ સ્ટેચ્યુ ,મિરર ફોટો ફ્રેમ અને ફોટો ફ્રેમ સહિતની આઈટમો



**અબતક, રાજકોટ**

૧૪ ફેબ્રુઆરી વેલેન્ટાઈન-ડેને લઈ પ્રેમ અને લાગણીઓનો માહોલ સર્જાયો છે. શહેરના પ્રખ્યાત જોહર કાર્ડસ (ડો. યાજ્ઞિક રોડ) અને જોહર ગેલેરી (કાલાવડ રોડ - પ્રેમ મંદિર રોડ) ખાતે વેલેન્ટાઈન સ્પેશિયલ ગિફ્ટ આર્ટિકલ્સની મનમોહક શ્રેણી ઉપલબ્ધ બનતા ખરીદદારોની ભીડ જોવા મળી રહી છે.પ્રેમ વ્યક્ત કરવા માટેના આ ખાસ દિવસે યુવાનો સાથે સાથે વડીલો પણ કાર્ડ, ચોકલેટ, ટેડીબિયર, મ્યુઝિકલ ગિફ્ટ, કપલ શોપીસ અને પર્સનલાઈઝ ગિફ્ટ્સની ખરીદી કરી રહ્યા છે. પ્રેમ કોઈ એક દિવસ પૂરતો નથી, પરંતુ શુભભાવના અને ખુશીઓ વહેંચવી એ જ સાચો પ્રેમ છે - આ ભાવનાને લોકો સાકાર કરતા નજરે પડે છે.

જોહર કાર્ડસમાં મલ્ટી લાઈટિંગ ગ્લાસ આર્ટિકલ્સ, બ્લૂટૂથ મ્યુઝિકલ શોપીસ, કપલ મગ, કિંગ-ક્વીન થીમ, મિરર ફોટો ફ્રેમ, ગોલ્ડન રોઝ, રેડ રોઝ અને આકર્ષક ગિફ્ટ કોમ્બોઝ ખાસ આકર્ષણ બન્યા છે. સાથે સાથે નામ લખાવેલા વોલેટ, કીચેન, મગ, પિલો જેવી પર્સનલાઈઝ ગિફ્ટ્સ પણ લોકોની પ્રથમ પસંદ બની છે.જોહર ગેલેરીમાં લવ સ્ટોરી બૂક, જમ્બો અને મ્યુઝિકલ કાર્ડસ, ટેડી આકારના કાર્ડસ, આઈ લવ યુ અને સ્વીટહાર્ટ થીમ આધારિત કાર્ડસે યુવા હૃદયો જીતી લીધા છે.રાજકોટ શહેરમાં વેલેન્ટાઈન-ડેને લઈને સર્જાયેલો આ ઉત્સાહ પ્રેમ, આનંદ અને શુભભાવનાનો સુંદર સંદેશ આપી રહ્યો છે, જ્યાં દરેક વયના લોકો પ્રેમોત્સવને હૃદયપૂર્વક ઉજવી રહ્યા છે.



# તપસ્વી સ્કૂલમાં ઉત્સાહભેર સ્પોર્ટ્સ વીકની ઉજવણી

## પ્રી-પ્રાઈમરીથી ઉચ્ચ ધોરણ સુધીના વિદ્યાર્થીઓએ બતાવ્યો ઉત્સાહ, પેરેન્ટ્સ રેસ બની આકર્ષણનું કેન્દ્ર



**અબતક, રાજકોટ**

તપસ્વી સ્કૂલમાં તમામ ધોરણોના વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસને ધ્યાનમાં રાખીને ભવ્ય અને ઉત્સાહસભર સ્પોટસ વીક નું આયોજન કરવામાં આવ્યું હતું. રંગબેરંગી પરેડ, શિસ્તબદ્ધ ડ્રિલ્સ અને વિવિધ રમતો દ્વારા સમગ્ર સ્કૂલ કેમ્પસ રમતિયાળ ઊર્જાથી ઝળહળી ઉઠ્યો હતો.

આ રમતોત્સવમાં પ્રી-પ્રાઈમરીથી લઈને ઉચ્ચ ધોરણ સુધીના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. પ્રી-પ્રાઈમરીના નાનકડા વિદ્યાર્થીઓએ તેમની નિર્દોષ સ્મિત, આત્મવિશ્વાસ અને ઉમંગભર્યા પ્રદર્શનથી સૌના દિલ જીતી લીધા હતા, જ્યારે ઉચ્ચ ધોરણના વિદ્યાર્થીઓએ ટીમવર્ક, શિસ્ત અને રમતિયાળ ભાવનાનું ઉત્તમ પ્રદર્શન કર્યું હતું.

વિવિધ ટ્રેક ઈવેન્ટ્સ, ટીમ રમતો તથા મનોરંજક પ્રવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થીઓમાં સહકાર, સહનશીલતા અને સ્વસ્થ સ્પર્ધાની ભાવનાનું સિંચન થયું હતું. ખાસ કરીને આયોજિત પેરેન્ટ્સ રેસમાં વાલીઓએ પણ ઉત્સવ અને ઉમંગ સાથે ભાગ લઈ કાર્યક્રમને વધુ રસપ્રદ બનાવ્યો હતો.

આ સમગ્ર રમતોત્સવનો મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થીઓના શારીરિક સ્વાસ્થ્ય સાથે-સાથેમાનસિક વિકાસ, ટીમ સ્પિરિટ અને રમતિયાળ સંસ્કારો

(અનુ. આઠમા પાને)

# ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ માટે જીએસટી વિષયક બે દિવસીય પરિષદ યોજાઈ

## સૌરાષ્ટ્રભરના ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ અને કર નિષ્ણાતોને દેશના અગ્રણી માર્ગદર્શકો દ્વારા વર્તમાન જીએસટી વિષયક વિસ્તૃત માર્ગદર્શન

**અબતક ,રાજકોટ**

ભારતીય ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ સંસ્થાની પશ્ચિમ ભારત પ્રાદેશિક પરિષદની રાજકોટ શાખા દ્વારા બે દિવસીય જીએસટી માર્ગદર્શન પરિષદનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ પરિષદમાં જીએસટી સંબંધિત વર્તમાન કાયદાકીય અને વ્યવહારુ મુદ્દાઓ પર દેશભરના પ્રતિષ્ઠિત નિષ્ણાતોએ વિગતવાર અને માર્ગદર્શનાત્મક માહિતી આપી હતી.

પરિષદની વિશેષતા એ હતી કે ભારતીય ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ સંસ્થાના માનનીય પ્રમુખશ્રી પરિષદ દરમિયાન વર્ચ્યુઅલ માધ્યમથી જોડાયા હતા અને ઉપસ્થિત સભ્યોને પ્રોત્સાહન તથા માર્ગદર્શન આપ્યું હતું, જેના કારણે કાર્યક્રમની મહત્તા વધુ ઊંચી બની હતી.



પ્રથમ દિવસે મુંબઈના એડવોકેટ ભારત રાયચંદાણી દ્વારા તાજેતરના મહત્વપૂર્ણ જીએસટી ચુકાદાઓ અંગે વિશ્લેષણાત્મક

(અનુ. આઠમા પાને)

# રિટાયરમેન્ટ સુરક્ષા માટે રાષ્ટ્રીય પેન્શન યોજનાનો જાગૃતિ સેમિનાર

## એમ એસ એમ ઈ, સ્ટાર્ટઅપ અને કર્મચારીઓને નિવૃત્તિ આયોજન અંગે વ્યવહારુ માર્ગદર્શન મળ્યું



**અબતક, રાજકોટ**

ભવિષ્યની આર્થિક સુરક્ષા માટે રાષ્ટ્રીય પેન્શન યોજના અંગે જાગૃતિ ફેલાવવાના હેતુથી એક માહિતીપ્રદ કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં નાના અને મધ્યમ ઉદ્યોગો સાથે જોડાયેલા ઉદ્યોગપતિઓ, કર્મચારીઓ તથા નવી વ્યવસાયિક પ્રવૃત્તિઓ શરૂ કરનાર લોકો માટે નિવૃત્તિ અને પેન્શન આયોજન અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.

કાર્યક્રમ દરમિયાન એચડીએફસી બેંકના સહાયક વેચાણ વ્યવસ્થાપક ઉજ્જ્વલસિંહ ઝાલાએ જણાવ્યું હતું કે બેંક દ્વારા સરકારની યોજનાઓ લોકોને લાભ મળે તે હેતુથી અમલમાં મૂકવામાં આવે છે. નાના અને મધ્યમ ઉદ્યોગોના કર્મચારીઓ નિવૃત્તિ પછી આર્થિક રીતે સ્વાવલંબી બની રહે તે માટે રાષ્ટ્રીય પેન્શન યોજના હેઠળ ખાતાં ખોલી આપવામાં આવે છે. આ યોજના સરકાર દ્વારા નિયંત્રિત હોવાથી સંપૂર્ણ રીતે સુરક્ષિત છે અને જન્મજાત બાળકથી લઈને ૬૦ વર્ષની વય સુધીનો કોઈપણ વ્યક્તિ તેમાં જોડાઈ શકે છે.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પ્રોફેસર પાર્થ સેજપાલે જણાવ્યું હતું કે આજના સમયમાં પેન્શન યોજના અંગે જાગૃતિ અતિ આવશ્યક બની ગઈ છે. નાના ઉદ્યોગો અને નવા વ્યવસાયોને રાષ્ટ્રીય પેન્શન યોજના દ્વારા લાંબા ગાળાના ફાયદા કેવી રીતે મળી શકે તે અંગે વિગતવાર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં અંદાજે એંસીથી વધુ લોકોએ ઉત્સાહપૂર્વક હાજરી આપી હતી.

જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર રાજકોટના ઉદ્યોગ નિરીક્ષક જે.જે. પારગીએ જણાવ્યું હતું કે કાર્યક્રમ દરમિયાન ઉદ્યોગપતિઓને ગુજરાત સરકારની આત્મનિર્ભર યોજના અંતર્ગત મળતી મૂડી સહાય, વ્યાજ સહાય તથા નવા ઉદ્યોગોની સ્થાપનાની વિવિધ જોગવાઈઓ અંગે માહિતી આપવામાં આવી હતી, જે ઉદ્યોગ વિકાસ માટે મહત્વપૂર્ણ સાબિત થશે.

રાષ્ટ્રીય પેન્શન યોજનાની કેન્દ્રિય સંસ્થાની સહાયક મહાપ્રબંધક ખુશ્બુ શુકલાએ જણાવ્યું હતું કે આ યોજના દ્વારા દરેક વ્યક્તિ પોતાનું ભવિષ્ય આર્થિક

(અનુ. આઠમા પાને)

# જીટીયુ સૌરાષ્ટ્ર ઝોન સીઝન ક્રિકેટ ટુર્નામેન્ટમાં એ.વી.પી.ટી.આઈ. કોલેજ સતત ત્રીજી વખત ચેમ્પિયન

## અંતિમ મેચમાં ૬૧ રનની ભવ્ય જીત સાથે સૌરાષ્ટ્ર ઝોન પર દબદબો



**અબતક રાજકોટ**

રાજકોટની એ.વી.પી .ટી.આઈ. કોલેજે જામનગર સરકારી પોલીટેકનિક કોલેજને પરાજય આપી સતત ત્રીજી વખત સૌરાષ્ટ્ર ઝોન સીઝન ક્રિકેટ ટુર્નામેન્ટનો ખિતાબ પોતાના નામે કર્યો છે.ગુજરાત ટેકનોલોજી યુનિવર્સિટી દ્વારા આયોજિત ઝોન-૪ (સૌરાષ્ટ્ર ઝોન) સીઝન ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન તારીખ ૩ ફેબ્રુઆરીથી કરવામાં આવ્યું હતું. આ ટુર્નામેન્ટની અંતિમ મેચ જામનગર સરકારી પોલીટેકનિક કોલેજ અને

(અનુ. આઠમા પાને)

## સ્પોર્ટ્સ અબતક

# બીસીસીઆઈના સેન્ટ્રલ કોન્ટ્રાક્ટ લિસ્ટમાંથી શમી-ઈશાન કિશન સહિત પાંચ ખેલાડીઓ બહાર



## ભારતના પૂર્વ સુકાની રોહિત શર્મા અને વિરાટ કોહલીને મોટો ફટકો, બંનેને ગ્રેડ-એ ગ્રેડમાંથી ગ્રેડ-બીમાં સામેલ કરાયા

**અબતક, રાજકોટ**

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ આગામી સિઝન (૨૦૨૫-૨૬) માટે ભારતીય ટીમનો 'સેન્ટ્રલ કોન્ટ્રાક્ટ' જાહેર કરીને ક્રિકેટ જગતમાં હલચલ મચાવી દીધી છે. આ વખતે બોર્ડે કેટલાક આકરા નિર્ણયો લીધા છે. જ્યાં એક તરફ યુવા કેપ્ટન શુભમન ગિલને 'બઢતી' મળી છે અને તેઓ ગ્રેડ એ માં પહોંચ્યા છે, ત્યાં બીજી તરફ રોહિત શર્મા અને વિરાટ કોહલી જેવા દિગ્ગજોનું કદ ઘટ્યું છે. પરંતુ સૌથી ચોંકાવનારા સમાચાર એ છે કે આ યાદીમાંથી ટીમ ઈન્ડિયાના ૫ પ્રમુખ ખેલાડીઓના નામ ગાયબ છે, જેમાં અનુભવી ફાસ્ટ બોલર મોહમ્મદ શમીનો પણ સમાવેશ થાય છે.વનડે વર્લ્ડ કપમાં તરખાટ મચાવનાર શમી લાંબા સમયથી ઈજા અને ટીમ કોમ્બિનેશનને કારણે બહાર છે. હવે તેને સેન્ટ્રલ કોન્ટ્રાક્ટમાંથી પણ બાકાત રાખવામાં આવ્યો છે, જે તેના ચાહકો માટે નિરાશાજનક છે.

બીજી તરફ, વિકેટકીપર બેટર ઈશાન કિશન ને સતત બીજા વર્ષે કોન્ટ્રાક્ટ લિસ્ટમાં સ્થાન મળ્યું નથી. અગાઉ ઘરેલુ ક્રિકેટ ન રમવાને કારણે તેને બહાર કરાયો હતો અને આ વખતે પણ બોર્ડનું વલણ તેના પ્રત્યે કડક રહ્યું છે. પુરુષ ટીમના વાર્ષિક કોન્ટ્રાક્ટમાં ગ્રેડ-એમાં શુભમન ગિલ, જસપ્રીત બુમરાહ અને રવીન્દ્ર જાડેજાનો સમાવેશ કર્યો છે. સૌથી ચોંકાવનારી વાત એ છે કે, બોર્ડે રોહિત અને કોહલીને ગ્રેડબીમાં સામેલ કર્યા છે. જ્યારે મહિલા ટીમના વાર્ષિક કોન્ટ્રાક્ટમાં હરમનપ્રીત કૌર, સ્મૃતિ મંધાના, જેમિમા રોડ્રિગ્સ અને દીપ્તિ શર્માને સામેલ કરવામાં આવી છે. આમ બીસીસીઆઈએ વાર્ષિક સેન્ટ્રલ કોન્ટ્રાક્ટમાં ૩૦ પુરુષ ખેલાડી અને ૨૧ મહિલા ખેલાડીઓને સામેલ કરાયા છે.

### પુરુષ ટીમના વાર્ષિક કોન્ટ્રાક્ટમાં કુલ ૩૦ ખેલાડી સામેલ

**ગ્રેડ એ** - શુભમન ગિલ, જસપ્રીત બુમરાહ અને રવીન્દ્ર જાડેજા.

**ગ્રેડ બી** - વોશિંગ્ટન સુંદર, રોહિત શર્મા, વિરાટ કોહલી, કેએલ રાહુલ, મોહમ્મદ સિરાજ, હાર્દિક પંડ્યા, ઋષભ પંત, કુલદીપ યાદવ, યશસ્વી જાયસ્વાલ, સૂર્યકુમાર યાદવ અને શ્રેયસ અય્યર.

**ગ્રેડ સી** - અક્ષર પટેલ, તિલક વર્મા, રિંકુ સિંહ, શિવમ દુબે, સંજુ સેમસન, અર્શદીપ સિંહ, પ્રસિદ્ધ કૃષ્ણા, આકાશ દીપ, ધ્રુવ જુરેલ, હર્ષિત રાણા, વરુણ ચક્રવર્તી, નીતિશ કુમાર રેડ્ડી, અભિષેક શર્મા, સાઈ સુદર્શન, રવિ બિશ્નોઈ અને ઋતુરાજ ગાયકવાડ.

### મહિલા ટીમના વાર્ષિક કોન્ટ્રાક્ટમાં કુલ ૨૧ ખેલાડી સામેલ

**ગ્રેડ એ** - હરમનપ્રીત કૌર, સ્મૃતિ મંધાના, જેમિમા રોડ્રિગ્સ અને દીપ્તિ શર્મા

**ગ્રેડ બી** - રેણુકા ઠાકુર, શેફાલી વર્મા, રિચા ઘોષ અને સ્નેહ રાણા

**ગ્રેડ સી** - રાધા યાદવ, અમનજોત કૌર, પ્રતિકા રાવલ, ક્રાંતિ ગૌડ, ઉમા છેત્રી, અરુંધતી રેડ્ડી, શ્રી ચરણી, યાસ્તિકા ભાટિયા, હરલીન દેઓલ, કાશ્વી ગૌતમ, જી. કમલિની, વૈષ્ણવી શર્મા અને તેજલ હસબનીસ

# આફ્રિકાનો કેનેડા સામે ૫૭ રને વિજય: માર્કરમ- એન્ગિડી ઝળક્યા



## દક્ષિણ આફ્રિકાના ૨૧૩ રનને ચેઝ કરવા ઉતરેલી કેનેડા ૧૫૬ રન બનાવી શકી: કપ્તાન માર્કરમની આક્રમક ફિફ્ટી, એન્ગિડીની ૪ વિકેટ, કેનેડાના ધાલીવાલના લડાયક ૬૪ રન એળે ગયા

**અબતક, રાજકોટ**

અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે રમાયેલી દક્ષિણ આફ્રિકા અને કેનેડા વચ્ચેની મેચમાં આફ્રિકાનો ૫૭ રને વિજય થયો હતો. આફ્રિકાએ પ્રથમ બેટિંગ કરતા ૪ વિકેટના ભોગે ૨૧૩ રન બનાવ્યા હતા. કપ્તાન માર્કરમની ઝડપી ફિફ્ટી ઉપરાંત અંતિમ ઓવરોમાં મિલર અને સ્ટ્બ્સની ફટકાબાજીના કારણે ટીમનો સ્કોર ૨૦૦ને પાર પહોંચ્યો હતો. કેનેડા તરફથી માત્ર અંશ પટેલે બોલિંગમાં પ્રભાવ દેખાડી ૩ વિકેટ ઝડપી હતી. ૨૧૩ રનના ટાર્ગેટને ચેઝ કરવા ઉતરેલી કેનેડાની ટીમ નિર્ધારિત ૨૦ ઓવરમાં ૮ વિકેટના ભોગે ૧૫૬ રન બનાવી શકી હતી. કેનેડા વતી નવનીત ધાલીવાલે લડાયક ૬૪ રન બનાવ્યા હતા. પરંતુ તે ટીમને જીત અપાવી શક્યો ન હતો. દક્ષિણ આફ્રિકાના એન્ગિડીએ સૌથી વધુ એન્ગિડીએ ૪ વિકેટ ઝડપી હતી. અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે રમાયેલી મેચમાં દક્ષિણ આફ્રિકાની ટીમે શાનદાર પ્રદર્શન કરતા પોતાની નિર્ધારિત ૨૦ ઓવરમાં ૨૧૩ રનનો વિશાળ સ્કોર કેનેડા સામે ઉભો કર્યો હતો. કેનેડાની ટીમે ટોસ જીત્યા બાદ આફ્રિકાને બેટિંગ કરવા માટે આમંત્રણ આપ્યું હતું. દક્ષિણ આફ્રિકાના ઓપનર માર્કરમ અને ક્વિન્ટન ડિ કોકે ઝડપી શરૂઆત કરી હતી. ટીમનો સ્કોર માત્ર ૨૭ બોલમાં જ ૫૦ પર પહોંચાડી દીધો હતો. ટીમે ૬ ઓવરના પાવર પ્લેમાં જ ૬૬ રનનો સ્કોર ખડકી દીધો હતો. શરૂઆતમાં કેનેડાની ટીમની બોલિંગ સાવ સામાન્ય જણાતી હતી. જોકે, અંશ પટેલે બોલિંગમાં પોતાનું કૌવત બતાવ્યું હતું. અંશ પટેલે પોતાની ચાર ઓવરમાં ૩૧ રન આપી મહત્વની ૩ વિકેટ ખેરવી હતી.આફ્રિકાના કપ્તાન માર્કરમે મહત્વપુર્ણ ૫૯ રન બનાવ્યા હતા. જ્યારે મેચની અંતિમ ઓવરોમાં ડેવિડ મિલર અને ટ્રસ્ટીન સ્ટબ્સે આક્રમક ફટકાબાજી કરીને ટીમનો સ્કોર ૨૦૦ને પાર પહોંચાડ્યો હતો. મિલરે ૩ સિક્સરની મદદથી અણનમ ૩૯ અને સ્ટબ્સે ૨ સિક્સરની મદદથી અણનમ ૩૪ રન બનાવ્યા હતા. આ ઉપરાંત રિકલ્ટને પણ મહત્વપુર્ણ ૩૩ રનની ઈનિંગ રમી હતી.આફ્રિકીની ટીમે માત્ર ૪ વિકેટના ભોગે ૨૧૩ રનનો સ્કોર ખડક્યા બાદ રન ચેઝ કરવા ઉતરેલી કેનેડાની ટીમની પહેલી વિકેટ કેપ્ટનના રૂપમાં ઈનિંગના પ્રથમ બોલે જ પડી ગઈ હતી. કપ્તાન દિલપ્રિત બાજવા પ્રથમ બોલે જ લૂંગી અન્ગિડીનો શિકાર બન્યો હતો. ત્યારબાદ યુવરાજ સામરાએ ૩ બાઉન્ડ્રી ફટકારી મેદાનમાં ટીમનો ઉત્સાહ વધાર્યો હતો. પરંતુ ત્યારબાદ તે પણ એન્ગિડીનો શિકાર બન્યો હતો. એક પછી એક ૪૫ રનમાં જ કેનેડાની ટીમે પોતાની ચાર વિકેટ ગુમાવી દીધી હતી. જોકે, ત્યારબાદ નવનીત ધાલીવાલ અને હર્ષ ઠાકર વચ્ચે મહત્વપુર્ણ ભાગીદારી નોંધાઈ હતી. બંને બેટ્સમેનોએ ઝડપી રન બનાવવાનો પ્રયાસ કર્યો હતો. બંનેએ મળીને ૫૨ બોલમાં ૬૯ રનની ભાગીદારી કરી હતી. જોકે, આ ભાગીદારી પણ લૂંગી એન્ગિડીએ તોડી હતી. આ સાથે લૂંગી એન્ગિડીએ પોતાના સ્પેલમાં ૩૧ રન આપીને ૪ વિકેટ ઝડપી હતી. કેનેડા વતી ધાલીવાલે પ્રતિકાર કરતા ફિફ્ટી ફટકારી હતી. ધાલીવાલે ૪૯ બોલમાં ૬૪ રન બનાવ્યા હતા.

# ટી-૨૦ વર્લ્ડકપમાં આજે પાકિસ્તાન અને યુએસએ વચ્ચે રોમાંચક ટક્કર



## ૨૦૨૪ના વર્લ્ડ કપમાં અમેરિકાએ પાકિસ્તાનને હરાવીને મોટો અપસેટ સર્જ્યો હતો: શું અમેરિકા ફરીથી તે ઈતિહાસનું પુનરાવર્તન કરી શકશે

**અબતક, રાજકોટ**

આઈસીસી ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬નો ચોથો દિવસ છે.

આજે ટુર્નામેન્ટમાં ત્રણ વધુ રોમાંચક મેચ જોવા મળશે. આ મેચોમાં કેટલીક ટોચની ટીમો અને કેટલીક નબળી ટીમો ભાગ લેશે. જોકે, જેમ જેમ ટુર્નામેન્ટ ગતિ પકડી રહી છે, તેમ તેમ તે સ્પષ્ટ છે કે કોઈપણ દિવસે મોટો અપસેટ જોવા મળી શકે છે, જે હંમેશા આ ક્રિકેટ ફોર્મેટના સૌથી રોમાંચક પાસાઓમાંનો એક રહ્યો છે.આજે, ટી૨૦ વર્લ્ડ કપમાં ત્રણ મેચ રમાશે, જેમાં પાકિસ્તાન, ન્યુઝીલેન્ડ, યુએઈ,યૂએસએ, નામિબિયા અને નેધરલેન્ડની ટીમો ભાગ લેશે. આમાંથી બે મેચ ભારતીય ધરતી પર રમાશે, જ્યારે એક શ્રીલંકામાં યોજાશે.

દિવસની ત્રીજી અને સૌથી રસપ્રદ મેચ પાકિસ્તાન ક્રિકેટ ટીમ અને યુએસએ ક્રિકેટ ટીમ વચ્ચે રમાશે. આ ગ્રુપ એ મેચ હશે. અત્યાર સુધી, પાકિસ્તાને નેધરલેન્ડ્સ સામે સાંકડી જીત સાથે ટુર્નામેન્ટમાં પોતાના અભિયાનની વિજયી શરૂઆત કરી હતી.

જો કે, શાનદાર પ્રદર્શન બાદ, યુએસએ ટીમને સૂર્યકુમાર યાદવની વિસ્ફોટક બેટિંગનો સામનો કરવો પડ્યો અને ભારત સામે હારનો સામનો કરવો પડ્યો.

પહેલો મેચ, નામિબિયા અને નેધરલેન્ડ: દિવસનો પહેલો મેચ આફ્રિકન રાષ્ટ્ર નામિબિયા અને નેધરલેન્ડ વચ્ચે રમાશે. આ વર્તમાન વર્લ્ડ કપ આવૃત્તિમાં નામિબિયાનો પહેલો મેચ હશે, જ્યાં તેઓ પોતાની છાપ છોડવાનો પ્રયાસ કરશે. તેઓ ડચ ટીમનો સામનો કરશે, જેને તેની પહેલી મેચમાં પાકિસ્તાન સામે ૩ વિકેટથી હારનો સામનો કરવો પડ્યો હતો.બીજી મેચ ન્યુઝીલેન્ડ ક્રિકેટ ટીમ અને સંયુક્ત આરબ અમીરાત (યુએઈ) વચ્ચે રમાશે. આ ગ્રુપ ડી મેચ હશે. ન્યુઝીલેન્ડે અફઘાનિસ્તાન સામેની પોતાની પહેલી મેચ ૫ વિકેટથી જીતીને પોતાના અભિયાનની વિજયી શરૂઆત કરી.

યુએઈ આજે ટુર્નામેન્ટની પોતાની પહેલી મેચ રમશે.

# હવે ક્રિકેટરોની નિકાસમાં પણ ગુજરાતનો "ડંકો" વાગ્યો!!!

## ગુજરાતમાંથી આગળ વધી મોટાભાગના ક્રિકેટર્સ હવે અન્ય દેશોની રાષ્ટ્રીય ટીમોમાં પ્રતિનિધિત્વ કરી વિશ્વ ફલક પર ચમકી રહ્યા છે

**અબતક, રાજકોટ**

આજના સમયમાં ગુજરાત માત્ર ભારતીય ક્રિકેટમાં જ નહીં, પરંતુ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં પણ પોતાનું નામ રોશન કરી રહ્યું છે.

ગુજરાતમાંથી આગળ વધી ઘણા ક્રિકેટર્સ હવે અન્ય દેશોની રાષ્ટ્રીય ટીમોમાં પ્રતિનિધિત્વ કરી રહ્યા છે અને વિશ્વના મોટા મંચ પર ચમકી રહ્યા છે. આને ગુજરાત ક્રિકેટ સ્ટાર્સનું નિકાસકાર કહેવામાં આવી રહ્યું છે!

આઈસીસી ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬માં આ વાત સ્પષ્ટ થઈ છે. આ ટુર્નામેન્ટમાં ગુજરાતી મૂળના અનેક ખેલાડીઓએ અલગ-અલગ દેશો માટે રમવાની તક મેળવી છે, જો કે તેઓ ભારતીય ટીમ માટે નથી રમતા. આ ખેલાડીઓએ ગુજરાતના વિવિધ ભાગોમાંથી ઉદ્ભવીને, યુવાન વયે વિદેશમાં સ્થળાંતર કર્યું અને ત્યાં ક્રિકેટમાં પોતાની ક્ષમતા બતાવી.

આ ઉપરાંત ઓમાન ટીમમાં પણ ગુજરાતી મૂળના ખેલાડીઓ જેમ કે જીતેન રમણાંડી (નવસારી), જય ઓડેદરા (પોરબંદર), અશીષ ઓડેદરા (જુનાગઢ) જેવા નામો સામેલ છે.

આ ખેલાડીઓ ગુજરાતમાં અંડર-૧૯ કે ડોમેસ્ટિક ક્રિકેટ રમીને વિકસ્યા છે, પરંતુ ભારતીય ટીમમાં સ્થાન ન મળતાં વિદેશમાં પોતાનું કરિયર બનાવ્યું. આ નાનાથી ક્રિકેટની રમત વૈશ્વિક સ્તરે વધુ ફેલાઈ રહી છે અને ભારતીય મૂળના ખેલાડીઓ અન્ય દેશોમાં પણ ક્રિકેટને લોકપ્રિય બનાવી રહ્યા છે.

ગુજરાતના ક્રિકેટ પ્રેમીઓ માટે આ ગર્વની વાત છે કે રાજ્યના પ્રતિભાશાળી યુવાનો વિશ્વના અલગ-અલગ ખૂણામાં ભારતીય ક્રિકેટની ઝલક બતાવી રહ્યા છે. ભવિષ્યમાં પણ ગુજરાતમાંથી વધુને વધુ આંતરરાષ્ટ્રીય સ્ટાર્સ ઉભરશે તેવી આશા છે!

### આણંદના મોનાંક પટેલ અમરિકા ક્રિકેટ ટીમના કેપ્ટ્ન



ગુજરાતના આણંદમાં ૧ મે ૧૯૯૩ના રોજ જન્મેલા મોનાંક દિલીપભાઈ પટેલ આજે અમેરિકાની રાષ્ટ્રીય ક્રિકેટ ટીમના કેપ્ટન તરીકે જાણીતા છે.

મોનાંકે ગુજરાત તરફથી અંડર-૧૬ અને અંડર-૧૮ (અંડર-૧૯) સ્તરે રમ્યા હતા. તે સમયે તેઓ ગુજરાતની અંડર-૧૯ ટીમમાં જસપ્રીત બુમરાહ સાથે રમી ચૂક્યા છે. મોનાંકે ૨૦૧૦માં ગ્રીન કાર્ડ મેળવ્યું અને ૨૦૧૬માં અમેરિકા (ન્યુ જર્સી)માં સ્થાયી થયા. ત્યાં તેઓએ રેસ્ટોરન્ટ ખોલ્યું, પરંતુ ક્રિકેટ પ્રત્યેનો પ્રેમ છોડ્યો નહીં. અમેરિકામાં તેમણે પોતાની પ્રતિભા બતાવી અને ધીમે ધીમે યુએસએ ટીમમાં સ્થાન મેળવ્યું.૨૦૧૯માં તેમણે યુએસએ તરફથી ડેબ્યૂ કર્યું અને ટૂંક સમયમાં જ ટીમના મહત્વના ખેલાડી બન્યા.

### બરોડાના અંશ આજે કેનેડાની ટીમના મહત્વપૂર્ણ ખેલાડી



અંશ પટેલ એક યુવા અને પ્રતિભાશાળી ક્રિકેટર છે, જેમની કહાની ખૂબ જ પ્રેરણાદાયી છે. તેઓ ૧૯ ફેબ્રુઆરી ૨૦૦૨ના રોજ વડોદરા, ગુજરાતમાં જન્મ્યા હતા.

અંશનો પરિવાર કેનેડામાં હતો, પરંતુ અંશને ક્રિકેટમાં રસ જોતાં તેમના પિતા પ્રદીપ પટેલે મોટું બલિદાન આપ્યું અને પરિવારને ૨૦૧૨માં વડોદરા શિફ્ટ કરી દીધું જેથી અંશ ભારતમાં ઉચ્ચ સ્તરની ક્રિકેટ રમી શકે. વડોદરામાં તેમણે બરોડા ની અંડર-૧૯ અને ડોમેસ્ટિક ટીમ માટે રમ્યા.આઈપીએલમાં તેઓ યુવા સ્પિનર તરીકે ચર્ચામાં આવ્યા અને નેટ પ્રેક્ટિસમાં પણ પ્રભાવિત કર્યા હતા.પાછળથી અંશ કેનેડા પરત ફર્યા અને કેનેડાની રાષ્ટ્રીય ટીમમાં સામેલ થયા. તેમણે ૨૦૨૪માં કેનેડા માટે ઓડીઆઈ અને ટી૨૦માં ડેબ્યૂ કર્યું.

### અમદાવાદના હર્ષ ઠાકર કેનેડાના ઓલરાઉન્ડર બન્યા



હર્ષ ઠાકરએ કેનેડાની રાષ્ટ્રીય ક્રિકેટ ટીમના એક મહત્વના ઓલરાઉન્ડર છે, જેઓ ડાબા હાથે બેટિંગ અને રાઈટ-આર્મ ઓફ-બ્રેક બોલિંગ કરે છે. તેઓનો જન્મ ૨૪ ઓક્ટોબર ૧૯૯૭ના રોજ કેનેડામાં થયો છે, પરંતુ તેઓ મૂળ ગુજરાતના પાટણ જિલ્લાના સિદ્ધપુરના છે.

હર્ષ ઠાકરે ૨૦૧૮માં કેનેડાની સિનિયર ટીમમાં ડેબ્યૂ કર્યું હતું અને ત્યારબાદ તેઓ ટીમના મુખ્ય ખેલાડીઓમાંના એક બન્યા છે. તેઓ વિવિધ ફોર્મેટમાં સારું પ્રદર્શન કરી ચૂક્યા છે.

### નવસારીના જીતેન રામાનંદી ઓમાનના મુખ્ય પેસ બોલર બન્યા



જીતેન રામાનંદીનો જન્મ ૧૫ સપ્ટેમ્બર ૧૯૯૪ના રોજ ગુજરાતના નવસારી જિલ્લાના એક નાના ગામમાં થયો હતો. તેઓ બાળપણથી જ ક્રિકેટ પ્રત્યે ખૂબ જ ઉત્સુક હતા અને ગુજરાતમાં જ તેમની ક્રિકેટ કરિયરની શરૂઆત કરી. તેઓએ બરોડા ક્રિકેટ એસોસિએશન તરફથી અંડર-૧૯ સ્તરે રમ્યા હતા.આ સમયગાળામાં તેઓએ હાર્દિક પંડ્યા સાથે પણ રમ્યા હતા!

પછીથી તેઓ ઓમાનમાં સ્થાયી થયા અને ત્યાંની ક્રિકેટમાં જોડાયા. ફેબ્રુઆરી ૨૦૨૫માં તેમણે ઓમાન તરફથી આંતરરાષ્ટ્રીય ડેબ્યૂ કર્યું. ત્યારબાદ તેઓ ઝડપથી ઓમાનની મુખ્ય ટીમનો ભાગ બન્યા.

### પોરબંદરના આશીષ ઓમાન ક્રિકેટ ટીમના ઓલરાઉન્ડર તરીકે ઉભર્યા



આશિષ ઓડેદરા એક પ્રતિભાશાળી ગુજરાતી મૂળના ક્રિકેટર છે, જેઓ હાલ ઓમાનની રાષ્ટ્રીય ક્રિકેટ ટીમ તરફથી આંતરરાષ્ટ્રીય ક્રિકેટ રમે છે. તેઓ પોરબંદરના વતની છે અને ગુજરાતમાંથી ક્રિકેટની તાલીમ લીધી છે.સૌરાષ્ટ્ર અંડર-૧૫, અંડર-૧૭ અને અંડર-૧૯ ટીમોમાં રમ્યા હતા, પરંતુ ઉચ્ચ સ્તરે સ્થાન મેળવવામાં સફળ થયા નહોતા. ત્યારબાદ તેઓ ઓમાનમાં સ્થાયી થયા અને ત્યાંની ડોમેસ્ટિક ક્રિકેટમાં રમવા લાગ્યા, જેના કારણે ઓમાનની રાષ્ટ્રીય ટીમમાં પસંદગી મળી.આશિષે એશિયા કપ ૨૦૨૫માં ઓમાનની ટીમમાં સ્થાન મેળવ્યું હતું, જેમાં તેઓએ પોરબંદર અને મેર સમાજનું નામ રોશન કર્યું. ઓમાનની ટીમમાં ગુજરાતી મૂળના અનેક ખેલાડીઓ છે, જેમાં આશિષ એક મહત્વનું નામ છે.

# સાવકી માતા પર હુમલો કરવાના ગુનાનો આરોપીનો નિર્દોષ છુટકારો

## લાઈટબીલ ભરવાના મુદે ઘાતક હથીયારથી પુત્રે માર માર્યો'તો

**અબતક, રાજકોટ**

શહેરના માંડા ડુંગર વિસ્તારમાં લાઈટબીલ ભરવાના મુદે સાવકી માતા પર ઘાતક હથીયારથી હુમલો કરી ઈજા પહોંચાડવાના ગુનાનો કેસ ચાલી જતા અદાલતે આરોપી પુત્રનો નિર્દોષ છોડી મૂકવાનો હુકમ કર્યો છે.વધુ વિગત મુજબ શહેરના માંડા ડુંગર વિસ્તારમાં રહેતા મહિલા ધ્વારા પુત્ર વિશાલ વિનોદભાઈ મકવાણા પાસે લાઈટબીલ ભરવા અંગે પૈસાની માંગણી કરતા પુત્ર વિશાલ મકવાણાએ લાઈટબીલ ભરવાના પૈસા આપવાનો ઈન્કાર કરતા સાવકી માતા ધ્વારા પુત્રને ઠપકો આપવામાં આવ્યો હતો. બાદ વિશાલ મકવાણાએ લોખંડના પાઈપ વડે માતાને માર માર્યો અંગેની તા.૦૯/૦૪/૨૦૨૩ ના રોજ આજીડેમ પોલીસ સ્ટેશનમાં માતાએ પુત્ર વિશાલ મકવાણા સામે ફરીયાદ નોંધાવી હતી. આજીડેમ પોલીસ દ્વારા વિશાલ મકવાણા વીરૂધ્ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

તપાસનીશ દ્વારા કોટેમાં ચાજેશીટ કર્યું હતું. બાદ કેસની સુનાવણી ચાલવા પર આવતા જેમાં બંને પક્ષોની રજૂઆત બાદ બચાવ પક્ષના એડવોકેટ દિપ પી. વ્યાસ દ્વારા સ્વતંત્ર સાહેદો તેમજ ડોકટર, પોલીસ વિગેરે સરકારી સાહેદો તપાસી ફરીયાદીનુ નીવેદન અને નજરે જોનાર અન્ય સાહેદોનુ નીવેદન વિરોધાભાસ જણાય છે. માત્ર હિત ધરાવતા સાહેદોની જુબાનીને આધારે આરોપીએ આક્ષેપીત ગુનાહિત કૃત્ય કરેલ હોય તેવુ સ્પષ્ટ પણે માની શકાય નહિ ફરીયાદ પક્ષ મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવાઓથી પુરવાર કરવામાં નિષ્ફળ નીવડેલ છે. તે દલીલ ધ્યાને લઈ અધીક જયુડીશ્યલ મેજી. ધ્વારા આરોપીને નીર્દોષ છોડી મુકવાનો હુકમ કર્યો છે.આરોપી વતી એડવોકેટ પી. સી. વ્યાસ, દિપ પી. વ્યાસ, લીગલ આસીસ્ટન્ટ તરીકે ઓમદેવસિંહ જાડેજા અને પ્રીયાબેન કોદવલા રોકાયેલ હતા.

### પગભર થવા સ્ટાર્ટઅપ કરવા ઝંખતા...

# યુવક પાસેથી પાંચ હજારની લાંચ લેતો એક લાખનો પગારદાર CGST ઈન્સપેક્ટર ઝડપાયો

## પુણામાં અભ્યાસ કરતા યુવાનને રાજકોટમાં વ્યવસાય શરૂ કરવો'તો : ડોક્યુમેન્ટ વેરિફિકેશન માટે માંગેલી લાંચ સ્વીકારતા રેસકોર્સમાં રંગેહાથ પકડ્યો



**અબતક, રાજકોટ**

એકતરફ સરકાર યુવાનોને પગભર બનાવવાની વાતો કરતી હોય છે ત્યારે બીજી બાજુ લાંચિયા બાબુ યુવકોને પગભર બનવામાં વિધ્નરૂપ બની રહ્યા હોય તેવો વધુ એક બનાવ સામે આવ્યો છે. ત્યારે આવા જ એક બનાવમાં સ્ટાર્ટ અપ શરૂ કરનાર યુવાન પાસે રાજકોટ સેન્ટ્રલ જીએસટીના ઈન્સપેક્ટર ધર્મેન્દ્ર સરયુપ્રસાદ યાદવ રૂ. ૫ હજારની લાંચ લેતાં એસીબીએ રંગેહાથ ઝડપી લેતાં ખળભળાટ મચી ગયો હતો. પ્રાપ્ત વિગત મુજબ, રાજકોટનાં યુવાને ભાગીદારીમાં બિકસપોર્ટ નામની ઈમ્પોર્ટ એક્સપોર્ટની કંપની ખોલી હતી. જેથી રેસકોર્સ રીંગ રોડ સ્થિત સીજીએસટી કચેરીનાં ઈન્સપેક્ટર ધર્મેન્દ્ર યાદવ કંપનીના સરનામે વેરિફિકેશન માટે પહોચ્યાં હતા. જે અંગેનો ફાઈનલ રિપોર્ટ આપવા માટે તેણે રૂ. ૫ હજારની લાંચ માગી હતી.

પરંતુ યુવાન લાંચ આપવા માંગતો ન હોવાથી એસીબીનો સંપર્ક કર્યો હતો. જેના આધારે એસીબીનાં પીઆઈ આર.આર. સોલંકીએ ટ્રેપ ગોઠવી હતી. નક્કી થયાં મુજબ ધર્મેન્દ્ર યાદવ પોતાના એક્ટીવા ઉપર લાંચની રકમ લેવા રેસકોર્સ મેદાનમાં પહોચ્યો હતો. જ્યાં ફરિયાદીને મળી રૂ. ૫ હજારની લાંચ સ્વીકારતા જ ટ્રેપમાં ગોઠવાયેલી એસીબીની ટીમે તેને રંગેહાથ ઝડપી લીધો હતો. એસીબીનાં સુત્રોએ જણાવ્યું કે, ધર્મેન્દ્ર યાદવ મૂળ મધ્યપ્રદેશનો વતની છે. રાજકોટનાં બજરંગવાડી વિસ્તારમાં રહે છે.

વધુમાં મળેલ વિગત અનુસાર, ફરિયાદી યુવાન માત્ર ૨૦ વર્ષનો છે. પુનામાં ઈન્ટરનેશનલ બિઝનેશને લગતો કોર્ષ કરે છે. અન્ય ભાગીદારો સાથે મળી તેણે સ્ટાર્ટ અપ શરૂ કર્યું હતું. આ માટે સીજીએસટી કચેરીનું કામ પડતાં તેની પાસે લાંચ માંગવામાં આવી હતી. તે કોઈ પણ ભોગે લાંચ આપી કામ કરાવવા માંગતો ન હતો. જેથી એસીબી પાસે પહોચ્યો હતો. જેના આધારે છટકુ ગોઠવી એસીબીએ આરોપીને પકડી પાડ્યો હતો. હાલ એસીબીની ટીમે પકડાયેલ આરોપીના મોબાઈલ કબ્જે લઈ તેમાં થયેલ અન્ય કોલ અને મેસેજ અંગે તેમજ મિલકત બાબતે પણ તપાસ આદરી છે.

રાજકોટ સીજીએસટી અધિકારી ધર્મેન્દ્ર યાદવ રૂ.૫ હજારની લાંચ લેતાં રંગેહાથ પકડાયો હતો. મળતી વિગત મુજન આરોપીનો હાલનો પગાર રૂ.૧ લાખ છે અને તે અધિકારીએ એક નવ યુવાન જે નવું સ્ટાર્ટઅપ કરવાં જઈ રહ્યો હતો તેની પાસેથી મામુલી ૫ હજાર લાંચ માંગી યુવકની મોરલ તોડવાનો પ્રયાસ કર્યો હતો.

### કુળવધૂની દુઃખ ત્રાસની ફરિયાદના કેસમાં

# પતિ, સાસરીયાને નિર્દોષ ઠરાવવાના હુકમ સામેની અપીલ ફગાવતી સેશન્સ કોર્ટે

## ફરીયાદી અને સાહેદોએ કાયદાનો હથીયાર તરીકે ઉપયોગ કરી ધાર્યુ કરાવવા પ્રયાસ કર્યો હોય ત્યારે ટ્રાયલ કોર્ટના હુકમને રદ કરી શકાય નહીં

**અબતક, રાજકોટ**

ઘરેલું તકરારમાં નોકરીયાત પતિ તથા ૮૫ વર્ષના સાસુ-સસરા સામે શારીરીક માનસીક ત્રાસની ફરિયાદ નાસાબિત માની ટ્રાયલ કોર્ટ દ્વારા પતિ, સાસુ-સસરાને નિર્દોષ ઠરાવી મુકવાના ચુકાદા સામેની અપીલમાં સેશન્સ અદાલતે ટ્રાયલ કોર્ટનો પતિ, સાસરિયાને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો ચુકાદો કાયમ રાખતો હુકમ ફરમાવવામાં આવ્યો છે. આ કેસની હકીકત મુજબ, ફરીયાદી ખુશ્બુબેન ડો./ઓ. કિશોરભાઈ કથરેચાએ (૧) પતિ જીલેષ મનસુખલાલ વીશરોલીયા (૨) સાસુ રંજનબેન મનસુખલાલ વીશરોલીયા (૩) સસરા મનસુખભાઈ પ્રાગજીભાઈ વીશરોલીયા વિરૂધ્ધ મહીલા પોલીસ સ્ટેશનમાં તા. ૧૦/ ૦૯/ ૨૦૨૦ના ફરિયાદ નોંધાવી હતી, જેમાં ઉપરોક્ત પતિ તથા સાસુ-સસરાએ લગ્ન જીવન દરમિયાન નાની-નાની બાબતોમાં ઝઘડાઓ કરી, ગાળો આપી, મારકુટ કરી, સાસુ-સસરાએ ફરીયાદીના પતિને ચઢામણી કરી ત્રણેયે એક સંપ કરી શારીરીક, માનસીક દુઃખ ત્રાસ આપી ગુન્હામાં એકબીજાને મદદગારી કરી ગુન્હો કરેલ હોવા સંબંધે ફરિયાદ નોંધાવી હતી.

જેનો કોર્ટમાં કેસ ચાલવા ઉપર આવતા ફરીયાદપક્ષે કુલ ૬ સાક્ષીઓને તપાસવામાં આવેલ અને પ્રોસિકયુશને પોતાનો કેસ શંકાથી પર પુરવાર કરેલ હોય આરોપીઓને મહતમ સજા કરવા જણાવ્યું હતું. જે સામે આરોપી પતિ, સાસરીયાના એડવોકેટ સુરેશ ફળદુ દ્વારા કરવામાં આવેલ કાનુની આધારો સાથેની તર્કબધ્ધ દલીલો ધ્યાને લઈ રાજકોટના એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ દ્વારા પતિ, સાસરીયા ત્રણેય આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મૂકવા હુકમ કર્યો હતો. જે સામે સરકાર પક્ષેથી સેશન્સ અદાલતમાં અપીલના માધ્યમથી પડકારી રજુઆત કરવામાં આવેલ કે ટ્રાયલ કોર્ટે રેકર્ડ પરનો પુરાવો લક્ષે લઈ આરોપીઓને સજા કરવી જોઈતી હતી. તેમ ન કરી ફરમાવેલ ચુકાદો રદ કરવાનીરજુઆત સામે આરોપીઓ પક્ષના એડવોકેટ સુરેશ ફળદુ દ્વારા એવી રજુઆત કરવામાં આવેલ કે સરકાર દ્વારા કરેલ અપીલ મેમો લક્ષે લેવામાં આવે તો ટ્રાયલ કોર્ટ દ્વારા તેના હુકમમાં કાયદાની કઈ ક્ષતિ, શું ભુલ અને શા માટે પરવશ હુકમ છે તેવું બતાવી શકેલ નથી, રેકર્ડ જોતા ફરીયાદી તથા તેના સાહેદોએ કાયદાનો હથીયાર તરીકે ઉપયોગ કરી પોતાનું ધાર્યુ કરાવવા પ્રયાસ કરેલ હોય ત્યારે ટ્રાયલ કોર્ટના હુકમને રદ કરી શકાય નહીં, આ મતલબની દલીલો કરી હતી. જે ધ્યાને લઈ એડિશનલ સેશન્સ જજ દ્વારા ટ્રાયલ કોર્ટના મેજિસ્ટ્રેટના હુકમમાં કોઈ ક્ષતિ, ભુલ, ખામી જણાતી ન હોય ત્યારે હસ્તક્ષેપ કરવો વ્યાજબી જણાતો ન હોય તેમ માની સરકારની અપીલ નામંજુર કરી ટ્રાયલ કોર્ટના નિર્દોષ ઠરાવી છોડી મુકવાના હુકમને કાયમ કરતો હુકમ ફરમાવવામાં આવેલ છે. આ કામમાં આરોપીઓ વતી જાણીતા એડવોકેટ સુરેશ ફળદુ, ભુવનેશ શાહી, કૃણાલ શાહી, ચેતન ચોવટીયા, યુવરાજ વેકરીયા, જસ્મીન દુધાગરા, ભાવીન ખુંટ, જય પીઠવા, સાહીલ કંટારીયા તથા મદદમા નીરવ દોંગા, આર્યન કોરાટ, જયમલ મકવાણા, રાહીલ ફળદુ રોકાયા હતા.

# રૈયાધારમાં સગાઈના પ્રસંગમાં માથાકૂટ, સાસુને માર માર્યો

## સાઢુભાઈઓ વચ્ચેની માથાકૂટમાં વચ્ચે પડેલા મહિલાને જમાઈ અને ભાણેજે લાકડીથી કર્યો હુમલો

**અબતક, રાજકોટ**

શહેરના રૈયાધાર વિસ્તારમાં સગાઈના પ્રસંગે એકઠા થયેલા પરિવારમાં જૂના મનદુઃખને લઈ કૌટુંબિક ઝઘડામાં સમાધાન કરાવવા અને છોડાવવા વચ્ચે પડેલા ગાંધીધામના ઉષાબેનને તેમના જ બનેવી અને ભાણેજોએ માથામાં લાકડીના ઘા ઝીંકી દેતા ચકચાર મચી ગઈ છે. ઈજાગ્રસ્ત મહિલાને તાત્કાલિક રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા.પ્રાપ્ત માહિતી અનુસાર ગાંધીધામના કચ્છ વિસ્તારમાં રહેતા અને શાકભાજીનો વ્યવસાય કરતા ઉષાબેન મણીલાલ વઢીયારા (ઉ.વ. ૫૦) રાજકોટમાં તેમના સાળા અજયભાઈના પુત્ર પ્રવિણની સગાઈ હોવાથી પરિવાર સાથે આવ્યા હતા. રૈયાધાર, મચ્છુનગર પાસે આવેલા સાળાના ઘરે પ્રસંગ દરમિયાન ઉષાબેનના બે સાઢુભાઈઓ રાજુભાઈ અને દલસુખભાઈ વચ્ચે અગાઉના મનદુઃખને લઈને ઉગ્ર બોલાચાલી અને માથાકૂટ શરૂ થઈ હતી. ઝઘડો ઉગ્ર બનતા ઉષાબેન બંને પક્ષોને છોડાવવા અને મામલો શાંત પાડવા વચ્ચે પડ્યા હતા. આ દરમિયાન ઉશ્કેરાયેલા દલસુખ સેભા અને તેના બે પુત્રો નરશી દલસુખ તથા લાલા દલસુખે લાકડી વડે હુમલો કરી દીધો હતો. હુમલાખોરોએ ઉષાબેનને માથાના ભાગે અને શરીરે લાકડીના આડેધડ ફટકા મારતા તેઓ બેભાન હાલતમાં ઢળી પડ્યા હતા. ઘટના બાદ ઈજાગ્રસ્ત ઉષાબેનને તુરંતસિવિલ હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા હતા. આ મામલે હોસ્પિટલ ચોકીના સ્ટાફે પ્રાથમિક વિગતો નોંધી છે અને પોલીસે ઉષાબેનનું નિવેદન લઈ હુમલાખોરો સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દુષ્કર્મના ગુનામાં આરોપીના જામીન મંજૂર

## આજી જીઆઈડીસીમા સગીરાને લગ્નની લાલચ આપી અપહરણ કરી વતનમા લઈ જઈ હવસનો શિકાર બનાવી તી

**અબતક, રાજકોટ**

શહેરના આજી જીઆઈડીસી વિસ્તારમાંથી ૧૭ વર્ષ સુધી સગીરાને લગ્નની લાલચ આપી અપહરણ કરી દુષ્કર્મ ગુજારવા અંગેના ગુનામાં જેલ હવાલે રહેલા શખ્સની અદાલતે જામીન અરજી મંજૂર કરી છે. વધુ વિગત મુજબ શહેરના ભાવનગર રોડ ખાતે આવેલા આજી જીઆઈડીસી વિસ્તારમાં રહેતી ૧૭ વર્ષની સગીરાને પ્રેમ જાળમાં ફસાવી લગ્નની લાલચ આપી બંધ કામ કરવાના ઈરાદે અપરણ કરી ગયા અંગેની થોરાળા પોલીસ મથકમાં સગીરાના વાલીએ ફરિયાદ કરી હતી પોલીસે ભોગ બનનારને હરિયાણાથી મુક્ત કરાવી આરોપી રાજા ગણેશ આહિરવારની ધરપકડ કરવામાં આવી હતી. ભોગ બનનાર અને આરોપીનું મેડિકલ ચેકઅપ અને નિવેદનના આધારે શરીર સંબંધ બાંધ્યા હોવાની હકીકત ખુલતા પોલીસે આપેલી અરજી થી અદાલતે રાજા ગણેશ સામે દુષ્કર્મની અને પોકશો ની કલમનો ઉમેરો કરવામાં આવ્યો હતો. બાદ તપાસ પૂર્ણ થતા આરોપી રાજા ગણેશને જેલ હવાલે ધકેલવામાં આવ્યો હતો. હાલ જેલ હવાલે રહેલા રાજા ગણેશએ જામીન પર છૂટવા અદાલતમાં અરજી કરી હતી. જે જામીન અરજી ચાલવા ઉપર આવતા બન્ને પક્ષકારો વચ્ચે થયેલ દલીલો અને રજુઆત તેમજ મૌખીક તેમજ લેખીત પુરાવા, બનાવ અને બનાવને અનુરૂપ થયેલ પોલીસ તપાસના કાગળો , બચાવ પક્ષના એડવોકેટ રજુઆતો , ગુજરાત હાઈકોર્ટ અને સુપ્રિમ કોર્ટના જુદા જુદા ચુકાદાઓને ધ્યાનમા લઈ રાજકોટની સ્પે. પોકસો કોર્ટ ધ્વારા આરોપી રાજા ગણેશ આહીરવારને રેગ્યુલર જામીન ઉપર મુક્ત કરવાનો હુકમ ફરમાવેલ છે. આરોપી વતી એડવોકેટ જીજ્ઞેશ એમ. સભાડ, રણજીત બી. મકવાણા, યોગેશ એ.જાદવ તથા મદદનીશમાં અભય ચાવડા, વિક્રમ કિહલા, સંજય મકવાણા, વિશાલ ડેડાણીયા, ગૌરવ જરીયા રોકાયેલા હતા.

# સારવારમાં વિસંગતતાના બહાને નકારી કાઢેલ મેડીક્લેઈમ વ્યાજ સાથે ચૂકવવા હુકમ

## ક્લેઈમ ચુકવવા ઈનકાર કરવા માટેના કારણો યોગ્ય અને વ્યાજબી નથી, જે વીમા કંપનીની અપ્રમાણીકતા અને સેવામાંની ખામી હોવાની દલીલો

**અબતક, રાજકોટ**

ગલોફાના કેન્સરની બિમારીની સારવારમાં વિસંગતતા હોવાનું બહાનું કાઢી વીમા કંપનીએ મેડિક્લેઈમ નહિ ચુકવ્યા અંગેની ફરિયાદમાં ગ્રાહક આયોગ દ્વારા વીમા કંપનીની સેવામાં ઉણપ ગણાવી મેડીક્લેઈમની સમ ઈન્સ્યોર્ડની રકમ રૂા.૫ લાખ ચડતા વ્યાજ સાથે ચુકવવાનો આદેશ કર્યો છે.

આ કેસની હકીકત મુજબ, ફરિયાદી પ્રતાપસિંહ જીલુભા ખેરડીયાએ કેર હેલ્થ ઈન્સ્યુરન્સ કું. લી.ની વીમા પોલિસી લીધી હતી. જેમાં રૂા. ૫ લાખ સમ ઈન્સ્યોર્ડ હતું. આ પોલિસી અમલમાં હતી, તે દરમ્યાન ફરીયાદીને ગલોફામાં દુઃખાવો થતા પ્રથમ તા.૦૩/ ૦૯/ ૨૦૨૪ના રોજ રાજકોટ સેન્ચ્યુરી હોસ્પિટલ અને સમર્પણ હોસ્પિટલ ખાતે કેન્સરનું નિદાન થતા, છેલ્લે કોકીલાબેન ધીરૂભાઈ અંબાણી હોસ્પિટલ મુંબઈ ખાતે દાખલ થઈ તા. ૧૭/ ૦૯/ ૨૦૨૪ના રોજ કેન્સરનું ઓપરેશન કરાવી તા. ૨૪/ ૦૯/ ૨૦૨૪ સુધી સારવાર મેળવી ડિસ્ચાર્જ થયેલ. જે સંબંધનો કુલ સારવાર ખર્ચ રૂા.૯,૪૨,૧૦૭/- થયેલ.આથી પ્રતાપસિંહે સારવાર ખર્ચની કેર હેલ્થ ઈન્સ્યુરન્સ કું. લી. સમક્ષ માંગણી કરતા સામાવાળા વીમા કંપનીએ તા. ૨૪/ ૦૯/ ૨૦૨૪ના રેપ્યુર્ડ લેટરથી વીમાધારકની અગાઉની સારવારના પેપર્સ રજુ કરેલ નથી અને સારવારમાં વિસંગતતા રહેલ હોવાનું પોલિસીની શરતોનું ખોટું, ભુલભરેલું અર્થઘટન કરી રકમ ચુકવવા ઈનકાર કર્યો હતો. આથી વીમાધારક પ્રતાપસિંહ ખેરડીયાએ રાજકોટ જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ કમિશન સમક્ષ ફરીયાદ દાખલ કરી હતી.

સદરહુ કામમાં ફરીયાદી તરફે એવી રજુઆત કરવામાં આવેલ કે વીમા કંપની દ્વારા ક્લેઈમ ચુકવવા ઈનકારી કરવા માટેના કારણો અને બચાવ યોગ્ય અને વ્યાજબી નથી, સામાવાળાની અપ્રમાણીક અને સેવામાંની ખામી હોવાનું માનવામાં આવે છે. આથી પોલિસી હેઠળ વીમા કવર રૂા.૫ લાખનું માંગવા મેળવવા ફરીયાદી હકકદાર છે.

ઉપર મુજબની દલીલ ધ્યાને લઈ રાજકોટ જિલ્લા ગ્રાહક કરાર નિવારણ આયોગ દ્વારા ફરીયાદીની ફરીયાદ ખર્ચ સાથે મંજુર કરી સામાવાળા વીમા કંપનીએ ફરીયાદીને રૂા. ૫ લાખ અરજી દાખલ તારીખથી બે માસમાં રકમ વસુલ મળતા સુધી ૬ ટકાના ચડતા વ્યાજ સાથે ચુકવવા, જો બે માસમાં રકમ ચૂકવવામાં કસુર કરે તો ૯ ટકા વ્યાજ લેખે મળી થતી કુલ રકમ ફરીયાદી મેળવવા હકકદાર રહેશે તેમજ ખર્ચ પેટે રૂા.૫,૦૦૦/- પણ ફરીયાદીને ચુકવવાનો હુકમ કર્યો છે. આ કામમાં ફરીયાદી વતી વકીલ વિપુલ આર. ભટ્ટ, મહીપતસિંહ બી. પરમાર અને અતુલસિંહ ભાટી રોકાયા હતા.

# રૈયાધાર મફતિયાપરા વિસ્તારમાંથી ચોરાઉ બાઈક સાથે બેલડીની ધરપકડ

## રામાપીર ચોકડી પાસેથી બાઈક ચોરી કર્યાની કબુલાત, ૨૫૦૦૦નો મુદ્દામાલ કબજે

**અબતક, રાજકોટ**

શહેરના યુનિવર્સિટી પોલીસ મથક વિસ્તારની બાઈક ચોરીનો ભેદ ઉકેલ્યો છે. જેમાં શહેરના રૈયાધાર મફતિયાપરા વિસ્તારમાંથી ચોરાઉ બાઈક સાથે બેલડીની ધરપકડ કરી રૂપિયા ૨૫,૦૦૦ નો મુદ્દામાલ કબજે કર્યો છે. વધુ વિગત મુજબ શહેરમાં વણઉકેલ ગુનાઓનો ભેદ ઉકેલવા શહેર પોલીસ કમિશનર બ્રજેશ કુમાર ઝા દ્વારા આપેલી સૂચનાને પગલે યુનિવર્સિટી પોલીસ મથકના પીઆઈ એચ એન પટેલ સહિતના સ્ટાફ દ્વારા પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું હતું ત્યારે શહેરના નાણાવટી ચોક આવાસ યોજનામાં રહેતો ઉમેશ દિનેશ વાઘેલા અને રામાપીર ચોકડી પાસે રાણીમાં રૂડીમાં ચોક નજીક ઈન્દિરા નગરમાં રહેતો કિરણ રમેશ સોલંકી સહિત બંને સક્ષો



ચોરાવ બાઈક સાથે શંકાસ્પદ હાલતમાં રખડતા હોવાની હેડ કોન્સ્ટેબલ વીરદેવસિંહ જાડેજા અને કોન્સ્ટેબલ દિવ્યરાજસિંહ જાડેજાને મળેલી બાતમીના આધારે ડી સ્ટાફના પી.એસ.આઈ વીજી ડોડીયા સહિતના સ્ટાફ દ્વારા રેયાધાર મફતિયા પરા પાસે વોચ ગોઠવી હતી ત્યારે ઉપરોક્ત નામના બંને શખસ નીકળતા તેની પૂછપરછ કરતા રૈયાધાર પાણીના ટાંકા પાસે આંગણવાડીની બાજુમાં રામાપીર ચોકડી પાસેથી બાઈક ચોરી કરી મચ્છોનગર ટાઉનશિપ નજીક ગારબેજ કંપની સામે મૂકી દીધાની કબુલાત આપતા બંનેની અટકાયત કરી રૂપિયા ૨૫,૦૦૦ નો બાઈક કબજે કરી ધોરણ સરની કાર્યવાહી હાથ ધરી છે.

# કુવાડવા રોડ પરથી ક્રિકેટ સટ્ટો રમતો નીતિન જાદવ ઝડપાયો

**અબતક રાજકોટ**

શહેરના કુવાડવા રોડ પર આવેલા ડી માર્ટ વાળી શેરીમાં આવેલા આઝાદ ચંદ્રશેખર ગાર્ડનની દિવાલ પાસે એક શખ્સ તેના મોબાઈલમાં ક્રિકેટ મેચ પર સટ્ટો રમી રહ્યો હોવાની બાતમી પી સી બીની ટીમને મળી હતી.બાતમીના પગલે પી સી બી ની ટીમ ડી માર્ટ વળી શેરીમાં પહોંચી શખ્સને ઝડપી લઈ, તેની પાસે રહેલો મોબાઈલ ચેક કરતા Royalexch. com નામની આઈ ડી ICC MEN s T -20 WORLD CUP ક્રિકેટ મેચમાં ઝિમ્બાબ્વે દ્દત ઓમાન વચ્ચે ચાલતી લાઈવ ક્રિકેટ મેચ ઉપર રનફેરના સોદાઓ કરી પૈસાની હર જીત કરતો હતો. પોલીસે નવાગામ આણંદપર બસ સ્ટેન્ડ પાછળ આવેલી ગ્રામ પંચાયતની ઓફિસ પાસે રહેતો નિતીન માનસંગભાઈ જાદવ નામના શખ્સને મોબાઈલ સાથે પી સી બી પી એસ આઈ પી બી ત્રાજિય, હેડ કોસ્ટેબલ કિરતસિંહ ઝાલા અને કોસ્ટેબલ વાલજીભાઈ જાડા સહિતના સ્ટાફે ધરપકડ કરી છે.

# માલીયાસણ ગામેથી વિદેશી દારૂની ૯૩ બોટલ સાથે પોપટ કિશલા ઝડપાયો

**અબતક રાજકોટ**

શહેરી ભાગોળે આવેલા માલીયાસણ વિસ્તારમાં પી સી બી ની ટીમ પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન તેઓને બાતમી મળી હતી કે, માલીયાસણ ગામે આવેલા રામ પાર્ક હનુમાનજીના મંદિર પાસે એક શખ્સ વિદેશી દારૂના જથ્થા સાથે ઉભો છે. બાતમીના પગલે પી સી બીની ટીમ હનુમાનજીના મંદિર પાસે પહોંચી, માલીસણ ગામે આવેલા રામ પાર્ક હનુમાનજીના મંદિર પાસે રહેતો પોપટ કિશલા નામના શખ્સને વિદેશી દારૂની ૯૩ બોટલ સાથે પી સી બી પી એસ આઈ પી બી ત્રાજિયા, હેડ કોન્સ્ટેબલ કુલદીપસિંહ જાડેજા અને કોન્સ્ટેબલ વિશાલભાઈ દવે એ ઝડપી લીધો છે.

# રેલનગરમાં પ્રૌઢનો ગળાફાંસો ખાઈ જીવન ટૂંકાવી લીધું

## રેસ્ટોરન્ટમાં કૂક તરીકે નોકરી કરતા નેપાળી આધેડે આપઘાત કર્યો, લાશ ૨૪ કલાકથી વધુ સમય લટકતી રહી

**અબતક, રાજકોટ**

શહેરના રેલનગર વિસ્તારમાં આવેલા સંતોષીનગરમાં હ્રદયદ્રાવક ઘટના પ્રકાશમાં આવી છે, જેમાં એક નેપાળી પ્રૌઢે ગળાફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું છે. પત્ની અને પાંચ સંતાનો અલગ રહેતા હોવાથી ઘરકંકાસ અને માનસિક તણાવને કારણે આ પગલું ભર્યું હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે. મૃતદેહ લાંબો સમય લટકતી હાલતમાં રહેતા કોહવાઈ ગયો હતો, જેને પગલે ફોરેન્સિક પોસ્ટમોર્ટમની કાર્યવાહી કરવામાં આવી હતી.મળતી માહિતી મુજબ, સંતોષીનગરની એ.કે. બેકરી પાસે ભાડાના મકાનમાં રહેતા લોકબહાદુર ભૂધા (ઉં.વ. ૪૭) ગઈકાલે સાંજે ૭ વાગ્યાની આસપાસ પોતાના રૂમમાં લટકતી હાલતમાં મળી આવ્યા હતા. પડોશમાં રહેતા લોકોને અસહ્ય દુર્ગંધ આવતા તેઓએ તુરંત પોલીસને જાણ કરી હતી. પ્રદ્યુમન નગર પોલીસનો સ્ટાફ ઘટનાસ્થળે દોડી ગયો હતો અને ૧૦૮ના ઈએમટી કિશનભાઈ મહેતાએ તેમને મૃત જાહેર કર્યા હતા. પ્રાથમિક પૂછપરછમાં જાણવા મળ્યું છે કે, લોકબહાદુર ચાઈનીઝ-પંજાબી રેસ્ટોરન્ટમાં કૂક તરીકે નોકરી કરતા હતા. તેમને સંતાનમાં ૩ દીકરા અને ૨ દીકરી છે. જોકે, છેલ્લા બે મહિનાથી તેમની પત્ની અને પાંચેય સંતાનો રેલનગરના જ અન્ય એક એપાર્ટમેન્ટમાં અલગ રહેવા જતા રહ્યા હતા. પરિવારથી વિખૂટા પડ્યા બાદ તેઓ સતત તણાવમાં રહેતા હતા, જેના કારણે આ આત્મઘાતી પગલું ભર્યું હોવાનું મનાય છે. ઘટનાની જાણ થતા જ નેપાળી સમાજના પ્રમુખ સંજયરાજ કારકી સિવિલ હોસ્પિટલ દોડી આવ્યા હતા. કયા કારણોસર આપઘાત કર્યો તે દિશામાં પોલીસે તપાસ હાથ ધરી છે. આ બનાવથી મૃતકના પરિવારમાં ઘેરો શોક વ્યાપી ગયો છે.

# નાના મવા વિસ્તારમાંથી સગીરાને ઉઠાવી જનાર બાળ કિશોર ઝડપાયો

## લગ્નની લાલચે પરિચિત શખ્સ ૨૦ દિવસ પૂર્વે ભગાડી ગયો'તો : એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ યુનિટે અગાઉ સગીરાને થાનગઢ ખાતેથી શોધી લીધી'તી

**અબતક, રાજકોટ**

નાના મવા વિસ્તારમાંથી ૨૦ દિવસ પૂર્વે લાપતા થયેલી ૧૭ વર્ષીય સગીરાને એન્ટી હ્યુમન ટ્રાફિક યુનિટની ટીમે અગાઉ થાનગઢમાંથી શોધી કાઢી પરિવાર સાથે મિલન કરાવ્યું હતું. જ્યારે લગ્નની લાલચે ભગાડી જનાર બાળ કિશોરને પણ હવે દબોચી લઈ કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.

તાજેતરમાં સગીરાના અપહરણના ગુનામા સંડોવાયેલ આરોપી તેમજ ભોગ બનનારને શોધી કાઢવા પોલીસ કમિશનર અને ડીસીપી ક્રાઈમ દ્વારા કરાયેલા આદેશના પગલે શહેર એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ યુનિટ દ્વારા અપહરણના ગુનામાં ભોગ બનનાર સગીરાને ચોટીલાના થાનગઢ પંથક માંથી શોધી કાઢી હતી જ્યારે નાસી છૂટેલા આરોપી યુવકને ઝડપી લેવા ચક્રો ગતિમાન કર્યા હતા.

પોલીસ સુત્રોમાંથી મળતી વિગતો મુજબ રાજકોટ પેરોલ ફર્લો સ્કવોડના પીઆઈ બી એમ ઝણકાતની સુચનાથી પીએસઆઈ બી વી ચુડાસમા, હેડ કોન્સ્ટેબલ જીગ્નેશ મારું, હસમુખભાઈ વાછાણી અને કોન્સ્ટેબલ હરસુખભાઈ બાલધા સહિતની ટીમે ટેકનિકલ સોર્સની મદદથી તાજેતરમાં તાલુકા પોલીસ મથકના સગીરાના અપહરણના ગુનામાં ભોગ બનનાર તેમજ આરોપીને ઝડપી લેવા ટેકનિકલ સોર્સની મદદથી ચક્રો ગતિમાન કર્યા હતા.

તે દરમિયાન હકીકત મળી હતી કે આરોપી અને ભોગ બનનાર સગીરા બંને ચોટીલાના થાનગઢ ગામે છે. જેના પગલે પીએસઆઈ બી વી ચુડાસમા, એએસઆઈ અજય શુકલા, જયોતિબેન બાબરીયા સહિતની ટીમ થાનગઢ ખાતે દોડી ગઈ હતી. પોલીસ પહોંચે તે પૂર્વે આરોપી શખ્સ નાસી છૂટવામાં સફળ રહ્યો હતો, જ્યારે ભોગ બનનાર સગીરા મળી આવતા તેને રાજકોટ ખાતે લાવી તેના પરિવારજનોને સોંપવામાં આવી હતી.

બાદમાં એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ યુનિટની ટીમે તપાસ યથાવત રાખી સગીરાને ઉઠાવી જનારની શોધખોળ શરૂ કરી હતી. દરમિયાન ભગાડી જનાર બાળ કિશોર રાજકોટ પહોંચતા જ બસ સ્ટેન્ડ નજીકથી દબોચી લેવાયો હતો અને વધુ તપાસ અર્થે તાલુકા પોલિસના હવાલે કરાયો હતો. આ અંગેની કામગીરીમાં પીઆઈ બી એમ ઝણકાટ, પીએસઆઈ બી.વી ચુડાસમા, એએસઆઈ, અજયભાઈ શુક્લા, હેડ કોન્સ્ટેબલ જીગ્નેશ મારું, હસમુખભાઈ વાછાણી, હરસુખભાઈ બાલધા, કોન્સ્ટેબલ મહેશભાઈ પ્રસાદ, એલઆરડી જ્યોતિબેન બાબરીયા અને કોન્સ્ટેબલ સૂર્યકાન્તભાઈએ કરી હતી.

# કોમ્યુનિટી હોલનું બુકીંગ હવે ૬ મહિના પહેલા કરાવી શકાશે



## બુકીંગ રદ્ કરવાના કિસ્સામાં રિફંડના નિયમમાં પણ ફેરફારઃ તારીખ બદલવાની પણ સુવિધા મળશે

**અબતક, રાજકોટ**

રાજકોટમાં વસતા નાગરિકો પોતાના ઘરે આવતા નાના-મોટા પ્રસંગોની ઉજવણી કરી શકે તે માટે કોર્પોરેશન દ્વારા શહેરના અલગ-અલગ વિસ્તારોમાં કોમ્યુનિટી હોલ બનાવવામાં આવ્યા છે. જેનું એડવાન્સ બુકીંગ ઓનલાઇન પ્રક્રિયાથી થાય છે. વર્તમાન જે નિયમો અમલમાં છે તેમાં ૧-એપ્રિલથી મોટાપાયે ફેરફાર કરવામાં આવશે. સ્ટેન્ડિંગ કમિટી દ્વારા આજે મંજૂર કરવામાં આવેલા બજેટમાં કોમ્યુનિટી હોલના બુકીંગ માટેના નિયમો સરળ બનાવવામાં આવ્યા છે. હાલ વધુમાં વધુ ૯૦ દિવસ પહેલા લગ્નપ્રસંગ માટે કોમ્યુનિટી હોલનું બુકીંગ થઇ શકે છે. નવા નાણાકીય વર્ષથી હવે શહેરીજનો ૧૮૦ દિવસ અર્થાત ૬ મહિના પહેલા લગ્નપ્રસંગ માટે કોમ્યુનિટી હોલનું બુકીંગ કરાવી શકશે. જ્યારે અન્ય પ્રસંગો માટે હાલ જે ૩૦ દિવસ પહેલા બુકીંગની સમય અવધિ છે તે વધારીને ૯૦ દિવસ કરવામાં આવ્યા હોવાની જાહેરાત સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન જયમીન ઠાકર દ્વારા કરવામાં આવી છે.

તેઓએ ઉમેર્યું હતું કે કોમ્યુનિટી હોલના બુકીંગ રદ્ કરાયા બાદ રિફંડના નિયમોમાં પણ સરળીકરણ કરવામાં આવ્યું

(અનુ. આઠમા પાને)

### મહિલા સુરક્ષિત સફર યોજનાઃ રૂ.૧૦૦૦ના પાસમાં સિટી બસ અને બીઆરટીએસમાં આખું વર્ષ મુસાફરી કરી શકશે

#### પિન્ક બસમાં માતા સાથે ૧૨ વર્ષની ઉંમર સુધીના બાળકને ફ્રી મુસાફરીની સુવિધા

સ્ટેન્ડિંગ કમિટી દ્વારા આજે મંજૂર કરવામાં આવેલા બજેટમાં મહિલા સુરક્ષિત સફર યોજના જાહેર કરવામાં આવી હતી. આ યોજના હેઠળ તમામ મહિલા મુસાફરો વાર્ષિક રૂ.૧૦૦૦ના નજીવાદરે કોર્પોરેશન સંચાલિત સિટી બસ અને બીઆરટીએસ બસ સેવામાં કોઇપણ રૂટમાં મુસાફરી કરી શકશે. આગામી ૧-એપ્રિલથી આ યોજનાનો લાભ મળતો થઇ જશે. જેના માટે પાસ કઢાવવા અરજી કરવાની રહેશે. આ યોજના હેઠળ શહેરના ત્રણેય ઝોન વાઇઝ ત્રણ સિટી બસ રૂટ પર ખાસ પિન્ક બસ ફક્ત મહિલા મુસાફરો માટે શરૂ કરવામાં આવશે. જેમાં ડ્રાઇવર અને કંડક્ટર પણ મહિલા હશે. યોજના અંતર્ગત મુસાફરી કરનાર મહિલાએ પોતાનું આઇકાર્ડ તથા મુસાફરી પાસ રજૂ કરવાનો રહેશે. પિન્ક બસમાં માતા સાથે ૧૨ વર્ષની ઉંમર સુધીના બાળકોને ફ્રી મુસાફરીનો લાભ આપવામાં આવશે.

### ઇન્ચાર્જ સેક્રેટરી ધવલ જેસડીયાની ટીમની અથાગ મહેનત રંગ લાવી



#### માત્ર ચાર દિવસમાં બજેટનો અભ્યાસ પુરો કરી નવી યોજનાના ઉમેરોમાં સિંહફાળો આપ્યો

રાજકોટ મહાનગરપાલિકાના ઇન્ચાર્જ સેક્રેટરી ધવલભાઈ જેસડીયા સહિતની સેક્રેટરી બ્રાન્ચની ટીમે બજેટ તૈયાર કરવામાં કરેલી અથાગ મહેનત રંગ લાવી છે. મ્યુનિસિપલ કમિશનરે રજૂ કરેલા ડ્રાફ્ટ બજેટ પર સ્ટેન્ડિંગ કમિટીએ માત્ર ચાર દિવસઊંડાણપૂર્વકનો અભ્યાસ કરી આજે પાંચમાં દિવસે બજેટને બહાલી પણ આપી દીધી છે. જેમાં ઇન્ચાર્જ સેક્રેટરી ધવલ જેસડીયાનો સિંહ ફાળો રહ્યો છે. કોર્પોરેશનની આવકમાં કેવી રીતે વધારો થાય અને ખર્ચમાં કેવી રીતે કેવી રીતે ઘટાડો થાય તે માટે ઇન્ચાર્જ સેક્રેટરી દ્વારા સતત પ્રયાસો કરવામાં આવ્યા હતા.જેના પરિણામે બજેટ નવા કરબોજ વિહોણું અને લોકાનુભાવન રહ્યું છે. સેક્રેટરી બ્રાન્ચમાં નિયુક્તિ બાદધવલ જેસડિયાના કાર્યકાળનું ત્રીજું બજેટ છે. જયારે ઇન્ચાર્જ સેક્રેટરી તરીકે બીજું બજેટ છે. સરળ અને પારદર્શક વહિવટને તેઓ વધુ પ્રધાન્ય આપે છે. કમિશનર બ્રાન્ચ સાથે પણ તેઓ સફળ સંકલન કરી રહ્યા છે.

# ન્યૂ રાજકોટમાં નવું શોપિંગ સેન્ટર - મોડર્ન ફૂડ ઝોન બનશે



## શોપિંગ સેન્ટરના નિર્માણથી કોર્પોરેશનને ૮૦ કરોડની આવક થવાનો અંદાજઃ મવડીમાં ફૂડ ઝોન બનાવવાની જાહેરાત

**અબતક, રાજકોટ**

વેસ્ટ ઝોન વિસ્તાર અર્થાત્ ન્યૂ રાજકોટમાં કોર્પોરેશન દ્વારા સેકન્ડ રિંગ રોડ પર આધુનિક સુવિધાઓથી સજ્જ શોપિંગ સેન્ટર બનાવવામાં આવશે. જ્યારે વોર્ડ નં.૧૧માં મવડી વિસ્તારમાં પીપીપીના ધોરણે મોડર્ન ફૂડ કોર્ટનું નિર્માણ કરાશે.

નવા નાણાકીય વર્ષમાં સેકન્ડ રિંગ રોડ વિસ્તારમાં શોપિંગ સેન્ટરનું નિર્માણ કરવામાં આવશે. ત્યારબાદ આ શોપિંગ સેન્ટરમાં બનાવવામાં આવેલી દુકાન અને ઓફિસોનું વેંચાણ કરવામાં આવશે. જમીનનું સીધુ વેંચાણ કરવા કરતા આ યોજનાથી કોર્પોરેશનને મોટો આર્થિક ફાયદો થશે. આ શોપિંગ સેન્ટરના નિર્માણ માટે અંદાજે ૨૫ કરોડનો ખર્ચ થશે.

જેની સામે ઓફિસો અને દુકાનોના વેંચાણથી ખર્ચની રકમ બાદ કરતા કોર્પોરેશનને ૮૦ કરોડની આવક થવાનો અંદાજ સ્ટેન્ડિંગ કમિટી દ્વારા બજેટમાં રાખવામાં આવ્યો છે.

આ ઉપરાંત વોર્ડ નં.૧૧માં ટીપી સ્કિમ નં.૨૬ (મવડી)ના ફાઇનલ પ્લોટ નં.૩/એ ૧૮ મીટરના ધોરણે પીપીપીના ધોરણે નાગરિકો માટે આધુનિક સુવિધાથી સજ્જ મોડર્ન ફૂડ કોર્ટ બનાવવામાં આવશે.

આ ફૂડ ઝોન આશરે ૮૦૧૭ ચો.મી. વિસ્તારમાં વિકસાવવામાં આવશે. જેમાં ગ્રાઉન્ડ ફ્લોર પર ૫૦૦૮ ચો.મી. વિસ્તારમાં ૨૮ સ્ટોલ, ૧૦૦૦ ચો.મી. ખુલ્લી જગ્યા રહેશે. પ્રથમ માળે ૧૦ સ્ટોલ અને ઓપન સ્કાય ડાઇનીંગની સુવિધા રહેશે. સમગ્ર પ્રોજેક્ટ હેઠળ ૯૦૦ નાગરિકોની ક્ષમતા સાથેનું ફૂડ ઝોન નિર્માણ પામશે. જેમાં ૧૪૦ ટુ વ્હીલર અને ૬૦ ફોર વ્હીલર માટે વ્યવસ્થા કરાશે. લેડીઝ અને જેન્ટ્સ ટોયલેટની સુવિધા ઉપલબ્ધ હશે.

### વોર્ડ નં.૧૨માં વાવડી વિસ્તારમાં બનશે સ્વીમીંગ પુલ

શહેરના વેસ્ટ ઝોનના વોર્ડ નં.૧૨માં વાવડી વિસ્તારમાં નાગરિકો માટે પીપીપી ધોરણે સ્વીમીંગ પુલ બનાવવામાં આવશે તેવી જાહેરાત આજે બજેટ મંજૂરી દરમિયાન સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન જયમીન ઠાકરે કરી હતી. સ્વીમીંગ પુલમાં વિવિધ સુવિધાઓ પણ વિકસાવવામાં આવશે. જેમાં ૧૦ લેન ધરાવતો આધુનિક મુખ્ય સ્વીમીંગ પુલ, બાળકો માટે અલગથી સલામત અને સુવિધા સ્વીમીંગ પુલ, ચેન્જીંગરૂમ, સાવર રૂમ, લાઇફ ગાર્ડ વ્યવસ્થા તથા જરૂરી સહાયક સુવિધાઓ રહેશે. આંતરરાષ્ટ્રીય ધોરણ મુજબ સલામતી અને જાળવણીની વ્યવસ્થા કરવામાં આવશે. પીપીપી મોડેલ આધારિત આ સ્વીમીંગ પુલમાં કોર્પોરેશન દ્વારા માત્ર જમીન આપવામાં આવશે. જયારે ખાનગી ભાગીદારી ડિઝાઇન નિર્માણ સંચાલન અને જાળવણી કરવાની રહેશે.


# મેરેજ રજીસ્ટ્રેશનની પ્રક્રિયા ઓનલાઇન કરાશેઃ ટીપી-ટેક્સ બ્રાન્ચનું મોનિટરીંગ થશે

### સ્માર્ટ સિટીમાં અટલ સરોવર પાસે 'નમોવન'નું કરાશે નિર્માણ

શહેરના સ્માર્ટ સિટી વિસ્તારમાં અટલ સરોવર અને ન્યૂ રેસકોર્ષ પાસે રૈયા ટીપી સ્કિમ નં.૩૨ના પ્લોટ નં.૮૯ના અંદાજીત ૨૨૭૪૨ ચોરસ મીટર વિસ્તારમાં નમોવન બનાવવામાં આવશે. જેમાં મિયાંવાકી પદ્ધતિથી જંગલ વિકસાવવામાં આવશે. જેમાં ૫૧,૦૦૦થી વધુ વૃક્ષોનું વાવેતર કરવામાં આવશે. ભવિષ્યમાં આ વન શહેરના હરિત ફેફ્સા તરીકે સાબિત થશે. શહેરીજનોને કુદરતનું અપૂર્વ સાંનિધ્ય સાથે ઓક્સિજનથી ભરપૂર વાતાવરણ મળશે.

**અબતક, રાજકોટ**

હાલ કોર્પોરેશનમાં મેરેજ રજીસ્ટ્રેશન માટે ઓનલાઇન સુવિધા નથી જેના કારણે યુગલોએ ભારે હાલાકીનો સામનો કરવો પડે છે. હવે આગામી દિવસોમાં લગ્ન નોંધણી પ્રમાણપત્રની અરજી પ્રક્રિયા ઓનલાઇન કરવામાં આવશે. જેના કારણે નવપરિણીતોને કલાકો સુધી લાઇનમાં બેસી રહેવાની પળોજણમાંથી મુક્તિ મળશે. આ સુવિધામાં અરજદારોને એક ચોક્કસ સમય આપવામાં આવશે તે સમયે કચેરીએ રૂબરૂ આવવાનું રહેશે. અરજી મંજૂર થયા બાદ તરંત લગ્નનોંધણી પ્રમાણપત્ર આપી દેવામાં આવશે. આ સુવિધાનો લાભ લેવા માટે કોર્પોરેશનની વેબસાઇટ પર અરજી કરી શકાશે.



બજેટમાં ટીપી તથા વેરા વસૂલાત શાખાના અસરકારક મોનિટરીંગની પણ જાહેરાત કરવામાં આવી છે. ટાઉન પ્લાનિંગ શાખા તથા ટેક્સ બ્રાન્ચની રોજબરોજની કામગીરી તથા બજેટમાં સૂચવ્યા મુજબના લક્ષ્યાંકને પહોંચી વળવા તથા આવકના નવા સ્રોતનું મોનિટરીંગ કરવા માટે આ યોજના મુકવામાં આવી છે.

### સિનિયર સિટીઝનોના નામે વૃક્ષોનું વાવેતર કરશે કોર્પોરેશન

ચાલુ નાણાકીય વર્ષમાં કોર્પોરેશન દ્વારા નવા બાળકના જન્મ સાથે વૃક્ષનું વાવેતર કરવામાં આવે છે. હવે નવા નાણાકીય વર્ષમાં મહત્વપૂર્ણ જાહેરાત કરવામાં આવી છે. જેમાં ૬૦ વર્ષથી વધુની વય ઉપરના તમામ વરિષ્ઠ નાગરિકોના નામે વૃક્ષોનું વાવેતર કરવામાં આવશે. જેનાથી પર્યાવરણ પ્રત્યેની જાગૃતિ વધશે અને ગ્રીન કવરમાં પણ વધારો થશે. આ યોજના માટે બજેટમાં ૬ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.

હાલ કોર્પોરેશનની સેન્ટ્રલ ઝોન કચેરી ખાતે જ મેરેજ રજીસ્ટ્રેશનની કામગીરી કરવામાં આવે છે. જેના કારણે ૩૬૫ દિવસ કાયમી ધોરણે કચેરી ખાતે નવ યુગલોની લાંબી લાઇનો લાગેલી જોવા મળે છે. રજીસ્ટ્રેશન માટે વર અને કન્યાને બોલાવવાની કોઇ જ નિયમ ન હોય છતા અધિકારીઓ પોતાની મનમાની ચલાવી રહ્યા છે અને બંનેને બોલાવે છે. જેના કારણે મેરેજ રજીસ્ટ્રેશન માટે ભારે હાલાકીનો સામનો નવપરિણીતોએ કરવો પડે છે. હવે આ પ્રક્રિયા ઓનલાઇન થતા મોટી રાહત મળશે.



# પ્રથમ દિવ્યાંગ પાર્કની પણ ઘોષણાઃ રેસકોર્સ બ્યૂટીફિકેશન માટે ૧૦ કરોડની જોગવાઇ

### વોર્ડ લેવલે વોટર ઓડિટ થશે

શહેરમાં પ્રથમ વખત વોર્ડ લેવલે પાણીનું ઓડિટ થઇ શકે તેમજ પાણીનો વ્યેચ અટકે તે હેતુથી સ્માડા સિસ્ટમ અંતર્ગત ડિસ્ટ્રીબ્યૂશન લાઇનમાં ફ્લો મીટર બેસાડીને ઇસ્ટ ઝોનના કોઇ એક વોર્ડમાં આ પાયલોટ પ્રોજેક્ટ હાથ ધરવામાં આવશે. જેમાં વોટર ઓડિટ થઇ શકે અને બિનજરૂરી પાણીનો વેડફાટ અટકાવી શકાય તથા રિયલ ટાઇમીંગ વોટર સપ્લાયના ડેટાના આધારે પાણીની ફરિયાદોનું નિવારણ ઝડપથી કરાય તે માટે ૧ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.

## રેસકોર્સ સંકુલમાં આર્ટ ગેલેરી અને કલ્પના ચાવલા ગાર્ડનની બાજુમાં દિવ્યાંગ પાર્ક બનશે

**અબતક, રાજકોટ**

કૂદકે અને ભૂસકે વધી રહેલા રાજકોટમાં દિવ્યાંગોને પણ બાગ-બગીચાની સુવિધાઓ મળી રહે તે માટે કોર્પોરેશનના ભાજપના શાસકો ખાસ કરીને સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન જયમીન ઠાકરે સંવેદના વ્યકત કરતા આજે બજેટમાં શહેરના રેસકોર્ષ સંકુલમાં પ્રથમ દિવ્યાંગ પાર્ક બનાવવાની જાહેરાત કરી હતી. રેસકોર્ષ સંકુલ બ્યૂટીફિકેશન સાથે નવીનીકરણના કામ માટે રૂ.૧૦ કરોડની મહત્વપૂર્ણ જોગવાઇ કરવામાં આવી છે.

સ્ટે.ચેરમેન જયમીનભાઇ ઠાકરે જણાવ્યું હતું કે રેસકોર્ષ સંકુલમાં આર્ટ ગેલેરી અને કલ્પના ચાવલા મહિલા ગાર્ડન વચ્ચે શહેરનો પ્રથમ દિવ્યાંગ પાર્ક બનાવવામાં આવશે. રેસકોર્ષ શહેરની મધ્યમાં આવેલું છે અને તમામ લોકોના હૃદ્યમાં વસેલું છે. રેસકોર્ષ નવીનીકરણનો મુખ્ય ઉદ્દેશ સાથે સરળ, પરિવહન તમામ વર્ગના લોકો જેવા કે બાળકો, યુવાનો અને સિનિયર સિટીઝનોને સુવિધામાં વધારો થાય તે માટે રેસકોર્ષ બ્યૂટીફિકેશન માટે ૧૦

(અનુ. આઠમા પાને)

# નાના મવા બ્રિજ નીચે ગેમ ઝોન સાથે કાફેટેરીયા વિકસાવાશે

## શહેરીજનોને એક જ સ્થળે ફૂડ, મનોરંજનની સુવિધા મળી રહેશે

### મોહનભાઇ સરવૈયા કોમ્યુનિટી હોલનું રિનોવેશન થશે

વોર્ડ નં.૧૫માં ૮૦ ફૂટ રોડ પર આવેલા મોહનભાઇ સરવૈયા કોમ્યુનિટી હોલ આસપાસના વિસ્તારોના લોકો માટે આશિર્વાદરૂપ છે. અહિં લોકો પોતાના નાના-મોટા પ્રસંગની ઉજવણી કરે છે. આ કોમ્યુનિટી હોલ ખૂબ જ જુનો હોય તેના રિનોવેશન માટે બજેટમાં ૫૦ લાખની ફાળવણી કરવામાં આવીછે.

**અબતક, રાજકોટ**

સ્ટેન્ડિંગ કમિટી દ્વારા આજે મંજૂર કરવામાં આવેલા બજેટમાં નવી ૨૩ યોજનાઓની જાહેરાત કરવામાં આવી હતી. શહેરીજનોને મનોરંજન તથા ફૂડની સુવિધા એક જ સ્થળે મળી રહે તે માટે શહેરના ૧૫૦ ફૂટ રીંગ રોડ પર આવેલા નાનામવા સર્કલ સ્થિત ઓવરબ્રિજ નીચે પીપીપીના ધોરણે ગેમ ઝોન સાથે કાફેટેરીયા વિકસાવવાની જાહેરાત કરવામાં આવી છે.

આ અંગે વધુ માહિતી આપતા સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન જયમીનભાઇ ઠાકરે જણાવ્યું હતું કે ગેમ ઝોન સાથેના કાફેટેરીયામાં લાર્જ ફૂડ કોર્ટનો વિસ્તાર ૬૦૧ ચોરસ મીટર, સ્મોલ ફૂડ કોર્ટનો વિસ્તાર ૩૦૧ ચોરસ મીટર, લાર્જ ગેમ ઝોનનો વિસ્તાર ૬૦૧ ચોરસ મીટર અને સ્મોલ ગેમ ઝોનનો વિસ્તારમાં ૩૦૧ ચોરસ મીટરનો રહેશે. આ પ્રોજેક્ટ પીપીપીના ધોરણે હાથ પર લેવામાં આવશે. જેમાં કોર્પોરેશન માત્ર જમીન અને આધારભૂત સુવિધા જ ઉપલબ્ધ કરાવશે. ગેમ ઝોન અને કાફેટેરીયાની ડિઝાઇન, નિર્માણ,

(અનુ. આઠમા પાને)

### તમામ પબ્લીક ટોયલેટ અપગ્રેડ કરાશે નવા બ્રિજ માટે પાયલોટ સ્ટડી

સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા દ્વારા વર્ષ-૨૦૨૬/૨૦૨૭માં સ્વચ્છ ભારત મિશન-૨ તથા ૧૫માં નાણાપંચની ગ્રાન્ટમાંથી ૨૫ નવા પબ્લીક ટોયલેટ બનાવવામાં આવશે. જૂના જર્જરિત થઇ ગયેલા ટોયલેટ દૂર કરવામાં આવશે. પુરૂષો માટે, બાળકો માટે, દિવ્યાંગો માટે, ટ્રાન્સજેન્ડર માટે નવા પબ્લીક ટોયલેટ બનશે તેમજ સેનેટરી પેડ વેન્ડીંગ મશીનની સુવિધા હશે. જેના માટે બજેટમાં ૪ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. કોર્પોરેશનના હયાત વિસ્તાર અને નવા સમાવિષ્ટ થયેલા વિસ્તારોમાં ટ્રાફિકની સમસ્યા હલ કરવા માટે નવા બ્રિજ બનાવવાનું આયોજન કરવા ફિઝીબિલીટી સર્વે અને પાયલોટ સ્ટડી કરવામાં આવશે. જેના માટે બજેટમાં ૧ કરોડની જોગવાઇ કરાય છે.

